# અધ્યાત્મ

વર્ષ: ૧૮ અંક: ૬-૭ માર્ચ-એપ્રિલ: ૧૯૯૭



પ. પૂ. મહાત્મા શ્રીયોગેશ્વરજી

જન્મ: ૧૫ ઓગસ્ટ ૧૯૨૧ નિર્વાણ: ૧૮ માર્ચ ૧૯૮૪




યજમાન પરિવાર સાથે પૂ. મા
પાર્થ - પૂજા (નીચે)

જગદીપ, રમેશભાઈ, ભારતી, શારદાબેન અને નયના
(ઉભા છે)




હોલમાં મંચ ઉપર પૂ. માં મહાત્મા શ્રી યોગેશ્વરજીના સ્વરૂપ સાથે



શિબિરાર્થી ભાઈઓ હોલમાં



શિબિરાર્થી બહેનો હોલમાં



પ્રભાત ફેરી

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫–૦૦

વિદેશમાં રૂા. ૨૦૦–૦૦ (વિમાનથી)

(આ વિશેષ અંકના ભારતમાં રૂા. ૧૦–૦૦ અને પરદેશમાં રૂા. ૫૦–૦૦)

- **સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી–સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઇ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન **૪૨૫૮૧૧**
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી ૧, બોરડીગેટ, ભાવનગર–૧.


## લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

## 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં અંકની નકલો હશે તો જરૂર મોકલી આપવામાં આવશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૪ |
| સંદેશા | — | ૮ |
| સૂચના પત્ર | — | ૧૨ |
| દેવ્યાઆરાત્રિકમ્ | — | ૧૩ |
| શબ્દ વ્યૂહ સ્પર્ધા | — | ૧૪ |
| નવરાત્રિ જપયજ્ઞ શિબિર ઓગ્રેના (ટેક્ષાસ) | શ્રીસુરેશભાઇ શાહ, કેનેડા | ૧૮ |
| શિબિર અને એનું મહત્ત્વ શું? | સુરેશ ભક્ત–એલ. એ. અમેરિકા | ૩૦ |
| પૂ. મા એટલે શું? | આશા ભક્ત | ૩૨ |
| કલ્યાણનો પત્ર | કલ્યાણ | ૩૬ |
| જગતની સર્વોત્તમ શિબિર | પરમાર્થી | ૪૧ |
| ભાવાંજલિ | ધીરજબેન નાણાવટી, અમેરિકા | ૪૪ |
| વૃક્ષમાં બીજ તું | દશરથયાત્રી રાજુ | ૪૬ |
| Reflections of Some Sadhakas About this Shibir | — | ૫૨ |
| વિદેશના નાના ગામડામાં ઉત્સવ ઉજવવાનું સાહસ | અતિથિ | ૫૭ |
| પોલ બ્રન્ટનની ભગવાન રમણ મહર્ષિની મુલાકાતની પૂર્વભૂમિકા–(૨) | યોગેશ્વરજી | ૬૦ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૩ |

ૐ
યોગેશ્વરાય નમઃ

# * અર્પણ *

પરમ પૂજ્ય શ્રી ગુરુદેવ પ્રભુ !

'અધ્યાત્મ'નો આ અંક આપના ચરણકમળમાં પ્રણામ સાથે અર્પણ કરીએ છીએ.

આપની ઈચ્છા, આપની યોજના, આપની શક્તિ અને આપના આશીર્વાદથી અમારે આંગણે નવરાત્રિ શિબિરનો મંગલ મહોત્સવ ઉજવાયો.

આપે જ અમને નિમિત્ત બનાવ્યાં, પ્રેરણા ધરી. અમારી સત્કર્મયાત્રા આપે જ પ્રારંભ કરાવી! હવે આ અંકદ્વારા બીજું પુષ્પ આપની પૂજામાં અમે અર્પણ કરીએ છીએ.

સાથે પ્રાર્થના છે કે અમારા હાથે આપની કૃપાલક્ષ્મીનો આવા જ ધર્મકાર્યોમાં સદ્‌ઉપયોગ કરાવતા રહો, આશીર્વાદ વરસાવતા રહો !

ફરી ફરી અમારા સૌના પ્રણામ

લિ.
જગદીપ – નયના
રમેશભાઈ – શારદાબેન
પાર્થ – પૂજા
ઓઝોના, ટેક્ષાસ – યુ. એસ. એ.

# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

–મા સર્વેશ્વરી

વર્ષ : ૧૮ માર્ચ–૧૯૯૭ અંક : ૬


## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૨૬–૫–૮૧, મંગળવાર, વૈશાખ વદ સાતમ, ૨૦૩૭, સ્થળ : ૨, નરસિંહનગર, નારણપુરા, ચારરસ્તા, અમદાવાદ.**

સવારનો સમય પૂ. શ્રી પોતાના અતિનિયમિત નિત્યક્રમમાં વિતાવે છે. લેખનકાર્યમાં સાડા અગિયાર થઇ જાત પણ સવા અગિયારે પૂ. શ્રી તૈયાર થઇ જાય છે.

સાડા અગિયારે દાળ, ભાત, રસનું ભોજન લે છે. ત્યારબાદ વડોદરાથી આવેલા શ્રીજીતુભાઇ ગાંધીને પૂ. શ્રી બોલાવે છે તેમની સાથે વાતો કર્યા બાદ શ્રીબાબુભાઇ વોરા આવે છે. તેમની સાથે કોબા પાસે જે જમીન દાનમાં મળવાની વાત છે તેની વાત થાય છે. ત્યારબાદ આકાશવાણીમાં વાર્તાલાપ આપવાની વાત થાય છે. થોડો સમય પૂ. શ્રી બાબુભાઇને આપે છે. ત્યારબાદ આરામ.

થોડો આરામ કરી પૂ. શ્રી ફરી લેખનકાર્ય કરે છે. સાડા છ વાગ્યે દ્વાર ખૂલે છે. મુલાકાતીઓ આવીને બેઠા છે. આજે ખાસ પ્રશ્નો પૂછાતા નથી. જે પૂછાયા છે તેના ઉત્તરો અગાઉ આવી ગયા છે.

(૧) ઉપવાસ કરવાથી સાધનામાં કયી મદદ મળે? (આ પ્રશ્ન સુરતમાં પૂછાયો હતો જેથી નોંધ ન કરી.)

(૨) મૌનથી શો ફાયદો થાય? (વડોદરામાં પૂછાયો હતો.)

(૩) વૈદિક પૌરાણિક ને સરવાણિક મંત્રોમાં શ્રેષ્ઠમંત્ર કયો?

પૂ. શ્રી : વૈદિક, પૌરાણિક ને બીજમંત્ર (સરવાણીક તો કોઇ મંત્ર જ નથી) એમાં સૌથી શ્રેષ્ઠ મંત્ર કયો?

જે મંત્ર જપતી વખતે શાંતિ આપે તે શ્રેષ્ઠ. ઉત્તમમંત્ર તો એ કહેવાય જેનાથી જીવન ઉત્તમ બને. જે મંત્રો પ્રકૃતિ તરફ નહીં પણ પ્રભુ તરફ જ લઇ જાય તે શ્રેષ્ઠ મંત્ર.

ઘણા મંત્રો નોકરી, સંતાન, ધન, કેસમાં જીત મેળવવા જપાય છે તો એ બધા મંત્રો પ્રકૃતિ તરફ લઇ જનારા છે. પ્રભુ પ્રાપ્ત કરાવે તે શ્રેષ્ઠ મંત્ર ગણાય.

ત્યારબાદ પ્રવચનમાં અમદાવાદની જનતા લાભ લેતી નથી તેની ચર્ચા લગભગ એક કલાક ચાલી. અંતે સમય થતાં સૌ વિખેરાયા. પ્રસાદ લઇ વિદાય થયા.

પૂ. શ્રી સ્નાન કરી ખીચડીનું ભોજન લે છે. ત્યારબાદ લેખનકાર્ય કરી આરામ કરે છે.

સર્વેશ્વરી પણ દરરોજની જેમ પૂ. શ્રી સાથે ભોજન લઇ યજમાન પરિવારને ભજનો સંભળાવી થોડી વાતો કરી આરામ કરે છે.

**તા. ૨૭-૫-૮૧, બુધવાર, વૈશાખ વદ આઠમ, ૨૦૩૭, સ્થળ : ૨, નરસિંહનગર, નારણપુરા, ચારરસ્તા, અમદાવાદ.**

સવારે સ્નાનબાદ પૂ. શ્રી નિયમિત વ્યાયામ કરે છે. વ્યાયામ કરવા પલંગ પાસે નીચે શેત્રંજી હોય છે. તેનો ઉપયોગ કરે છે. વ્યાયામ પાછળ પૂ. શ્રી પોણો કલાક ગાળે છે. સૌથી વધુ સમય શીર્ષાસન પાછળ ગાળે છે. ત્યારબાદ ઝડપથી બીજો વ્યાયામ કરી લે છે.

વ્યાયામ બાદ ગીતાનો સંસ્કૃતપાઠ કરી લે છે. એ સંસ્કૃતપાઠ ખૂબ ઝડપથી મૌન રાખી કરી લે છે, કારણ લગભગ બધા જ શ્લોકો મોઢે જ હોય છે.

ગીતાપાઠ કર્યાબાદ નીચે શેત્રંજી પર બેસી જાય છે. ત્યારે ઘડીયાળમાં ૮ વાગી ગયા હોય છે. સર્વેશ્વરી બહાર મૂકાયેલું દૂધ લઇ આવે છે.

પૂ. શ્રીને જીવનની એક ચમચી આપવામાં આવે છે. ત્યાર પછી ઠંડુ ખાંડ નાંખેલું દૂધ પ્રોટીનેક્ષ ભેળવીને પૂ. શ્રી બે ગ્લાસ લે છે. દૂધ લીધા બાદ પાણીથી મોં સાફ કરી નાંખે છે. ત્યારબાદ લેખનકાર્ય શરૂ થાય છે.

આજે પૂ. શ્રી લોકોને ઉદ્વેગ—લોકોથી ઉદ્વેગ એ વિષય ઉપર નાનકડો લેખ લખે છે. ત્યારબાદ લેખનકાર્ય રામાયણનું શરૂ કરે છે. સર્વેશ્વરી પણ એક કલાક જપ કરી ડાયરીની નોંધ કરી લે છે. ત્યારબાદ સર્વેશ્વરી એક ભજન લખે છે. પૂ. શ્રી સાડા દશ સુધી લેખનકાર્ય કરી થોડો આરામ કરે છે.

સાડા અગિયાર વાગ્યે પૂ. શ્રીના મુખ્ય ઓરડાનું દ્વાર ખોલવામાં આવે છે. આ યજમાન પરિવારની એક મોટી દીકરી ઉપર આવી. પૂ. શ્રીના ભોજન માટે ખાલી થાળી, વાટકી, ચમચી વગેરે મૂકે છે. શ્રી કુસુમબેન કાંતિલાલ શુક્લ જેઓ પૂ. શ્રીનું ભોજન તૈયાર કરે છે, તે તૈયાર ભોજનની નાની નાની તપેલીઓ લઇને આવે છે. પૂ. શ્રીના ઓરડામાં જ ત્રણ પાટલા, બે આસનો મૂકવામાં આવે છે. જ્યાં ભોજન લેવાનું હોય છે ત્યાં સ્વચ્છતા ઉપર પૂરતું ધ્યાન અપાય છે. પૂ. શ્રી આજે દાળ, ભાત, શાક ને કેરીના રસનું ભોજન લે છે. સર્વેશ્વરી પણ દરરોજની જેમ પૂ. શ્રીની સાથે જ ભોજન લઇ લે છે.

ભોજનબાદ પૂ. શ્રી મુલાકાતરૂમમાં પલંગ પર બેઠા છે. સામે એક જ નાનકડો બાળક કેતન બેઠો છે. સર્વેશ્વરી કેતનને થોડા પ્રશ્નો પૂછે છે. જેમાંથી એ ૧૧ વરસનો નાનકડો કેતન ૨૫ બેઠક, પાંચ દંડ, પાંચ મિનિટ શીર્ષાસન કરે છે. વળી ૧ કલાક દરરોજ બેસીને ૨૪ માળા કરે છે તે જાણવા મળે છે.

ત્યાં વળી શ્રી બાબુભાઇ આવે છે જેથી ભાવસારભાઇ, ધ્યાનકેન્દ્રની તેમ જ આબુ જવાની વાતો થાય છે. તે પહેલાં આજે પૂ. શ્રીએ નોંધપોથીનું એક પાનું સર્વેશ્વરી પાસે વંચાવ્યું. આજે સાત ભાઇબેનો બેઠાં હતાં. સમય થતાં સૌ વિદાય થાય છે. પૂ. શ્રી લેખનકાર્ય કરે છે. સર્વેશ્વરી થોડા પત્રોના જવાબો લખાવે છે. ત્યારબાદ આરામ.

થોડો આરામ કરી ફરી પૂ. શ્રી લેખનકાર્ય ૫-૪૫ સુધી કરે છે. ત્યારબાદ સ્નાન કરી તૈયાર થઇ જાય

છે. બરાબર સાડા છ વાગ્યે દ્વાર ખૂલે છે. પૂ. શ્રી મુલાકાત ખંડમાં આવીને બેઠા છે. પાસે નાનકડું આસન નીચે છે. તેના પર સર્વેશ્વરી બેસે છે.

આજે આ ઘરનો યજમાન પુત્ર અમીત ચારેક ઇન્ડીપેન લાવે છે. પૂ. શ્રી એનું નામ પૂછે છે.

**અમીત :** નીટાચી.

**પૂ. શ્રી :** વીટામીન? (સૌ હસે છે.)

**અમીત :** નીટાચી.

ત્યાં વળી અહીંના યજમાન પુત્રનાં પત્ની આવે છે. તેને કાવ્યમાં રસ છે. એવું પૂ. શ્રીએ વાતમાં જાણી લીધું જેથી તેમને કાવ્ય સંભળાવવા પૂ. શ્રી ઇચ્છા વ્યક્ત કરે છે.

જેથી કાવ્યના કાગળો સર્વેશ્વરી લાવીને આપે છે. પણ ત્યાં તો ડૉ. દાણીએ ગંભીર પ્રશ્નની ચર્ચા શરૂ કરી. એમાં પૂ. શ્રીએ લગભગ પોણો કલાક એના પ્રત્યુત્તરમાં પૂરો કર્યો.

**પ્રશ્ન :** સહજ સમાધિ એટલે શું?

**પૂ. શ્રી :** ધ્યાનદ્વારા મળેલી સમાધિમાં જે અભેદભાવ અનુભવવા મળે અને જે આનંદ ને જે જાગૃતિ જોવા મળે છે તે જ અભેદભાવ, તે જ આનંદ ને તેવી જ જાગૃતિ સમાધિમાંથી જાગ્યા પછી પણ સતત અનુભવો તે સહજ સમાધિ. જાગૃતિમાં એ જ શાંતિ એ જ અનુભૂતિ અખંડ રહે તે સહજ સમાધિ. ચોવીસ કલાક બ્રહ્માકાર વૃત્તિ.

આ પ્રશ્નના ઉત્તર બાદ પૂ. શ્રી એક પોતાનું ગીત સંભળાવે છે :

(૧) એવા મંદિરને કરવું શું મારે,
જેમાં બધું પણ દેવ ના મળે.
આરાધના ના, આરતી ઉતારે,
પાવન પુષ્પો ના તમને ધરે.

(૨) ગમે ત્યારે જવા માટે ભવનથી તૈયાર.

આ શરીર એ ભવન છે. એમાંથી પ્રભુ જ્યારે કહે ત્યારે જવા માટે તૈયાર છું. અને જ્યાં જેવી રીતે રાખે તે રીતે રહેવા પણ તૈયાર છું. એ ભાવાર્થનું ગીત આજે જ ૬:૧૫ સાંજે લખ્યું તે પણ પૂ. શ્રી ગાઈ સંભળાવે છે.

ચર્ચા બધા પ્રશ્નોની થઇ પણ વાતાવરણ હળવું ન થયું જેથી સર્વેશ્વરી એક પ્રશ્ન પૂછે છે.

**સર્વેશ્વરી :** ગિરીશ ઘોષની જેમ મુખત્યારનામુ લખી આપે તો બ્રાહ્મી સ્થિતિ સહજ બને?

**પૂ. શ્રી :** અરે, સાંભળો વાત.

એક ટીંગળીયો (નાનો છોકરો) ને બીજો પીંગળીયો હતો. (સૌની હસાહસ વચ્ચે પૂ. શ્રી આગળ વાત ચલાવે છે) ટીંગળીયાને શેરડીનો રસ પીવાની ઇચ્છા થઇ. પીંગળીયો કહે જા, નીચે જઇને પી આવ. ટીંગળીયો પગથીયાં ઉતરીને રસવાળા પાસે જઇને બેઠો. રસવાળાને થયું કે આને રસ તો આપું પણ પૈસા આપશે કે? તો રસ પીને ટીંગળીયાએ પૈસા આપ્યા. રસ પીધાની તૃપ્તિ મેળવી ફરી ઉપર આવ્યો.

ત્યાં પીંગળીયો ઉપર બેઠેલો તેણે પણ તૃપ્તિનો ઓડકાર ખાધો. ટીંગળીયાને નવાઇ લાગી કે રસ તો મેં પીધો ને આ પીંગળીયો ક્યાંથી ધરાઇ ગયો. પીંગળીયાએ કહ્યું : મારી પણ રસ પીવાની ઇચ્છા હતી પણ હું નીચે ન આવ્યો. ત્યાં એક ભાઇ મારી પાસે આવ્યો મને રસ પીવા ઊંચકીને પહેલે માળ લાવ્યો. પછી તે ભાઇ જ થાક્યો. એટલે મને ત્યાં જ બેસાડી દીધો. ને મને રસ લાવીને પાયો. એટલે અહીં બેઠા બેઠા મેં રસનો સ્વાદ માણ્યો.

હવે જુઓ. ટીંગળીયાની જેમ પ્રભુના પ્રેમનો રસ પીવા પ્રયત્ન કરો. પ્રભુ પાસે યોગ્યતા પણ સાબિત કરો. અથવા પીંગળીયાની જેમ જ્યાં છો ત્યાં જ બેઠા બેઠા ભાવના જગાડો. મુખત્યારનામું લખી આપો. પોતાની ઇચ્છાને ઓગાળતા શીખો. પોતાનો

અહં, ગમો, અણગમો, ન રાખો. ગુરુ સંત કે ભગવંતમાં સમર્પણભાવ કેળવો. પૂર્ણ સમર્પણભાવ કેળવો. પણ એવો સમર્પણભાવ કેળવવો ખૂબ કઠિન છે. સમર્પણભાવ જોવો હોય તો મા સર્વેશ્વરી-માં જોઇ શકો છો.

(એમ કહી સર્વેસ્વરીનું સમર્પણ કેવું–ભોજન-ની બાબતમાં પણ, તેની વાત કરે છે.)

સર્વેશ્વરીને પણ બે પ્રસંગો કહેવાનું પૂ. શ્રી સૂચન કરે છે. એટલે સર્વેશ્વરી (વડોદરામાં પૂ. શ્રી સમય થતાં દ્વાર બંધ કરે છે તે અને ચિઠ્ઠીના નિર્ણયને કેવા સમર્પણભાવે વધાવી લેવામાં આવે છે, તેની વાતો કરે છે.)

ત્યારબાદ પૂ. શ્રી હરિઃ ૐ હરિઃ ૐ હરિઃ ૐ બોલીને સૌને ઉઠવાની, વિદાય થવાની સૂચના આપે છે. સૌ પ્રણામ કરી, પ્રસાદ લઇ છૂટા પડે છે.

આજે વીજળી બંધ છે જેથી નંદુભાઇ ઉપર કંઇક કામ માટે આવે છે. હજી સાંજના હળવા નાસ્તાની વાનગી ઉપર આવી નથી જેથી પૂ. શ્રીને નંદુભાઇ એકાદ પ્રશ્ન પૂછે છે. જેમાં પગપાળા બદરીકેદાર કે માનસરોવર જવાની વાતો ચર્ચાય છે.

પૂ. શ્રી નંદુભાઇને વિસ્તૃત સમજ આપતાં મુંબઇની શ્રી કાંતિભાઇ શાહની ઉદાર વૃત્તિની વાત કરે છે. શ્રી કાંતિભાઇ સાથે પૂ. શ્રીનો પાંચ જ વર્ષનો પરિચય છતાં કેટલાં સુખદ સ્મરણો સાથે તે વિદાય થયા તેની વાત પૂ. શ્રી કરે છે.

ત્યાં સુધીમાં નાસ્તાની સામગ્રી આવી જતાં પૂ. શ્રી ભોજન લે છે. જેમાં દૂધીનાં મૂઠીયાં ને દૂધનો સમાવેશ થાય છે. સાંજે પૂ. શ્રી આ જ રીતે ઘણુંખરું નાસ્તા જેવું જ ભોજનમાં લે છે. સર્વેશ્વરી પણ એ રીતે પૂ. શ્રીની સાથે જ નાસ્તો લઇ લે છે.

ત્યારબાદ આરામ. આજે વીજળી બંધને કારણે કશું લેખનકાર્ય ન થઇ શક્યું.

(ક્રમશઃ)

**રસ અને આનંદની સહજતા**

આત્માની અનુભૂતિ માટે જે જરૂરી લાગે તે સાધનાનો આધાર લેવો જોઇએ, પણ તેનો અર્થ જીવનને હાથે કરીને નીરસ ને ગંભીર બનાવી દેવું તેવો નથી. કોઇક વાર માણસ એવું માને છે તે જ્ઞાની તરીકે ઓળખાવા માટે બળજબરીથી મૌન ધારણ કરી, જીવનમાં કોઇ રસ કે આનંદ ન હોય, એવો દેખાવ રજૂ કરે છે. વિવેકી માણસે તેને આદર્શ માનીને ચાલવાની કે અનુસરવાની જરૂર નથી.

યોગેશ્વરજી

ઇલેક્ટ્રીક મોટર, સબમર્સીબલ, ઓઇલ એન્જીન મશીન તથા ખેતીવાડીને લગતા ઓજારો
તથા તેના સ્પેરપાર્ટસના છૂટક તથા જથ્થાબંધ વેપારી
સૌજન્ય : પૂજા એક્સપોર્ટસ
* જયંતીલાલ મોહનલાલ દઢાણીયા *
ખેતીવાડી એન્ડ ડીઝલ સ્પેર્સ,
એસ. ટી. સ્ટેન્ડ પાસે, ચીખલી. જિલ્લો : વલસાડ, પીનકોડ : ૩૯૬૫૨૧ (ગુજરાત)
ફોન નં. : ૨૩૫૯, ૨૪૫૯, ૨૫૫૯ : ફેક્સ : (૯૧) ૦૨૬૩૫૩–૨૪૫૯/૨૦૬૭

# સંદેશા

## લક્ષ્મીબેન–ઓસ્ટ્રેલીયા

**પરમ વંદનીય પૂ. મા સર્વેશ્વરી**

શ્રી ચરણોમાં સાષ્ટાંગ દંડવત પ્રણામ.

તમારું સ્મરણ સતત રહે છે પણ આપને મૌન હોવાના કારણે વાત થઇ શકતી નથી.

પૂ. માની દોરવણી હેઠળ શિબિરના આયોજનની ધામધૂમ અને ભક્તોના ઉત્સાહભેર આગમનના સમાચાર જાણીને આનંદ થયો. ત્યાંના પવિત્ર વાતાવરણમાં સૌ કોઇ આત્મોન્નતિના માર્ગે પ્રયાણ કરવાની શક્તિ મેળવશે એમાં શંકા નથી. અમે શિબિરની સફળતા માટે દૂર દૂર રહ્યાં પણ શુભેચ્છા સાથે પ્રાર્થના કરીએ છીએ.

શિબિરના આયોજક યુવાન દંપતિ શ્રી જગદીપભાઇ અને નયનાને તેમ જ તેમના માતાપિતાને ધન્ય છે. તેમની સાથે મદદમાં રહેનાર સર્વને ધન્ય છે.

શિબિરનાં અધિષ્ઠાત્રી પરમવંદનીય મા સર્વેશ્વરીની જ્વલંત જીવંત જ્યોત એના દિવ્યપ્રકાશમાં લાખોનાં જીવન ધન્ય બનાવે એવી પ્રાર્થના!

લિ. લક્ષ્મીબેન તથા પરિવારના ભાવભર્યા પ્રણામ.

*

## ગોવિંદભાઇ મકનજી ભક્ત–બ્રાઉન્સવીલ

બ્રહ્મલીન મહાત્માઓને કોટી કોટી વંદન!!!

**પરમ પૂ. મા સર્વેશ્વરી**

સાદર પ્રણામ!

અત્રે "મા જગદંબા"ની પુણ્યસ્મૃતિના મંગલ પર્વે સૌ. નયનાબેન તથા સૌ. શારદાબેનને પોતાના આંગણે નવરાત્રી જપ–યજ્ઞ.શિબિરનું આયોજન કરવાની પ્રેરણા અને ઉત્કંઠા પોતાના અંતરમાં જાગી, એ નિમિત્તે આપના સાન્નિધ્યમાં નિશ્ચિત કાર્યક્રમના નવ દિવસના ઉત્સવમાં અભિવૃદ્ધિ કરવા ભાવિક સાધક ભક્તજનોને પ્રેમભર્યું જાહેર આમંત્રણ આપવા ભાગ્યશાળી થયા છે. ધન્યવાદ!!! આશા છે કે દૂર દૂરથી સારી સંખ્યામાં ભાવિક–જિજ્ઞાસુ અને આપના પાવન દર્શનાતુર ભક્તજનો આ આમંત્રણને સ્વીકારી આ નવરાત્રી –જપયજ્ઞ શિબિરમાં ઉલટભેર ભાગ લેવા પધારશે.

આ પ્રસંગે ભક્તજનોના સંઘમેળામાં પુણ્યાત્માઓ સૂક્ષ્મદેહે હાજર રહેશે જ. ભૂતકાળમાં સંતોએ એવી આધારભૂત સાબિતી જાહેર જનતાને કરાવી છે. મારી અંતરની દૃઢ શ્રદ્ધા છે, કે પૂ. શ્રી યોગેશ્વરજી સૂક્ષ્મદેહે હાજર રહેશે.

ભૂતકાળમાં ઋષિકેશમાં નવરાત્રી પ્રસંગે "મા જગદંબાના દર્શનાતુર પૂ. શ્રીએ બાર દિવસના ઉપવાસ દરમ્યાન પૂ. માની અખંડ મૌન પ્રાર્થના કરી. પૂ. માને પ્રસન્ન કર્યાં. અને તૃષાતુર પૂ. શ્રીને માએ સ્વહસ્તે પયપાન કરાવ્યું. આ પ્રસંગની માહિતી આપને છે જ. આપે જ પૂ. શ્રીને ભાવતાં ભોજન કરાવ્યાં છે. સાથે સહભોજનની તૃપ્તિ માણી છે. પૂ. શ્રીની સંગતિમાં રહી જાહેર શિબિરોમાં આપે સ્વમુખે મધુર ગીતો ગાયાં છે. સૌને આનંદથી ભરી દીધા છે.

આવા પાવન પ્રસંગોના અધ્યયનનું સ્મરણ થયું. આ પાવન જપ–યજ્ઞ–શિબિરટાણે મારા હૃદય- માં આ પ્રસંગને અનુરૂપ અદ્‌ભુત પ્રેરણા જાગી છે. જે અત્રે રજૂ કરી ઋણમુક્ત થાઉં છું.

આ શિબિરને વધુ નવપલ્લવિત અને સફળ

બનાવવા અત્રે એકત્ર થયેલા ભાવિકોની જિજ્ઞાસાને સંતોષવા આપ પોતે પૂ. શ્રી યોગેશ્વરજીની પ્રણાલિકા અને તેમના આદેશને આધીન, આપના અંતરાત્માની પ્રેરણાને આધીન રહીને આપ પોતે નવ દિવસોના નિશ્ચિત કાર્યક્રમોમાં મોકળે મને ઉમંગભેર ભાગ લો. આપના સ્વમુખે જ પૂ. શ્રીના પાવન જ્ઞાનોપદેશનું શ્રવણ–પાન કરાવો. મધુરકંઠે પ્રસંગોચિત ગરબા ગાઓ ગવરાવો. એ જ આ શિબિરને વધુ પ્રભાવિત કરશે. સાર્થક કરશે.

આપની કઠિન સાધનાની સિદ્ધિના બળે અત્રે એકત્ર થયેલા શ્રદ્ધેય સાધકોને "મા જગદંબા"નાં દર્શન અને આશીર્વાદની અનુભૂતિ પ્રાપ્ત થશે જ. મારી હૃદયની પ્રેરણાનું સ્વપ્નું પૂ. શ્રીની સૂક્ષ્મ સાક્ષીએ સાકાર થાઓ! સર્વથા સૌ સુખી થાઓ!

અત્રે એકત્રિત શ્રદ્ધેય નિર્દોષ બાળકો પૂ. મા સર્વેશ્વરીના હૂંફાળા વિરાટ ખોળામાં હસ્તા મુખના શાંતિદાયક મધુર હાલરડાં સિવાય બીજું શું માગે? "જય યોગેશ્વર!"

લિ. સ્નેહી ગોવિંદભાઇના સાદર પ્રણામ.

તા. ક.:–આ શિબિરના આયોજક સન્નારીઓ આ પાવન પ્રસંગથી અપૂર્વ ગૌરવને પાત્ર છે.

પૂ. શ્રી યોગેશ્વરજીની કૃપાથી આ શિબિર સૌને કલ્યાણકારી નીવડો. શિબિર નિર્વિઘ્ને સફળ થશે જ, થશે.

*

## નટુભાઇ વ. ભક્ત–કપૂરા

**પરમ પૂજ્ય કરુણામયી-આનંદમયી-વાત્સલ્યમયી–સર્વ શક્તિમતા મા સર્વેશ્વરીજી આપના તમામ ભાવિક ભક્તજનો–પાર્ષદો–સાધક ભાઇ-બેનો.**

પૂ. મા સર્વેશ્વરીજીના પુનિત ચરણોમાં અમારા શતકોટી પ્રમાણે.

પૂ. માના મૌન સાન્નિધ્યમાં નવરાત્રી જપયજ્ઞ-શિબિર–નવ દિવસનું આયોજન સૌ. નયનાબેન જગદીપ ભક્ત અને સૌ. શારદાબેન રમેશભાઇ ભક્તના સૌજન્યથી ત્યાં અમેરિકામાં ઓઝના ટેક્ષાસ-માં–આ સમારોહની ગોઠવણી થઇ છે–જે જાહેર આમંત્રણ "અધ્યાત્મ"થી જાણવામાં આવ્યું–જેના-થી અમને ઘણો જ આનંદ અને ઉલ્લાસ થયો છે.

જ્યાં મા–સર્વેશ્વરીજીની ઉપસ્થિતિ હોય ત્યાં બ્રહ્માંડના તમામ દેવો, દેવતાઓ, દેવીઓ, સિદ્ધો, પરમહંસો, ભક્તજનો, સાધક ભાઇબેનો, દેવગણો, શિવગણો, તમામ પાર્ષદો સહિત–હાજર થતાં હોય છે. જે મુજબ–અદૃશ્યપણે હનુમાનજી મહારાજ, સંત તુલશીદાસ વગેરે સંતજનોની હાજરી અચૂક થાય જ.

એ રાતે આ આદ્યાશક્તિના શક્તિપર્વના દિવસોમાં આ નવ દિવસનો સમયગાળો એટલો એ Piece ખૂબ જ ઉત્સાહ, ઉમંગ, ઉલ્લાસભર્યો, પ્રેમમય, આનંદમય બની રહેશે.

અનંતકાળની કોઇ અવધિ નથી. છતાં જે 'મા'ને અધીન છે તે પણ આ નવ દિવસમાં પોતે ધન્યતા અનુભવશે અને સૌને ધન્યતાનો અ-વિસ્મરણીય પ્રસંગ બની રહેવાનો છે. જે "આજ" આ પ્રસંગથી મહિમાવંત બની જશે. આપણા ભક્તકવિ હૃદય સંતોએ આની "આજ" મહિમા–ભજનની પંક્તિઓમાં નિરોપી છે જે યાદ આવી છે.

"આજનો" લ્હાવો લીજીયે રે–કાલ કોણે દીઠે."

"આજ" વૃન્દાવંદ આનંદ સાગર શામળીયા સંગે રાસ રમે."

"આજ" ગયાં'તાં સખી રાસસભામાં પાંસલી-એ રસ પીધો–"

"આજ"નું સુખ સહુ કોને રે આપ્યું–પૂછે છે સૌ સજની"

"આજ"ના હીંડોળો અતિ રળિયામણો"

"આજ"ની ઘડી રળિયામણી રે–ધન્ય આજની ઘડી."

તો આ નવ દિવસના મહાસંકીર્તન જપયજ્ઞની "આજ" અને એ "ઓઝાના" તીર્થ, તીર્થોનું તીર્થ, પાવન તીર્થ, પૂ. માના સાન્નિધ્યમાં પોતે પાવનતા અનુભવશે–સૌ એકત્ર થયેલ સાધક ભાઈબેનોને એ હૃદયંગમ, ઉલ્લાસીત વાતાવરણનો અનુભવ થશે જ. તેઓ એકલાને જ કેમ થશે?

અહીં કપૂરામાં કે હર સ્થળે, હર પળે, સૌને એ મંગલકારી, કલ્યાણકારી, આનંદમયી, વાત્સલ્યમયી 'મા'ના વહાલનો અનુભવ થશે જ.

આ "કપૂરા" કે જ્યાંથી પૂ. મા સર્વેશ્વરીજીના સ્થૂળ દેહનું પ્રાકટય થયું, તે જેમ મહામાનવ સરદાર વલ્લભભાઈ પટેલે ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં "બારડોલી"ને બારડોલાઈઝ ઈન્ડીયા કર્યું હતું–તેમ પૂ. માએ કપૂરાને કપૂરાઈઝડ ગ્લોબલ, કપૂરાઈઝડ કોસ્મોસ્ટ કર્યું છે. સારું બ્રહ્માંડ 'મા'મય છે.

આજનો દિન પૂ. બાપુનો જન્મજયંતિનો દિન પણ છે. જે મહામાનવ જે એક પ્રકાશ, એક વિરાટ, એક બ્રહ્મ, જગતના કલ્યાણ માટે, નાના દેહમાં વિરાજીત થઈને જગતને અનંત સમય માટે પ્રકાશ પાથરતો ગયો–તેમ તમે પણ નાજુક શરીરમાં, વ્યાપકતાને, વિરાટને ધારણ કરીને, જગતના કલ્યાણ માટે મંગલકારી જીવન માટે અથાક્ પ્રયાસો કરી રહ્યાં છે. ત્યારે ફરીવાર આપનાં શ્રી ચરણકમલોમાં અમારા પ્રેમપૂર્વકના સપ્રેમ રામકબીર સ્વીકૃત કરશો.

વડીલભાઈ રમેશભાઈ અ. સૌ. શારદાબેન, તથા આ પ્રસંગે પધારેલ તમામ સાધક ભાઈબેનો, ભાવિક ભાઈબેનોને અમારી પ્રેમપૂર્વકની યાદ અને સપ્રેમ રામકબીર.

**આપના નટુભાઈ, મંગળાબેન–કપૂરા.**

*

## ગોવિંદભાઈ લ. ભક્ત–એસ. એફ.

**સૌને સાદર રામકબીર!**

પૂજ્ય માની પધરામણીથી, ટેક્સાસ સ્ટેટનું ઓઝેના ગામડું, નવરાત્રિના મહિમાવંત દિવસોમાં, પરમ પાવન થયું છે. ધન્યવાદ! ધન્યવાદ! ધન્યવાદ!!!

જ્યાં રમેશભાઈ (રમ+ઈશ=ઈશ્વરમાં રમમાણ) જેના સંનિષ્ઠ સાધક બેઠા છે અને જગુભાઈ જેવા સુપુત્ર કે જ્યાં જગ્યાનો અભાવ નથી. જ્યાં બસો જેટલા સાધકોના ઉતારા થયા છે. અરે, એટલું જ નહિ, જ્યાં જગદીશનું પણ અવતરણ થયું છે, એવું જગુભાઈએ જગ્યાનું પાથરણું પાથર્યું છે! વળી એ પાવન ધામમાં શારદા–નયના જેવી દેવીઓનો નિવાસ છે. એટલે પૂ. માને માટે કે સાધકો માટે કશી વાતની કમીના નહિ હોય. આવા ધામમાં યોજાયેલ યોગ–શિબિરની સફળતા માટે સહેજ પણ શંકાને સ્થાન નથી.

નવરાત્રિનો ઉત્સવ એટલે નવ દેવી(શક્તિ)ની ઉપાસના. ઓઝેનાના યોગ–શિબિરમાં નવ દેવીઓના સરવાળા સમાન પૂ. મા સર્વેશ્વરી પ્રત્યક્ષ બિરાજમાન છે. તેઓશ્રીના સાન્નિધ્યમાં નવ દિવસ માટે દિનભરની અતૂટ સાધના ચાલી રહી છે એ ત્યાં ઉપસ્થિત સાધકો માટે શુભ અવસર અને ભાગ્યની નિશાની છે.

સાધના–શિબિરની દિનચર્યા ખૂબ જ સાત્ત્વિક, આધ્યાત્મિક તેમ જ વિવિધ રસ સભર છે. એમાં અસ્વાદ વ્રત પાળવાથી મન અને તન બંને સાત્ત્વિક રહે અને તેથી કરીને પ્રાપ્ત કરવાની ચીજ સરળતાથી પામી શકાય. વળી સાથોસાથ શિબિર–રસોડાની ભૌતિક સુવિધા–સુગમતા પણ જળવાશે. રસોડું પણ અસ્વાદવ્રતી સાધકો માટે સાધનાનો એક ભાગ ગણી શકાય.

ભારતમાં નવરાત્રિના દિવસોમાં માતાની માટલી ઉપર ફૂલ ચઢાવી, દીવા પ્રગટ કરી માટલી ફરતે રાતે

માતાના ગરબા ગવાય છે. જ્યારે આજે અમેરિકાની ભૂમિ ઉપર હુબહુ માતાના સાન્નિધ્યમાં દિનભર વિવિધ સત્સંગ નવરાત્રિના નવ દિવસો સુધી ચાલશે. જેનો ૨૦૦ જેટલા ધર્મપ્રેમી સાધકો લાભ લઇ રહ્યા છે એ આનંદની વાત છે. આ શિબિર સર્વ પ્રકારે સફળ થાઓ એવી અમારી પ્રાર્થના.

આ શિબિરમાં ઘાનાથી આવેલ સાવિત્રી—નારાયણની જુગલ જોડી માના આગ્રહને વશ થઇ શિબિરમાં સ્થિર થયા જેથી વચનબદ્ધ પૂ. માએ શિબિરના બીજા જ દિવસે પોતાની વાણી વહેતી કરી! સાવિત્રીનો પ્રભાવ, માનો સ્વભાવ, માના મુખથી સરવાણી છૂટી અને શિબિરાર્થીઓ રાજી રાજી થઇ ગયાં. નાચી ઊઠયાં! શિબિરમાં અલૌકિક વાતાવરણ સર્જાયું.

અદ્‌ભુત ચમત્કાર, અનેરો આનંદ, અણમોલ અવસર.

**ધૂન લગાવો :** રામ ધૂન લાગી,
ગોપાળ ધૂન લાગી,
કબીરાની વાણી સૂણી, રામ ધૂન લાગી,
રામ ધૂન લાગી, ગોપાળ ધૂન લાગી,
સર્વેશ્વરીની વાણી સૂણી, રામ ધૂન લાગી.

—આ અનેરી ઘટનાથી શિબિરાર્થીઓ તાનમાં અને ધૂનમાં ડૂબી ગયાં. ડૂબી જ જાય ને!

**કેમ કે :** ફરી ના મળે રે ફરી ના મળે,
આવો રૂડો અવસર ફરી ના મળે (૨)
ભાગ્ય હોય જેના, તેનું ભાગ્ય જ ફળે,
અભાગી જે હોય તે તો ઘર બેઠાં બળે.
જાગે તેની પાડી, હો ભાઇ (૨) ઊંઘે તેનો પાડો...
અણમોલ અવસર ફરી ના મળે.

**માનું અભિવાદન :** ચાલો, આપણે નવરાત્રીના મંગલ પર્વે માનું અભિવાદન કરીએ.

જગદંબા છે મા શ્રી સર્વેશ્વરી,
યોગમાયા છે મા શ્રી સર્વેશ્વરી,
એ તો યોગેશ્વર પ્રભુને પ્યારી પ્યારી...જગદંબા.
કુમળી કાયા એની કપૂરાની ધૂળે ભરી,
માતપિતાના સંસ્કારે એ તો તરી
એ તો યોગેશ્વર પ્રભુને પ્રેમે વરી...જગદંબા.
સુરત શહેરની શાળામાં બાળગુરુ વડી,
બાળસેવા છોડી સાધુતાના રંગે ચડી,
પછી યોગેશ્વર પ્રભુને ચરણે પડી...જગદંબા.
એણે તપશ્ચર્યા આકરી આદરી,
વળી વર્ષોના ઉપવાસયજ્ઞ કરી,
શોધે યોગેશ્વરને તીર્થોમાં ફરી ફરી...જગદંબા.
આજ સાધકવૃંદ અભિવાદન કરી,
દુઆ માગે એની પાસે આજ પાયે પડી,
એ તો જુગ જુગ જીવો
એવી વંદના કરી...જગદંબા.

મારા કંઠે ગવડાવવું હતું પણ હું તો ઘરે રહી ગયો. હજાર માઇલના અંતરે રહી ગયો જેથી મનની મનમાં જ રહી ગઇ! વળી બે દિવસથી મા સાથે વાતો કરવાની ઇચ્છા, ઝંખના થયા કરતી હતી, તે પણ મનની મનમાં જ રહી ગઇ! પરંતુ એ દિવસની ઘટના ઘટી કે પૂ. માની અમૂલ્ય વાણીનો લ્હાવો શિબિર સ્થળે સૌ સાધકોને મળ્યો! આ વાતનો સંદેશો મળતા મેં તો માની લીધું કે મને ઘર બેઠા ગંગા મળી. મનની વાત ફળી અને માની મુખ સરવાણીનો લાભ તમને સૌને મળ્યો.

મા સર્વેશ્વરી તો ઘરનું ઘી છે. પછી છેતરાવાનું શું હોય? એમના પરમ પાવન સાન્નિધ્યમાં મંગલ—મંગલ, મધુર—મધુર, આનંદ—આનંદ, અખંડાનંદ!!

એવાં પાવનકારી માને ઘણા ઘણા હેતપૂર્વકના કોટી કોટી પ્રણામ! સાથે સૌને સાદર રામકબીર!

**સ્નેહાધીન : મગનભાઇ લ. ભક્ત (સનવેલી),**
**સુરેશભાઇ મા. ભક્ત (લોડાઇ),**
**ગોવિંદભાઇ ભક્ત (લોડાઇ),**
**દેવીબેન ભક્ત (લોડાઇ)**

# સૂચના પત્ર

ઓક્ટો–૧૯૯૬, ઓગ્રેના

**હે આમંત્રિત સ્વજન**

તમે પધાર્યા છો તો આનંદ થાય છે. વળી તમે કાર્યક્રમમાં ભાગ લેવા પધાર્યા છો તો નીચેની સૂચનાઓનો અમલ કરવાની કૃપા કરશો.

**આ સંયમ શિબિર છે. સંયમિત જીવન જીવવા-ની આ સોનેરી તક છે. તે યાદ રાખો.**

(૧) દરેક કાર્યક્રમમાં સમયસર ફરજીયાત હાજરી આપવી જરૂરી છે.

(૨) નાની મોટી કોઇ પણ ફરિયાદ કર્યા વગર કાર્યક્રમને સફળ બનાવવા સહકાર આપવો જરૂરી છે.

(૩) પ્રથમ દિવસે જ્યાં બેઠક મળી હોય ત્યાં જ બધા દિવસો દરેકે બેસવાનું રહેશે.

(૪) શિબિરમાં જેમને ચ્હા કોફીનાં વળગણો હોય તે અહીં છોડવાના પ્રયત્નો કરે.

(૫) શરીરના આરોગ્ય માટે દરરોજ ૧ ટંક ભોજન ને સાંજે ફળ દૂધનો નિયમ પણ રાખી શકાય.

(૬) ચાલુ કાર્યક્રમમાં કોઇ વાતો કરતું હોય કે કોઇ થાકને લીધે ઊંઘતું હોય તો પાસે બેઠેલા સાધકે મૌનથી તેમને જાગ્રત કરવા.

(૭) પ્રણામના કાર્યક્રમમાં જેનાથી પ્રણામ ના થાય તે ઊભા થઇ પાછળ બેસી જાય. જેથી પ્રણામ કરનારાને જગ્યા મળી રહે.

(૮) ભજનના કાર્યક્રમમાં જેનો વારો હોય તે જ ભજન ગવડાવે. સીનેમાના રાગવાળાં ભજનો ગાવાનાં નથી. ભજનની લીટી ના સંભળાય તો ખોટા શબ્દો ના ઝીલવા.

(૯) દરેકે પોતાના બૂટચંપલ પહેરીને આવવું હોય તો હોલની બહાર કાઢી વ્યવસ્થિત મૂકવાં.

(૧૦) આરતિ પછી ૐ યોગેશ્વરાય નમઃ ના ૩ મંત્રોચ્ચાર પછી સંપૂર્ણ મૌન રાખી છૂટા પડવું. આરતિમાં પૈસા ના મૂકવા.

(૧૧) ગરબાના કાર્યક્રમને અંતે વંદન કરું પ્રભુની પ્રાર્થના બાદ મૌન રાખવું.

(૧૨) દરેક ભાઈબેન નાનીમોટી સેવા શોધી લે અને સાધક તરીકે પોતાની ઉત્તમ ફરજ બજાવવા પ્રયત્ન કરે.

(૧૩) સંસારી વાતો કરવા આપણે અહીં ભેગા નથી થયાં. કોઇ એવી વાતો કરે તો તેને જાગ્રત કરવા. કાર્યક્રમ સિવાય દરેક સાધક મૌન રાખવા પ્રયત્ન કરે. જરૂરી કામ માટે ધીમેથી વાતો કરી શકાય.

(૧૪) દશ દિવસ કોઇ પણ કામ કરતાં કરતાં મનમાં મંત્રજપ કે પ્રાર્થના કર્યા કરવાની ટેવ પાડો.

(૧૫) દરેકે પોતાનો રૂમ જાતે જ સ્વચ્છ કરવા-નો રહેશે.

(૧૬) પૂ. મા જ્યારે જ્યારે હોલમાં પધારે ત્યારે કોઇએ ઊભા ના થવું. મૌન રાખી જ્યાં બેઠા છો ત્યાંથી જ પ્રણામ કરવા.

## તોડો અને જોડો

**દશ દિવસ જગત સાથે સંબંધ તોડો અને**
**દશ દિવસ જગતપતિ સાથે સંબંધ જોડો**

## સંકલ્પ કરીએ

(૧) શિબિરના દશ દિવસઃ—ન્યુઝ પેપર વાંચવું નથી. સંસારી વાતો કરવી નથી. રેડિયો સાંભળવો નથી. ટી. વી. જોવું નથી. ફ્રોન કોઇને કરવા નથી.

(૨) અહીં સૌને સવારે સીરીયલ અને દૂધ–બપોરે ભોજન, સાંજે હળવો નાસ્તો મળશે. ઉપવાસ કરનારાઓને પણ સવાર–બપોર–સાંજ ફળાહાર મળશે. સમૂહ ભોજનમાં સૌને પીરસાઇ જાય, પછી સમૂહ પ્રાર્થના થશે. પછી જ ભોજન શરૂ કરવાનું રહેશે. સૌ ભોજન પૂરું કરે પછી જ સૌ કોઇએ ઊઠવાનું છે. થાળીમાં જરૂર જેટલું જ પીરસાવો, બગાડ કરવાનો નથી. થાળીમાં એંઠુ છોડવાનું નથી.

અહીં ભોજન નહીં, ભજન માટે જ આવ્યા છીએ તે યાદ રાખી વિશેષ ખાસ કોઇ સગવડ લીધા વિના, ફરિયાદ કર્યા વિના, જે મળે તેમાં સંતોષ માનીને સહકાર આપવાનો રહેશે.

(૩) જે ઉતારો મળ્યો છે. તે ઉત્તમ છે એમ માની સાદુ આશ્રમ જીવન જીવવાનું છે. ઉતારામાં જે મોટી ઉંમરના છે, તેને પલંગ ઉપર જ સૂવા દેવાની સૌ ઉદારતા બતાવે.

(૪) બાથરૂમમાં કપડાં ધોવાનાં નથી. કપડાં ધોવા મશીનની સગવડ છે. તમારા રૂમમાં મૂકવામાં આવેલી ગારબેજ બેગમાં તમારાં ધોવાનાં કપડાં નિશાની કરીને મૂકવાં અને તે બેગ મંગળવાર અને શનિવારે લોન્ડ્રીરૂમમાં સવારે ૭:૩૦ થી ૮:૩૦ સમયમાં પહોંચાડી દેવી. તે રાતે કાર્યક્રમ પછી તે કપડાં જાતે ઓળખીને લઇ જવાં. ઇસ્ત્રી કરવા માટે હોલમાં સગવડ છે.

(૫) દરેક કાર્યક્રમમાં સમયસર હાજર રહેવામાં જ આપણી શોભા છે.

## ।। દેવ્યાઆરાત્રિકમ્ ।।

જય દેવિ જય દેવિ જય મોહિનીરૂપે (૨)
મામિહ જનનિ સમુદ્દર ...૨ પતિતં ભવકૂપે....ધ્રુ
પ્રવરાતીર નિવાસિનિ નિહમપ્રતિપાધે. (૨)
પારાવારવિહારિણિ ...૨ નારાયણિ હૃધે.
પ્રપંચસારે જગદાધારે શ્રીવિધે. (૨)
પ્રપન્નપાલનનિરતે ...૨ મુનિવૃંદારાધ્યે ....જયદેવિ૦
દિવ્ય સુધાકર વદને કુન્દોજ્જ્વલકદને (૨)
પદનખનિર્જિતમદને ...૨ મધુકૈટભકદને
વિકસિત પંકજ નયન પન્નગ પતિ શયને. (૨)
ખગપતિ વહને ગહને ...૨ સંકટ વનદહને ....જયદેવિ૦
મંજીરાંકિતચરણે મણિમુક્તાભરણે. (૨)
કંચુકિવસ્ત્રાભરણે ...૨ વક્ત્રાંબુજધરણે
શકામયભયહરણે ભૂસર સુખ કરણે. (૨)
કરુણાં કુરુ મે શરણ ...૨ ગજનક્રોદ્ધરણે ....જયદેવિ૦
છિત્વા રાહુ, ગ્રિવાં પાસિત્વં વિબુધાન્. (૨)
દદાસિ મૃત્યુમનિષ્ટં ...૨ પીયુષં વિબુધાન્.
વિહરસિ દાનવઋદ્ધાં સમરે સંસિદ્ધાન્. (૨)
મધ્વમુનિશ્વર વરદે ...૨ પાયલ સંસિદ્ધામ્ ....જયદેવિ૦

ॐ યોગેશ્વરાય નમઃ ॐ સર્વૈશ્વર્યૈ નમઃ

# શબ્દ વ્યૂહ સ્પર્ધા



નવરાત્રી, શિબિર
ઓઝોના ટેક્ષસાસ,
ઓકટોબર, ૧૯૯૬

ॐ

Ozona, Texas '96

આખુ નામ: ______________________ ઉંમર: ____

સરનામુ: ______________________

| | | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સા | ઘ | ના | નું | અ | મૃ | ત | મૃ | લા | લી | ર | શ્વ | ગે | યો | શ્રી | મા | ભુ | વ | ને | શ્વ | રી |
| સા | બ | ર | મ | તી | ના | સં | ત | | સે | સ્ત | શિ | રી | કૃ | કૃ | પા | ળુ | ય | | સા | રો |
| અં | પ્ર | કા | શ | ના | પં | થે | ના | શ્વ | ક | યો | વ | વ | દે | ષ્ણ | કૃ | મ | રા | સં | ની | હા |
| ત | | મા | સં | કી | ર્ત | ન | ર | ઘ | ગા | ગે | | ન | સ્તુ | મા | ભ | ર | શ્વ | ને | જ્ઞા | સ |
| ર | ડી | ર | શી | ર | કુ | ઠા | સા | મૃ | રી | શ્વ | ર્વે | સ | મા | તી | | ક્ત | ગે | મા | વિ | ન |
| આ | રા | પુ | ક | શ્ર | દ્ધા | ય | ત | મ | પ | ર | બ | ડી | જ્યો | ળા | ર્જ | નિ | યો | મૌ | તા | વ |
| ત્મા | | કુ | વેં | માં | પ્રિ | જ્ઞ | મ | હા | ત્મા | જી | સ | | તિ | ભ્રાં | લે | ભૂ | તે | સુ | જ્ઞા | જી |
| મા | શા | ર | દા | ર્મ | ન | સ્વ | હ | ભા | વ | ઘ | રી | ને | ર્મ | ગુ | રૂ | દે | વ | ગં | યી | જો |
| સ | ર | સ્વ | તી | ફૂ | | રૂ | ર્ષિ | ર | દ્વા | રિ | હ | ઓ | યી | શ | ળ | દિ | ગ | ઘ | મ | હે |
| દ | શ | ર | થા | ચ | લ | પ | ર્વ | ત | ક | ર્મ | યો | ગી | દે | મ | વિ | વ્ય | ભ | | દ | ર |
| કી | કે | ભ | ક્તિ | | ગ | વા | થ | ના | ઈ | સા | | સં | ક | ત્યા | ષા | દ | મો | મા | ન | ય |
| ર્ત | ષિ | હ | દ | ય | ર્મ | સા | ડી | મો | ર | બી | તા | ણ | ગી | તા | દ | ર્શ | ન | તૃ | દા | દા |
| ન | ઋ | ન | ટી | ઝો | ર્વ | પ્રે | દ | તી | છો | ગી | ર | શૃં | ર | ક્ષ | ક | ન | મ | ભ | ચ્ચિ | સ |
| રા | | ન | વા | ભ | સ | ર | ળ | ગી | તા | ચ | પ્ત | લિ | અ | શ્વ | ચ | | ઓ | ક્ત | સ | રો |
| મ | શ્રી | ણ | મ | ગ | રં | ક | રૂ | ગુ | દ્દ | સ | ત્ય | પ | થ | વ | ત્મ | જા | પૂ | સ | ન | મા |
| ચ | મ | કા | રા | સ્કા | ભ | પ્રા | રૂ | ણ | હ | રો | ર્ગો | સ્વ | પ્ર | ભુ | ધ્યા | વે | લ | બા | ન | ત |
| રિ | દ્દ | બી | ય | પુ | ર | ર્થ | ર્થ | ણા | ન | ડા | આ | નં | દ | ર્ધ્ય | અ | દ | ફૂ | વ | મિ | ભુ |
| ત | ભા | અં | જ | લી | ષ | ના | | ના | સા | બ | ર | મ | તી | ણી | સી | થી | થી | ની | મા | પ્ર |
| મા | ગ | બા | દ | ગ | જ | રૂ | ના | | સા | ગ | ચિ | ન્મ | ય | લ | શુ | ત્રિ | માં | | ન | સ્ત |
| ન | વ | જી | ર | મ | અ | રા | પુ | | | ઘ | ર | રા | તુ | ધૂ | પ | સ | ળી | તિં | મ | હ |
| સ | ત્ | સં | ગ | થી | ય | ડે | હિ | મા | લ | ય | ના | પ | ત્રો | ગો | પા | લ | ક | સ | મૂ | દ |
| જ | ગી | પુ | ર | ણ | બ્ર | હ્મ | વૈ | ષ્ણ | વી | દે | વી | છે | સ્વા | મી | વિ | વે | કા | નં | દ | ર |
| ઓ | તા | સા | ઈ | સં | ગી | ત | મૃ | થા | ક | ર | શ્વ | ગે | યો | શ્રી | | ગાં | ધી | ગૌ | ર | વ |

નીચેના શબ્દોને સામેના પાના ઉપર શોધી કાઢો.
છેલ્લે જે અક્ષરો રહી જાય તેમાંથી એક વાકય બનાવો

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | | | | |

# શબ્દો

1 પ્રેરકપ્રાર્થના
2 પ્રારંભ
3 પ્રાર્થના સાધના છે
4 પ્રભુ ધ્યાવે
5 પ્રકાશના પંથે
6 પ્રવચન
7 ઋષિકેશ
8 શ્રીકૃષ્ણ
9 શ્રીમદ્ ભાગવત્ ગીતા
10 શ્રીયોગેશ્વર કથામૃત
11 શ્રીયોગેશ્વર લીલામૃત
12 જ્ઞાનેશ્વર
13 પ્રિય સાધક
14 ચિન્મય
15 દિવ્યદર્શન
16 હિમાલયના પત્રો
17 નિર્જળા
18 મહર્ષિ
19 શિવ સ્તુતી
20 વિષાદ
21 વિજ્ઞાની
22 ત્રિશુલ
23 શ્રધ્ધા
24 અધ્યાત્મ
25 અર્ધ્ય
26 જીજ્ઞાસુ
27
28 આનંદ
29 ઓજસ
30 ઓમ નમો ભગવતે
31 યોગેશ્વરાય
32 અલિપ્ત
33 અમરજીવન
34 અંબાજી
35 અંબીકા
36 અંજલી
37 અંતર આત્મા
38 ભાવ ધરીને
39 બાવની
40 ભકિત
41 ભૂલે ભ્રાંતિ
42 ભગવાન
43 કૃપાળુ
44 કૃષ્ણભકત
45 કરૂણાસાગર
46 કામારપુકુર
47 કીર્તન
48 કર્મયોગી
49 કપુરા
50 ચરણકમળ
51 કળીમાંથી ફૂલ
52 દશરથાચલ પર્વત
53 સ્તવન માળા
54
55 સ્વામી વિવેકાનંદ
56 સ્વર્ગારોહણ
57 ફૂલવાડી
58 ગાંધી ગૌરવ
59 ગોપાલ
60 ગીતા દર્શન
61 ગીતાસંદેશ
62 ગુરૂદેવ
63 હરિદ્વાર
64 ધૂપસળી
65 જગદંબા
66 જયરામવાટી
67 મા ભુવનેશ્વરી
68 મા જ્યોતિર્મયી
69 મા શારદા

→

70 મા સર્વેશ્વરી
71 માનસપૂજા
72 માનવ
73 માતૃભક્ત
74 માતાજી
75 મોરબી
76 મૂર્તિમાંથી
77 મહાભારતના મોતી
78 મહાત્માજી
79
80 નારાયણ
81 નારાયણી
82 નમામિ
83 નર્મદા
84 નમસ્કાર
85 પૂરણ બ્રહ્મ
86 પરબડી
87 પુરુષ પુરાણ
88 રામકૃષ્ણદેવ
89 રામચરિતમાનસ
90 રસેશ્વર
91 રક્ષક
92 સાબરમતી
93 સાબરમતીના સંત
94 સાદગી
95 સાઈનાથ
96 સાઈસંગીત
97 સાધના
98 સાધનાનું અમૃત
99 સારથી
100 શીરડી
101 સચ્ચિદાનંદમયી
102 સદ્‌ગુરૂ
103 સમસ્ત
104 સપ્તશૃંગી
105 સંકીર્તન
106 સંસારી
107 સરોડા
108 સરસ્વતી
109 સરળ ગીતા
110 સત્સંગ
111 સર્વમંગલ
112 સુગંધ
113 સત્યપથ
114 તુલસીદલ
115 યજ્ઞસ્વરૂપ
116 યોગેશ્વરજી
117 યોગામૃત
118 હૃદય
119 વૈષ્ણવીદેવી
120 વરદ હસ્ત પ્રભુ સદાય
121 રહેજો જીવન સહારો
122 ઠાકુર
123 ત્યાગી


રાંજણ, સાંટિકા, સાઇટીકા

હાથે, પગે, વેદનાયુક્ત ફાટ થવી તથા કમ્મરના દુ:ખાવા માટેની દવા માટે મળો યા લખો. એક વખત દવા ખાધા પછી, આ રોગ જીવનમાં ફરી થતો નથી.

કોર્સ : ૧૦–૧૨ વીક. નોંધ : ફક્ત દવાનો જ ખર્ચ લેવામાં આવે છે.

**દુર્લભભાઇ પરસોત્તમભાઇ ભક્ત (સ્યાદલા)**
**બચુભાઇ ગોરધનભાઇ ભક્ત (કપૂરા)**

મુ. પો. સ્યાદલા, વાયા : મઢી, જિ. સુરત–૩૯૪૩૪૦

# નવરાત્રિ જપયજ્ઞ શિબિર ઓઝોના (ટેક્ષાસ)

શ્રીસુરેશભાઇ શાહ, કેનેડા.

પૂ. શ્રી યોગેશ્વરજીની પ્રેરણા, પૂ. માનું એ પાવનકારી પ્રેરણાનું ગ્રહણ અને શ્રી રમેશભાઇ, શારદાબેન, શ્રી જગદીપભાઇ અને નયનાબેન જેવા પુણ્યશાળી યજમાનના અવિરત પ્રયાસોનું પરિણામ એટલે જ ઓઝના(ટેક્ષાસ)માં નવરાત્રિ જપયજ્ઞ શિબિરનું આયોજન. આ આધ્યાત્મિક શિબિર નવ દિવસની હતી. પહેલો દિવસ રવિવાર તા. ૧૩ ઓક્ટોબર અને નવમો દિવસ સોમવાર તા. ૨૧ ઓક્ટોબર ૧૯૯૬.

૧૩ ઓક્ટો. રવિવારે સવારે ૫–૩૦ વાગે પ્રભાતનો પ્હો ફાટયો.

જગત ધીમે ધીમે જાગી રહ્યું હતું. પંખીઓ આકાશમાં મુક્તપણે કલરવી રહ્યાં હતાં, ધરતી ઉજાસમંડિત બની રહી હતી. સૌ સાધકોને આમંત્રણમાં જણાવવામાં આવ્યું હતું કે પૂ. માનું મૌન છે અને પૂ. માનું મૌન ચાલુ જ રહેશે. તેમ છતાં શ્રદ્ધાળુ શિબિરાર્થીઓ શિબિરમાં પધાર્યા કારણ, શ્રદ્ધા એ જીવનનું સૌથી મૂલ્યવાન દ્રવ્ય છે, શ્રદ્ધામાં શક્તિ છે, પુણ્ય છે, પુરુષાર્થનો પાયો છે, મોક્ષનો અધિકાર છે. "રાતરાણી"ની મહેક અંધારી રાત્રિમાં પ્રસરે છે. દુઃખની અંધારી રાત્રિમાં પણ શ્રદ્ધાની સુવાસ મઘમઘે છે. નવ દિવસ શિબિરનો લાભ લગભગ બધાં જ ભાઇબેનોએ લીધો.

શિબિરના અહેવાલ પહેલાં, આવો, આપણે શિબિરના હોલનું, પૂ. માની વ્યાસપીઠનું, હોલના સુશોભનનું અને શિબિરાર્થીઓના નિવાસસ્થાનોનું નિરીક્ષણ કરીએ.

આ શિબિર છે, ઉજાણી નથી, પર્યટન નથી, રજાઓ માટેનું વેકેશન નથી. મનને તાલીમ આપવાની આ પ્રયોગશાળા છે.

જમીનમાંથી સારું ઉત્પાદન મેળવવા માટે ખેડૂત જમીનને ખેડે છે, તેમાં ખાતર નાંખે છે અને જરૂરી જળનું સિંચન કરે છે. પૂ. મા પણ યજમાનનો મોટેલ બીઝનેસ હોવાથી, પ્રથમ દિવસથી જ શિબિરમાં ભાઇઓ અને બહેનોને જુદા જુદા સ્થળમાં રહેવાની વ્યવસ્થા કરે છે, જાણે કે સંસારના પતિ, પત્નીના સંબંધનો વિચ્છેદ કરે છે. અને સંસારી વાતોથી દૂર રાખે છે. વળી ઉતારા માટેના ઓરડાનાં નામો પણ તીર્થસ્થળો, અને તીર્થધામોની સ્મૃતિ કરાવે છે. જાણે કે સૌ યાત્રામાં આવ્યા હોય તેવો મનોભાવ પેદા કરાવે છે. વળી દરેક શિબિરાર્થીને પૂ. માના સ્વરૂપનું બટન તથા રહેવાના ઓરડાનું નામ, પોતાનું નામ, ગામ અને અનુક્રમ નંબરનો બીલ્લો આપવામાં આવે છે. ભાઇઓ શિબિરમાં આ બીલ્લો ડાબીબાજુ પહેરીને અને બહેનો જમણીબાજુ પહેરીને આવે છે. શિબિરમાં પ્રવેશ મેળવવા માટેનું આ એક અનિવાર્ય અંગ ગણાય છે. સૌ પહેરે છે અને શિસ્તનું પાલન કરે છે. જાણે કે શિબિરના હોલમાં પ્રવેશ મેળવવાનો પાસપોર્ટ છે, વીઝા છે.

નિવાસસ્થાનના ઓરડાઓના નામ નીચે પ્રમાણે છે. દરેક ઓરડામાં લગભગ છ શિબિરાર્થીઓનો સમાવેશ થતો હતો.

પૂ. માના નિવાસનું નામ છે શ્રીકૃષ્ણમંદિર. જાણે કે અવનવી માનવલીલાંઓનું મહાલય, અને વાત્સલ્ય ધામ.

| | |
|---|---|
| વૃંદાવન | દ્વારિકા |
| ગોકુળ | ગોપાલમ્ |
| શ્રીકૃષ્ણમંદિર–પૂ. મા | ધીરજધામ |
| ભક્તિધામ | નંદનવન |
| મધુવન | ભદ્રકુંજ |
| જગન્નાથજી | રામેશ્વરમ્ |
| મથુરા | અયોધ્યા |
| કાશી | હરિદ્વાર |
| દેવપ્રયાગ | ઋષિકેશ |
| સ્વર્ગારોહણ | પ્રયાગ |
| સોમનાથ | સત્યપથ |
| સર્વમંગલ | કબીરવડ |
| યોગેશ્વરધામ | ગંગોત્રી |
| તિરૂપતિ | કન્યાકુમારી |
| નાસિક | બદરીનાથ |
| કેદારનાથ | દક્ષિણેશ્વર |
| પંઢરપુર | સારનાથ |
| શ્યામકુંજ | અમરનાથ |
| હાટકેશ્વર | અંબાજી |
| નંદપ્રયાગ | કુરુક્ષેત્ર |

નામકરણવિધિ પૂ. માના મનની સ્થિતિની જાણે કે દ્યોતક છે. દરેક સ્થળે યાત્રાધામ દેખાય અને દરેક યાત્રીમાં આત્મારૂપી પરમાત્માના દર્શન થાય, ધન્ય છે પૂ. માના એ પવિત્ર ભાવોને અને તે ભાવોને રોજિંદા જીવન વ્યવહારમાં ઉતારવાની એ શક્તિને.

## શિબિરનો દૈનિક કાર્યક્રમ

તારીખ ૧૩ ઓક્ટોબર થી ૨૧ ઓક્ટોબર–૧૯૯૬

**પ્રથમ બેઠક : પ્રાતઃકાળે ૫–૩૦ થી ૭–૩૦**

૫–૩૦ થી ૬–૦૦ પૂ. શ્રીને ૧૨૫ પ્રણામની સુમનમાળા.

પૂ. માના શ્રીકંઠે ઓડીઓ કેસેટ ઉપર શિબિરાર્થીઓ પ્રણામ કરે છે. જેનાથી પ્રણામ ના થાય તે હોલમાં પાછળ ઊભા રહી ઊભા ઊભા પ્રણામ કરે છે. પ્રભાતના સુંદર, શાંત વાતાવરણમાં ધૂપદીપથી ઊભરાતા વાતાવરણમાં જાણે સૌ પૂ. શ્રીને પ્રણામનો અર્ઘ્ય ધરી દિવસભરની સંભાળ રાખવાનો વિશ્વાસ અને શ્રદ્ધા પ્રદર્શિત કરે છે. પ્રણામથી મન અને અંતર તો પ્રફુલ્લિત થાય છે જ, પણ સાથે સાથે શરીરના તમામ અંગોને વ્યાયામ પણ મળે છે. પ્રણામ એ ભક્તિસભર વ્યાયામ છે.

૬–૦૦ થી ૬–૩૦ મૌનજપ.

ૐકારના ત્રણ મંત્રગાનથી મૌનજપની શરૂઆત કરાય છે. સૌ શિબિરાર્થીઓ પ્રણામ કરીને મનમાં ધારણ કરેલા પૂ. શ્રીના સ્વરૂપને જાણે મનમાં ઉતારે છે. હોલની લાઇટો બંધ કરવામાં આવે છે. ફક્ત પૂ. માની વ્યાસપીઠ ઉપર પૂ. શ્રીની પૂરા કદની તસ્વીરને દૃશ્યમાન કરતી લાઇટ ચાલુ હોય છે. શાંત વાતાવરણમાં સૌ પોતાની રુચિ પ્રમાણે આંખ બંધ રાખીને કે ઊઘાડી આંખે પોતાનો પ્રિય મંત્ર જપે છે. હરોળમાં બેઠેલા શિબિરાર્થીઓ શિસ્ત અને સંયમની સુંદર છાપ ઊભી કરે છે. સમય થતાં ૐકારના ત્રણ મંત્રગાનથી મૌનજપનો સમય પૂરો થયાનો સંકેત સૌને મળે છે.

પૂ. મા પણ સામાન્ય રીતે આ બેઠકમાં અચૂક દર્શન આપે છે જાણે કે આંખ ઊઘાડતાં જ આપણા આરાધ્યદેવ આપણી સમક્ષ બિરાજેલા નિહાળાય છે.

૬–૩૦ થી ૭–૦૦ પ્રાર્થના.

શ્રી સુશીલાબેનના સુમધુર સ્વરમાં સંસ્કૃતભાષામાં દરરોજ જુદી જુદી સ્તુતિ ને પ્રાર્થના આવે છે. સાથે ઢોલક ઉપર હેમંત અને યજમાન પરિવારનો નવ વર્ષનો બાળકલાકાર પાર્થ, મંજીરા ઉપર શ્રી ભગવાનભાઇ તથા ઇલેક્ટ્રીક ગીટાર ઉપર યજમાન શ્રી જગદીપભાઇ સૂર પુરાવે છે. સૌનું હૈયું પ્રફુલ્લિત

અને ભાવવિભોર બની જાય છે. મનના ભાવો સૂરમાં ઢળે છે. સંગીતથી વાતાવરણ ગુંજી ઊઠે છે. પૂ. મા પણ ખાસ સ્તુતિ, વંદના સુશીલાબેન પાસે ગવડાવે છે. તે બેઠકમાં બંધ આંખે ધ્યાનસ્થ અવસ્થામાં પૂ. માને અવલોકવાં પણ જીવનનો અમૂલ્ય લ્હાવો છે. જાણે ગંગાજળમાં સ્નાન કરી પાવન બન્યા હોઈએ તેવું સૌને અનુભવાય છે.

૭–૦૦ થી ૭–૩૦ પ્રભાતફેરી.

પૂ. મા દૃઢ રીતે માને છે કે સ્વસ્થ શરીરમાં જ સ્વસ્થ મનનો આવાસ હોય છે. "શરીરે સુખી તો સુખી સર્વ વાતે," તે ઉક્તિને લક્ષ્યમાં રાખી પૂ. મા આ કાર્યક્રમમાં સાધકોને ચાર ચારની હરોળમાં હોલમાંથી બહાર શુદ્ધ વાતાવરણમાં લઈ જાય છે. લગભગ ૧ કિલોમીટર જેટલું અંતર, પહેલાં ધીમે ચાલીને પછી ઝડપથી પ્રભાતફેરીમાં લઈ જાય છે. પૂ. માની સાથે ચાલવા સૌને દોડવું પડે છે. છતાં પૂ. મા આગળ જ રહે છે. મોટલની પાસે જ જાહેર બગીચો છે. ત્યાં ટેબલ ઉપર ઊભા રહી પૂ. મા સૌને હળવો વ્યાયામ કરાવે છે. યોગાસનો પણ શીખવાડે છે. પ્રાણાયામ પણ શીખવાડે છે અને જાણે કે અખાડાનું વાતાવરણ સર્જાય છે.

સૌને પ્રભાતફેરીનો કાર્યક્રમ ખૂબ જ ગમે છે. શરીરના સામાન્ય લોકો જેવા કે સાંધાનો દુઃખાવો, કમ્મરનો દુઃખાવો, પીઠ ફાટવી વિગેરે માટે આ હળવો વ્યાયામ અક્સીર દવાનું કામ કરે છે.

આકાશમાંથી બહાર નીકળતા રવિરાજ જાણે કે સોનેરી કિરણોના રથમાં બેસી, પૂ. માનું અભિવાદન કરે છે, અને એ રવિરાજરૂપે પૂ. શ્રી ગુરુદેવ જાણે સૌને જગાડીને કહી રહ્યા છે. જુઓ, આ અમારા યોગીની મા સર્વેશ્વરી. આંખ ઊઘાડીને કરી લો દર્શન ને અહીં જ શોધી લો–યોગી યોગેશ્વરને.

શરીર, મન અને સાધના અને સંકલ્પોમાં શિખરે વિરાજતાં પૂ. માને પ્રણામ કર્યા વગર કેમ રહેવાય?

પ્રાતઃકાળની પ્રથમ બેઠક અહીં હોલમાં આવીને પૂરી થાય છે. સવારે ૭–૩૦ થી ૮–૩૦ અલ્પાહાર માટે વિશ્રામ મળે છે.

**બીજી બેઠક : સવારે ૮–૩૦ થી બપોરના ૧૨–૦૦**

૮–૩૦ થી ૯–૧૫ ચંડીપાઠ.

નવરાત્રિ હોવાથી દરરોજ ચંડીપાઠનું સમૂહ ગાન થાય છે. સૌને ચંડીપાઠની નકલ આપવામાં આવે છે. સુશીલાબેનની સાથે જ સૌ સમૂહમાં ચંડીપાઠનું સમૂહગાન કરે છે. દેવીની સ્તુતિ સૌના હૈયાંને પુલકિત કરે છે.

પૂ. મા પણ સમયસર બેઠકમાં પધારે છે. મૌન હોવા છતાં દર્શનથી સૌ તૃપ્ત થાય છે. એ સૌમ્ય મૂર્તિને નજરભરી સૌ નિહાળે છે અને કૃતકૃત્યતા પામે છે.

૯–૧૫ થી ૯–૪૫ મંત્રગાન.

ખૂબ જ ધીરા અને શાંત સ્વરથી શ્રી વિનોદભાઈ નીચેના મંત્રોનું ગાન કરાવે છે. સૌ શિબિરાર્થીઓ તે મંત્રને ઝીલે છે અને ઋષિમુનિઓના શાંત, પવિત્ર આશ્રમજીવનનું સ્મરણ કરાવે છે. તેથી એકાગ્ર અને લીન થવા માટે વાતાવરણ સાનુકૂળ બની જાય છે.

ૐ યોગેશ્વરાય નમઃ, ૐ ગુરુદેવાય નમઃ, ૐ મહાદેવાય નમઃ, ૐ કૃષ્ણાય નમઃ ૐ અંબિકાયૈ નમઃ, ૐ રામાય નમઃ, ૐ રઘુનાથાય નમઃ.

સૌ સાધકો પૂ. માના દર્શનનો લાભ ક્ષણવાર પણ ગુમાવવા માગતા નથી. સૌની દૃષ્ટિ પૂ. માના દર્શનથી પરિતૃપ્ત થતી જાય છે.

૯–૪૫ થી ૧૦–૧૫ ધર્મવાંચન.

જુદા જુદા ધાર્મિક પુરાણો, ગ્રંથો અને દેવ, દેવીઓના ચરિત્રોમાંથી પ્રેરણાત્મક, બોધદાયક અને માહિતીસભર વાંચન સુશીલાબેન કરે છે.

પ્રસંગને અનુરૂપ, પોતાની લાક્ષણિક રીતે પ્રવર્તમાન સામાજીક અને ધાર્મિક બાબતોમાં દેવદેવીઓનાં ચરિત્રોના પ્રસંગોને વણી લે છે અને શૈક્ષણિક-ક્ષેત્રના તેમના અનુભવશીલ વ્યક્તિત્વની સુંદર છાપ શિબિરાર્થીઓમાં પાડે છે. સૌ ધ્યાનથી આ ધર્મવાંચન સાંભળે છે અને ભારતીય આધ્યાત્મિક સંસ્કૃતિના એ ભવ્ય વારસાને સ્વીકારે છે અને તે માટે ગૌરવની લાગણી અનુભવે છે. દક્ષકન્યા સતી, દેવીસરસ્વતી, પાર્વતીજી, લક્ષ્મીજી, સતીસાવિત્રી, અનસુયાજી, શતરૂપા, મુક્તાબાઇની દૈવી કથાનું રસપાન સૌ માણી તૃપ્ત થાય છે.

પૂ. માનું મૌન છે, છતાં આ બધા પ્રસંગો પૂ. માની આજ્ઞા પ્રમાણે જ રજૂ કરવામાં આવ્યા છે. લોકોમાં વાંચનની વૃત્તિનો લોપ થતો જાય છે અને તેમાંય ધાર્મિક વાંચનનો તો ખાસ. તે અનુલક્ષીને પૂ. માએ સમૂહ ધર્મવાંચનનો કાર્યક્રમ રાખ્યો છે. પૂ. મા સાધકોને જાણે કે અંગુલિનિર્દેશ કરે છે કે વાંચો, વિચારો અને આવા પ્રસંગોમાંથી, ચરિત્રોમાંથી પ્રેરણા પ્રાપ્ત કરી, જીવનને ઉન્નત બનાવો. આદરણીય બનાવો. પોતાના જીવનનું ઘડતર જાતે જ કરવું પડશે તેવી શિખામણ પણ પરોક્ષ રીતે પૂ. મા પૂરી પાડે છે.

૧૦–૧૫ થી ૧૧–૧૫ પૂ. શ્રીની અમૃતવાણી.

કચકડાની આ કરામત છે. વીતેલા વૃત્તાંતોને જોવાનો, જોઇને અનુભવવાનો અને અનુભવીને આનંદ, પરમાનંદ પ્રાપ્ત કરવાનો અને સ્મૃતિઓને સજીવન કરવાનો આ વૈજ્ઞાનિક પ્રયોગ છે. પૂ. શ્રી ઇ. સ. ૧૯૮૧ માં કેનેડા, અમેરિકા તથા ૧૯૮૩ માં સાઉથ આફ્રિકા પધાર્યા તે સમયની પ્રવચનોની ઝલક ટી. વી.ના માધ્યમથી રજૂ થાય છે.

જેમણે પણ પૂ. શ્રીનાં પ્રત્યક્ષ દર્શન નથી કર્યા, જાતે પ્રવચનો નથી સાંભળ્યાં તે સૌ માટે આ કાર્યક્રમ આશીર્વાદરૂપ છે. પૂ. શ્રીની અમૃતવાણી તેમનું જ્ઞાન, તેમની ધર્મને રજૂ કરવાની રીત, તેઓશ્રીની શૈલી, તેઓશ્રીનું ભાષાનું પ્રભુત્વ, સંસ્કારો માટેની તીવ્રતા અને ભારતની ભૂમિ માટેનો પ્રેમ. આ અમૃતવાણીમાં વ્યક્ત થાય છે. તેમના પહેરવેશની સાદાઇ, વિનમ્રતા, રજૂઆત કરવાની લાક્ષણિકતા અને શિસ્ત તથા સમય-પાલનનો આગ્રહ ઝીણવટથી જોનાર દરેકને સ્પર્શી જાય છે. વિદેશની સમયપાલનતા અને સ્વચ્છતાનો પણ તેઓ આદરપૂર્વક ઉલ્લેખ કરે છે. પોતે શિસ્ત, સંયમ અને સદાચારના આગ્રહી હતા તેની સૌને પ્રતીતિ કરાવે છે.

પૂ. મા વ્યાસપીઠ ઉપરથી, પૂ. શ્રીને ધ્યાનથી સાંભળે છે અને જાણે કે પૂ. શ્રીના પવિત્ર સહવાસની સ્મૃતિને આ વિડીઓ દર્શન તાજી કરાવી જાય છે. તેમના મોઢા ઉપરના ભાવો તેમના હૃદયની આ વાત કહી જાય છે. શબ્દોનું શ્રવણ પણ પૂ. માને પ્રભુનો સ્પર્શ કરાવી જાય છે. દૃષ્ટિ કેળવીએ તો દ્રષ્ટા, દૃશ્ય બની આનંદ જરૂર આપે છે, અનુભૂતિ જરૂર પ્રદાન કરે છે.

કાર્યક્રમમાં પૂ. મા એક દિવસ પૂ. ડોંગરેજી મહારાજની ભાગવત ઉપરની વીડીઓ પણ સૌને બતાવે છે અને એ સંતપુરુષની અમૃતવાણીનો પણ સૌને લાભ આપે છે.

૧૧–૧૫ થી બપોરના ૧૨–૦૦ ભજન–ધૂન

આ કાર્યક્રમની વિશેષતા એ છે કે અહીં દરરોજ એક દેશભક્તિનું ગીત સુશીલાબેન ગાય છે. ભારતને અમેરિકામાં તેઓ ખડુ કરે છે અને "સારે જહાંસે અચ્છા, હિંદોસ્તાઁ હમારા." એ ગીત સૌને મુગ્ધ બનાવે છે; અને આવા મહાન દેશના વાસી હોવાનું ગૌરવ તેમનામાં જગાડે છે.

પ્રસંગને અનુરૂપ ભજનો ગવાય છે. ધૂનો પણ પ્રાણદાયી હોય છે. ૮–૩૦ થી ૧૨–૦૦ વાગ્યાની આ સૌથી લાંબી બેઠક ભજનો અને ધૂનોથી સૌને

હળવાશ આપે છે અને આત્માને અનુરાગથી ભરી દે છે.

સવારની બીજી બેઠક ભોજન સાથે વિશ્રામ પામે છે. ૪–૦૦ વાગે સૌ ફરી મળે છે.

**ત્રીજી બેઠક : બપોરના ૪–૦૦ થી ૬–૦૦**

૪–૦૦ થી ૪–૩૦ ધૂન.

સંસારના મોહ સામે ભક્તિની ધૂન. અંતરના રંગમંચ ઉપર ભગવાનની રાસલીલા મળે. હૃદયમાં એ અખંડ મંદિરના માલિકની ઉપાસના ચાલે. બપોરના લાંબા વિશ્રામ પછી ધૂન ગાવાથી મન ઝંકૃત થાય અને પ્રભુની સમીપ જાય, પ્રભુને ઉરમાં ધારણ કરે અને સંસારના પ્રદૂષણથી મનને મુક્ત કરે, સ્થિર કરે. દરરોજ જુદી જુદી ધૂનો ગવાતી રહે છે.

છેલ્લા સવા વર્ષથી સદંતર મૌનમાં આસીન પૂ. મા પણ ધૂન ગવડાવે છે. શબ્દો છેઃ–

**ૐ योगेश्वर रक्ष माम्, श्री योगेश्वर पाहि माम्।**

જે રક્ષે છે, તેનું જ સ્મરણ. જેને પામવા છે, તેનું જ રટણ. જાણે કે વૃંદાવનમાં મુરલી વાગે છે. મુરલીમાં સંગીત છે, આવાહન છે, આનંદ છે. સાથે શક્તિ પણ છે. પૂ. મા ધૂનમાં મસ્ત બને છે. ભાવ, ગીત અને સંગીતમાં સૌ ડૂબી જાય છે જાણે કે દેહનું ભાન ભૂલાઇ જાય છે. મનમાં થાય છે કે આ ધૂન એ ગાવાની ધૂન નથી. આ ધૂન પૂ. માને વર્ષોથી લાગી હતી તેની પ્રાપ્તિની પરાકાષ્ટા છે. તૃપ્તિ છે, સંતૃપ્તિ છે અરે ! પરિતૃપ્તિ છે. મનમાં થાય છે કે જીવનના ખરા પ્રસંગો સાહસ માંગી લે છે. પૂ. માએ સાહસ કર્યું તો જીવના જોખમે પણ મેળવ્યું. ધન્ય છે. પૂ. માની વિતરાગતાને અને અનન્ય શક્તિને, શક્તિની એ મહાદેવીને પ્રણામ્યા વગર કેમ રહેવાય? રખે માનતા આ મૌનનો ભંગ છે. આ તો રાતદિવસ હૃદયમાં જે રટણ સતત અંદર ચાલ્યાં કરે છે, તેના થોડા આસ્વાદની અભિવ્યક્તિ માત્ર છે.

૪–૩૦ થી ૫–૩૦ વાર્તાલાપ.

પૂ. શ્રી અને પૂ. માના થયેલા કૃપાપાત્ર પ્રસંગો કે ધાર્મિક વાર્તાલાપ આ બેઠકનાં મુખ્યાકર્ષણ રહ્યાં. શ્રી ઈશ્વરભાઇ પરમાર્થી પોતાના આધ્યાત્મિક અનુભવો સાથે કબીરવાણીને વણી લે છે, ઉપનિષદના શ્લોકો, પુરાણોની વાતો અને શિબિરની મહત્તા, પૂ. માનું જીવન અને પૂ. શ્રી સાથેનો પ્રથમ પરિચય, તે તેઓના વાર્તાલાપના વિષયો બને છે.

વળી શિબિરમાં આવેલા કેટલાંક સાધકોએ પણ વાર્તાલાપ આપ્યા. જેમાં પૂ. મા સાથે દશરથાચલની યાત્રા કરનાર શ્રી રાજુ ભાવસારનો વાર્તાલાપ રસપ્રદ રહ્યો. સૌને જાણે શિબિરમાં બેઠાં બેઠાં દશરથાચલની યાત્રાનું પરમસુખ ધર્યું. એ જ રીતે શ્રી જયંતિભાઇ, શ્રી ગોકુળભાઇ, શ્રીહિતેશ લાડ, શ્રી પ્રેમલ શાહ, ભાવના ભક્તના વાર્તાલાપો પણ સૌને સ્પર્શી ગયા. યજમાનપરિવારમાંથી જગદીપ-કુમાર, રમેશભાઇ, નારાયણભાઇ, સુશીલાબેન, શારદાબેનના વાર્તાલાપનો પણ લાભ મળ્યો. શ્રી ગુલાબબેન, શ્રી નીરૂબેન, શ્રી અંજુબેને પણ માનો મહિમા ગાયો ને શિબિરને સફળ કરવામાં પોતાનો અમૂલ્ય ફાળો આપ્યો.

હવે જે ક્રમ છે તે ભારતમાં રહી પૂ. માના જગદંબા સ્વરૂપને નિહાળતા, અવલોકતા, વાગોળતા, વધાવતા, શ્રી કલ્યાણના પત્રોનો છે. હૃદયમાં જાગેલા ઉન્મત, ઉન્નત અને ઉદારભાવોની જાણે કે લ્હાણી છે, નથી રહેવાતું, નથી સહેવાતું તેવું મનનું દર્શન છે અને જાણે કે ઓત્રેનાની એ શિબિરના સભામંડપમાં કોઇ ખૂણે હાજર રહી પૂ. માના ભાવોને તેઓ વહેતા કરતા દૃશ્યમાન થાય છે. નવરાત્રિના નવપત્રોની એ રસલ્હાણ છે, કબીરજીની સાખીઓ, મીરાંના ભક્તિપદો, દયારામની ગરબીઓ, પ્રીતમના છપ્પા અને નરસિંહના પદોનું સરવૈયું—એટલે શ્રી કલ્યાણના પત્રો.

પત્રોની ભાષા, ભાવ, નિરુપણશક્તિ, પ્રશંસનીય છે. સૌને પત્રોનું વાંચન ખૂબ જ ગમે છે. આશાબેન આ પત્રોનું પાન સૌને દરરોજ કરાવે છે. પત્રોને વાંચતાં, ભાવોને સમજતાં આંખે આંસુનાં તોરણ બંધાઇ જાય છે. દેવાધિદેવનું સ્વાગત તો આંસુના તોરણથી જ થાય ને! હૃદયની અટારીએ ચઢીને કરાય તેવું શ્રી કલ્યાણ સૌને સમજાવી રહ્યા છે. પૂર્વજન્મના સુસંસ્કારોનું એ પ્રતિબિંબ છે.

મારી દૃષ્ટિએ શ્રી કલ્યાણના પત્રો એ પત્રો નથી એ તો–

* ભક્તનો ભગવાન માટેનો પોકાર છે.
* ભક્તે ભગવાનનું દર્શન કર્યું તેનો પરમાનંદ છે.
* ભક્તના ભાવવિભોર મનની ભાવમય ગાથા છે.
* ભક્તના હૃદયના ધબકાર છે.
* વર્ષાની મૂશળદાર છે, પ્રેમની પરિતૃપ્તિ છે.
* પ્રકૃતિની પરમલીલાનું સંવેદન છે.
* આત્માની આહુતિનું આબેહૂબ અવલોકન છે.
* સરિતાના સલિલનું સુમધુર સંગીત છે.
* ઝરણાનું નિર્દોષ મુગ્ધમય ગાન છે.
* મોરની કળા છે. સ્વાગત સંગીત છે.
* સાગરની ભરતીનાં ભીંજવે તેવાં ભવ્ય મોજાં છે.
* નરસિંહ, મીરાં, તુકારામના પદોની પુણ્ય-સ્મૃતિ છે.
* પાગલ મનને નિરાંત મળે તેવી ગુણગાનની સમીક્ષા છે.
* હૈયાનું હેત છે, મનનું મીત છે, આત્માનો અવાજ છે.
* નરસિંહની કરતાલ, મીરાંની પાયલ, કૃષ્ણની સુમધુર વાંસળીનું જાણે પ્રતીક છે.
* દાસ્યભાવ છે, પ્રેમભાવ છે, ભક્તિભાવ છે, ગોપીભાવ છે અરે, એ તો અંતરનો આલાપ છે.
* અવિચળ શ્રદ્ધા અને અખૂટ પ્રેમ એ દરેક પત્રની સવિશેષતા છે.

શ્રી કલ્યાણે નામ સાર્થક કર્યું છે અને સૌની સાથે રહીને સૌને અમૃતરસ પાયો છે. મારી બુદ્ધિના અંશમાત્રથી, તેમના પ્રેમનો સમુદ્ર હું કેમ કરી વર્ણવું! [આમાંના એક પત્રની રજુઆત આ અંકના પાના ૩૬ થી શરૂ થાય છે.]

૫–૩૦ થી ૬–૦૦ મંત્રગાન.

ફરીથી મંત્રગાનની પ્રક્રિયા આપણા સુષુપ્ત મનને ધીમે ધીમે જાગ્રત કરે છે અને પ્રભુસાથે તાદાત્મ્ય સાધવામાં મદદરૂપ થાય છે. ધીમા લય અને ધીમા સૂરથી ઉચ્ચારાતા મંત્રો સાંજના સમયમાં ખૂબ જ ભાવમય લાગે છે. વાર્તાલાપના અઘરા વિષય પછી જાણે સૌને માનસિક હળવાશ લાગે છે.

ત્રીજી બેઠકનો સમય અહીં પૂરો થાય છે. ફળાહાર માટે વિશ્રામ. પાછા મળીશું અંતિમ અને ચોથી બેઠક માટે ૭–૩૦ વાગે.

**ચોથી બેઠક : સાંજના ૭–૩૦ થી ૯–૩૦**

૭–૩૦ થી ૮–૦૦ આરતિ અને ૮–૦૦ થી ૯–૩૦ રાસગરબા.

આરતિનો લાભ સૌને આપવામાં આવે છે. દરરોજ ત્રણ આરતિ ગવાય છે. જય અંબે માત ભવાની, ગુરુદેવ હે યોગેશ્વર, હું તો આરતિ ઉતારું સર્વેશ્વરીની.

(૧) પૂ. માની વ્યાસપીઠ પાસે પૂ. શ્રીનું પૂર્ણ કદનું સ્વરૂપ. (મધ્યમાં છે.)

(૨) મા જગદંબાનું મંદિર. (વ્યાસપીઠની ડાબીબાજુ)

(૩) શ્રીકૃષ્ણમંદિર. (વ્યાસપીઠની ડાબીબાજુ)

નવ દિવસની આરતિમાં દરરોજ જુદા જુદા કેન્દ્રના ભાઈબેનો ક્રમ પ્રમાણે લાભ લેતા. આઠમને દિવસે આખા હોલમાં દરેકના હાથમાં કોડીયાં આપી સૌએ પોતાના સ્થાન ઉપર ઊભા રહી દીવડા પ્રગટાવી, સમૂહ આરતિનો નવા અદ્દભુત કાર્યક્રમનો લાભ લીધો.

પૂ. માની ખાસ સૂચના છે કે સીનેમાના રાગમાં કે સીનેમાના ઢાળમાં ગરબા ગાવાના નથી. પવિત્ર વાતાવરણને પ્રદૂષિત નહીં કરવાનો ભાવ આમાં સમાયેલો છે. સાથે સાથે ચીલાચાલુ સસ્તા મનો-રંજનની સામે પણ અંગુલિનિર્દેશ છે. સંસ્કૃતિને અનુરૂપ ગરબા/રાસ ગવાય છે. પૂ. માની હાજરીમાં સૌ ગાય છે, ઘૂમે છે, આનંદે છે અને જીવનની ધન્યતા અનુભવે છે. જાણે કે અહીં નારીશક્તિને મુક્તમને રમણ કરવાનું ક્ષેત્ર મળે છે.

રાસ/ગરબા પછી શાંતિપાઠ, સંસારમાં બધાએ જીવો સદા સુખી હો, તથા વંદન કરું પ્રભુ ચરણોમાં આજે સ્તુતિ કરી બેઠક પૂરી થાય છે.

સૌ પ્રણામ કરી વિદાય લે છે.

ગરબા માટે લોસએંજલસથી શ્રી સંજીવભાઈ અને ગીતાબેન મુનશીની સંગીતમંડળીને યજમાન તા. ૧૯/૧૦ થી ૨૧/૧૦/૯૬ આમંત્રે છે. સૌ તેની પણ મજા માણે છે.

**પ્રતિદિનની ચાર બેઠકોની સવિશેષતાઓ**

* પૂ. મા, પૂ. શ્રીની માફક જ સમયપાલનનાં ખૂબ જ આગ્રહી છે. પ્રતિદિન દરેક બેઠકનો સમય ઘડિયાળના સેકંડ કાંટાને વફાદાર રહ્યો. સૌની શિસ્ત અને સમયપાલન સ્તુત્ય છે.

* પૂ. મા, પૂ. શ્રીની જેમ દેશભક્તિને જીવનમાં પ્રાધાન્ય આપે છે અને તે માટે તેઓ શ્રી સુશીલાબેન પાસે દરરોજ એક એક દેશભક્તિનું શૌર્યગીત સૌને સંભળાવે છે.

* સવારની પ્રથમ બેઠક ૫–૩૦ વાગે શરૂ થાય છે, ચ્હા, કોફીના બંધનો તોડીને પણ સૌ સમયસર, પ્રફુલ્લિત રીતે કાર્યક્રમમાં સામેલ થઈ જાય છે.

* મોટાભાગના શિબિરાર્થીઓ પ્રતિદિન વિશ્રામ દરમ્યાન ભોજનગૃહમાં મૌન ધારણ કરે છે.

* શિબિરના નવ દિવસ દરમ્યાન દરરોજ ભોજનગૃહમાં એક સુવિચાર રજૂ થતો. સૌ તેનું ધ્યાનપૂર્વક વાંચન અને મનન કરતા રહેતા.

* દરેક બેઠકમાં, બેઠકના બધા જ સમય દરમ્યાન પૂ. મા વ્યાસપીઠ ઉપરથી સૌ સાધકોની બેસવાની પદ્ધતિ અને એકાગ્રતાનો જાણે કે અભ્યાસ કરતાં, ઝીણવટભર્યું નિરીક્ષણ કરતાં.

* નવ દિવસમાં બે દિવસ બાદ કરતાં પૂ. માએ સૌને પોતાની અમૃતવાણીનો લાભ આપ્યો હતો.

* પ્રતિદિન મોટાભાગની બેઠકોમાં પૂ. માએ સૌ શિબિરાર્થીઓને દિવ્ય દર્શનથી સાન્નિધ્ય આપ્યું હતું.

* શિસ્ત, સંયમ, સદાચાર, સહિષ્ણુતા અને સમયપાલન જાણે કે શિબિરના અલંકારો હતા. ઓઝોનાની શિબિરે નોર્થ અમેરિકામાં જ નહીં પણ વિદેશના આધ્યાત્મિક આકાશમાં ધ્રુવના તારા સમું અવિચળ પદ પ્રાપ્ત કર્યું. ધન્ય છે પૂ. માની આયો-જનશક્તિને અને અજોડ ગુરુભક્તિને. અને શિબિરના આયોજકોને—યજમાન પરિવારને.

શરીર અને મનને આધ્યાત્મિક વાતાવરણને અનુકૂળ બનાવી શિબિરના નિયમોને મનમાં ધારી, સૌ શિબિરાર્થીઓ નવ દિવસની જપયજ્ઞ શિબિરમાં પધારવા ઉત્સુક બન્યા છે. પૂર્વસંધ્યાએ ૨૦૦ ભાઈબેનોનું તો આગમન થઈ ચૂક્યું. સૌ ભોજન બાદ વિશ્રામ કરે છે.

### તા. ૧૩/૧૦/'૯૬, રવિવાર,
### શિબિરનો પ્રથમ દિવસ

ઓક્ટો. ૧૩/'૯૬ ને રવિવારનું એ સુમંગલ સુપ્રભાત, સવારના ૫–૩૦ નો સમય, શાંત વાતાવરણ, નભમંડળમાં ચંદ્રની વિદાય અને સૂર્યદેવતાના આગમનની રાહ જોતા તારાઓની સાક્ષીએ પ્રભાતની પ્રથમ બેઠક આરંભાય છે. સૌ શિબિરાર્થીઓનો ઉત્સાહ અને ઉલ્લાસ અવર્ણનીય છે. એકબીજાને અભિવાદન આપતા, "જયકૃપાળુ મા"ના ઉચ્ચારથી વાતાવરણ ભરાઇ જાય છે.

ગુલાબના પુષ્પોથી શોભતા ફૂલાવરમાં ગુલાબના પુષ્પોથી સુમનમાળાઓ દીપ, અગરબત્તી ને ધૂપથી સુગંધિત વાતાવરણમાં પૂ. માના ૧૨૫ પ્રણામ દિવ્યવાણી કેસેટ ઉપર સંભળાય છે. ત્રણ વાર ૐ યોગેશ્વરાય નમઃ ના મંત્રોચ્ચાર સાથે પ્રણામની બેઠક શરૂ થાય છે. સૌ શિબિરાર્થીઓ સમૂહમાં પ્રણામ કરે છે.

સવારના પ્રણામ પછી, મંત્રોચ્ચાર, મૌનજપ, પ્રાર્થના અને પ્રભાતફેરી. ત્યારબાદ વિશ્રામ. વિશ્રામ પછી સૌ સમૂહમાં ચંડીપાઠ કરે છે, ત્યાર બાદ ધર્મવાંચન થાય છે. આજે શ્રી દક્ષકન્યા સતીનું ચરિત્ર શ્રી સુશીલાબેન સૌને વાંચી સંભળાવે છે. ત્યારબાદ પૂ. શ્રીની અમૃતવાણી સૌ વીડીઓદ્વારા સાંભળે છે.

હવે જોવા મળે છે વિદેશની ધરતી ઉપર ભારતીય સંસ્કૃતિ અને તેનું મહત્ત્વ. યજમાન દંપતી શ્રી જગદીપભાઇ અને નયનાબેન સૌને વ્યક્તિગત રીતે કુમકુમના ચાંલ્લાથી સ્વાગત કરે છે, સૌનું અભિવાદન કરે છે. પૂ. મા પાસેથી સૌ ગુલાબના પુષ્પનો પ્રસાદ પામે છે. દરમ્યાનમાં શ્રી સુશીલાબેન "આજ મારે આંગણે હો ઉત્સવ અપાર છે," એ ભજનથી વાતાવરણ જાણે ભક્તિનો રૂપેરી રંગ પામે છે, વળી "સગપણ શ્રીવરનું સાચું રે," ભજન પણ ગવડાવી સૌનું સગપણ પાકું કરાવી લે છે.

હવે યજમાનપરિવારની છ વર્ષની નાનકડી પૂજા સ્વાગતનૃત્ય કરે છે. વિશેષતા એ છે કે નૃત્ય સમયે બાળ પાર્થ તબલા વગાડે છે. જગદીપભાઇ વાજીંત્રપર સૂર રેલાવે છે અને નયનાબેન તથા સુશીલાબેન ગીત ગાય છે. જાણે આ નાનકડો પરિવાર જ નાનકડી સંગીતમંડળી. સૌ પ્રસન્ન થઇ જાય છે. બંને બાળકોની કળા ઉપર જાણે સૌ વારી ગયા.

શિબિરમાં નાઇજીરીયા, વેસ્ટ આફ્રિકાથી પધારેલા ખાસ મહેમાન શ્રી નારાયણદાસ અને સાવિત્રીબેન (જેઓ લોહીની સગાઇથી પૂ. માના પરિવારના સભ્ય છે, તેઓ દીપ પ્રકટાવીને શિબિરનું ઉદ્‌ઘાટન કરે છે. અને સાવિત્રીબેન આશ્રમભજનાવલીમાંથી સુંદર ભજન ગાય છે. આશ્રમભજનાવલી જાણે કે કાલીદાસકાકાના પરિવારનું અતિપ્રિય પુસ્તક હોય તેની પ્રતીતિ કરાવે છે. સૌ ભોજન માટે વિરામ પામે છે.

સાંજના ચારવાગ્યાની બેઠકના પ્રારંભમાં ન્યુજર્સીથી પધારેલા ધીરજબેન નાણાવટી સુંદર ધૂનો તાલબદ્ધ રીતે ગવડાવે છે અને સૌને લીન કરે છે, ભક્તિરસમાં તરબોળ કરે છે.

હવે ઓઝેના ગામના સ્થાનિક બાપ્ટીસ્ટ ચર્ચના પાદરી શ્રી બીલફૂલર શિબિરના હોલમાં પધારે છે તેઓ છેલ્લા છ વર્ષથી ઓઝેનાના ચર્ચમાં પાદરી તરીકે સેવા આપે છે.

શ્રી ગોકુલભાઇ ભક્ત, શ્રી બીલફૂલરનો સૌને પરિચય આપે છે અને યજમાન શ્રી રમેશભાઇ પુષ્પગુચ્છથી તેઓનું સ્વાગત કરે છે. ત્યારબાદ શ્રી બીલફૂલર અંગ્રેજીમાં ભગવાન ઇસુ વિષે અને ખ્રિસ્તીધર્મ વિષે વાતો કરે છે અને પોતે ભારતમાં દિલ્હી અને અલ્લાહાબાદ ત્રિવેણીસંગમની લીધેલી મુલાકાતનાં સંસ્મરણોને યાદ કરે છે. તેમને ભારત ગમ્યું અને સૌથી વિશેષ ત્યાંથી જે આદરભાવ અને

સન્માન મળ્યાં તે તેમના હૃદયમાં અંકિત થઇ ગયાં તેમ જણાવ્યું. ત્યારબાદ પૂ. માની આજ્ઞાથી શ્રી સુરેશભાઇ શાહને બોલવાની અનુમતિ મળે છે. સુરેશભાઇનો વાર્તાલાપ અંગ્રેજીમાં હતો તે અંગ્રેજી વાર્તાલાપનો ગુજરાતી સારાંશ નીચે મુજબઃ–

* ભારતીય સંસ્કૃતિ અતિથિદેવોમાં માને છે, સૌને સન્માને છે અને પરિચય પામતાં કુટુંબ-ભાવનાથી સૌનો સત્કાર કરે છે.

* પ્રભુ ઇસુના વાક્ય, "તું તારા પાડોશીને, તારી જેમ જ પ્રેમ કર"નો પ્રત્યુત્તર આપતાં કહેવાય છે કે અમે તો પાડોશીને જ નહીં પણ સંસારમાં સૌ વનસ્પતિ, પ્રાણી, પક્ષી, સમસ્ત માનવજાતને પોતાની જાત જેટલો જ પ્રેમ કરીએ છીએ.

* ઓઝોનામાં પૂ. માના સાન્નિધ્યમાં નવ દિવસની શિબિરમાં પૂ. માના સમર્પણ, ભક્તિ અને શ્રદ્ધાના ત્રિવેણીસંગમમાં અમે સૌ સ્નાન કરીશું અને ઓઝોનામાં જ અલ્હાબાદ સર્જીશું.

* દિલ્હી ભારતનું પાટનગર છે. પૂ. મા પણ અમારા સૌના જીવનમાં પાટનગરથી સહેજપણ ઓછું અગત્યનું સ્થાન નથી પ્રાપ્ત કરતાં. પાટ-નગરની જેમ જ તેમનું અમારા જીવનમાં પ્રાધાન્ય છે અને મહત્તા છે. તેમના આધ્યાત્મિક નીતિ નિયમોનું અમે સૌ સાધકો ચૂસ્તપણે પાલન કરવા પ્રયત્નો કરીએ છીએ.

* પૂ. શ્રી વિષે માહિતી આપતાં જણાવાય છે કે પૂ. શ્રી એક સંત હતા, વિવેચક હતા, લેખક હતા, કવિ હતા, સાધક હતા, આત્મદર્શી મહાપુરુષ હતા. જગદંબાના પરમ ઉપાસક હતા અને જગદંબાને પ્રકટ કરનાર પૃથ્વી પરના અવતારી મહાપુરુષ હતા. તેઓએ જગદંબા સાથે રૂબરૂ વાતચીત કરી છે અને માનો સ્પર્શ પણ પામ્યા છે.

* પ્રકાશના પંથે પૂ. શ્રીની આત્મકથાનો પણ ઉલ્લેખ કરવામાં આવે છે.

* પૂ. માનાં વ્રતો, નિર્જળા ઉપવાસો, અન્ન-વિનાના ઉપવાસો અને અનુભૂતિઓનો પણ તેઓ-શ્રીને ખ્યાલ આપવામાં આવે છે.

આ વાર્તાલાપથી પાદરી ખૂબ જ પ્રભાવિત થાય છે અને પોતાને શિબિરમાં લાભ મળ્યો તેમ જણાવે છે. ઉદ્‌ગારો હતા કે, "પૂ. શ્રીના દર્શન કરવા તેઓ ભાગ્યશાળી ન થયા અને પૂ. માનું શારીરિક બળ જોતાં પ્રથમ દૃષ્ટિએ કોઇને તેમની આધ્યાત્મિક ભૂમિકા અને સમર્પણનો ખ્યાલ ના આવે તે સ્વાભાવિક છે."–તેમના સમભાવ માટે અમને ધન્યતા આપવાનું મન થયું.

હવે આવે છે. પરમાર્થી–નામ પ્રમાણે જ ગુણ. સૌના પ્રિય અને પૂ. મા–પ્રભુના કૃપાપાત્ર શ્રી ઈશ્વરભાઇએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે, "મહિમા જાણ્યા વગર પ્રેમ પ્રકટતો નથી." પૂ. મા સાથેના શ્રી જગન્નાથયાત્રાનો દરિયાદેવનો પ્રસંગ વિગતે જણાવ્યો અને પૂ. માનું અભિવાદન કરી દરિયાદેવ પ્રસન્ન થયાની વાત કરી.

બેઠકના અંતમાં શ્રી સુશીલાબેન "હમ હોંગે કામિયાબ એક દિન," અને "સારે જહાંસે અચ્છા હિંદોસ્તાં હમારા" પૂરા દેશભક્તિના ભાવથી અને બુલંદ સ્વરથી ગવડાવ્યું કે જાણે અમે ભારતમાં જ છીએ તેવું લાગ્યું, ભારતદેશ જીવંત બન્યો અને દેશભક્તિથી સૌ રંગાઇ ગયા. હવે અલ્પાહાર માટે વિરામ મળે છે. ૭–૩૦ વાગે સાંજના, અલ્પાહાર પછી છેલ્લી બેઠક મળે છે.

શિબિરના કાર્યક્રમ મુજબ હોલમાં આરતિ થાય છે. ત્યારબાદ રાસ–ગરબાની રમઝટ જામે છે. આજના ગરબા–રાસ જોવા પૂ. મા બેઠકમાં પધારે છે.

પૂ. માનો અભિનય કોણ પામે? જેના ગરબા ગાઇએ, જેની સ્તુતિ કરીએ, જેની વંદના થાય અને જેના ગુણગાન થાય, અરે! જેને પામવા, દર્શન

કરવા તપ કરવાં પડે, હાડ ગાળવાં પડે અને શરીરની ખાલ ઉતારવી પડે તે જ પ્રત્યક્ષ હોય, તેના દર્શનમાત્રથી કેટલો આનંદ થાય તે તો સ્વાનુભવે જ સમજાય.

પ્રથમ દિવસ શિબિરનો આ રીતે પૂરો થયો.

આજે પૂ. મા દરેક બેઠકમાં સૌમ્ય અને ગંભીર જણાય છે. હાસ્ય સીમિત છે, પ્રેમ કેવળ દૃષ્ટિથી પ્રકટ થાય છે.

પણ મૌનની અભેદ્ય દિવાલ તોડવા તૈયાર નથી, સીમિત જગતની અસીમિત વાતોને મનમાં ધારણ કરી વ્યાસપીઠ ઉપર બીરાજતાં પૂ. મા સૌને દર્શન-થી કૃતકૃત્ય કરે છે. આશા અમર છે અને શ્રી કલાપી કહે છે તેમ "લાખો નિરાશામાં એક અમર આશા છૂપાઈ છે" તેને દોહરાવતાં સૌનો પ્રથમ દિવસ પૂરો થાય છે.

**તા. ૧૪/૧૦/'૯૬, સોમવાર,**
**શિબિરનો બીજો દિવસ.**

આજે પ્રાતઃકાળથી મનમાં થાય છે કે શિબિર નિષ્પ્રાણ છે, પૂ. માની અમૃતવાણી સિવાય લાગે છે કે મહેલ છે પણ રાજા નથી, સરિતા છે પણ સલિલ નથી, કૂવો છે પણ પાણી નથી, મોર છે પણ કળા નથી. સૌની એક જ પ્રાર્થના છે, ઇચ્છા છે, આકાંક્ષા છે અભીપ્સા છે કે પૂ. મા મૌન છોડે. ચાતકપક્ષીની જેમ સૌ કાગડોળે તે શુભ ક્ષણની પ્રતીક્ષા કરી રહ્યા છે. સ્વાતિ નક્ષત્રની સૌ રાહ જોઇ રહ્યા છે.

સવારની ૫–૩૦ ની પ્રણામની બેઠક શરૂ થાય છે. પ્રણામ કરી સૌ પોતપોતાના સ્થાને બેસી જાય છે. સ્વસ્થતા પ્રાપ્ત કરે છે. મૌનજપ, પ્રાર્થના, પ્રભાતફેરી, વિશ્રામ, ચંડીપાઠનો કાર્યક્રમ ગઇકાલની જેમ જ સમયસર પૂર્ણ થયો. અને પૂ. મા પૂ. શ્રીના સ્વરૂપને હાથમાં ધારી હોલમાં પ્રવેશે છે. ધીર ગંભીર ચાલ છે. પૂ. શ્રીના સ્વરૂપને વ્યાસપીઠ ઉપર વિરાજમાન કરી પૂ. મા પ્રણામ કરે છે. સૌ સાધકોને પણ વ્યાસપીઠ ઉપરથી મા પ્રણામ કરે છે. અને એ સ્વાતિ નક્ષત્ર આવે છે. શ્રી સાવિત્રીબેન તથા શ્રીનારાયણભાઇને નિમિત્ત બનાવીને એ આનંદ-મયી માતાના સ્વમુખે સૌ દિવ્યવાણીનો મહા-વાણીનો પ્રસાદ અચાનક પામે છે. સૌ આનંદ-વિભોર બને છે. આંખમાં હર્ષાશ્રુ છે અને હૈયામાં અપાર આનંદ છે.

પ્રાતઃકાળે આકાશમાંથી ગર્જના થતી હોય તેમ સ્વરો વહેવા માંડે છે.

"ૐ ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ!" ગાયત્રીમંત્ર સૌ ઝીલે છે. આનંદની અવધિ આવે છે સૌ ગાય છે, નાચે છે અને મંડપ એ અવર્ણનીય આનંદથી ઉભરાય છે. જાણે કે જંગલમાં મંગલ. શબ્દો એ વર્ણન માટે ટાંચા છે. ભાષા નિરુત્તર છે. સૌ એ ભાવગંગામાં સ્નાન કરી ધન્ય બને છે. દસથી પંદર મિનિટના મંત્રોચ્ચાર પછી પૂ. મા પોતાના સર્વસ્વ એવા શ્રી પ્રભુની ધૂન ગાય છે.

ૐ યોગેશ્વર રક્ષ મામ્, શ્રી યોગેશ્વર પાહિ મામ્।

પૂ. માની આંખમાં આંસુ છે, ઉન્મત્ત બનેલા મનનો જાણે એ પ્રત્યુત્તર છે. લગભગ ચારસો તેત્રીસ (૪૩૩) દિવસ પછી પૂ. મા મૌન છોડે છે. એમ કહો કે મૌન પૂ. માને છોડે છે. અને ત્યારબાદ પૂ. મા ભજન ગાય છે.

"શ્યામલરૂપ ધરી આવે, સર્વેશ્વરીને શોધીને સંભાળે,
જે જેનું હોય તે શોધીને લાવે,
નિયમ જગનો પાળે."

પૂ. માનું વિરલ વ્યક્તિત્વ અહીં જોવા મળે છે. સંપૂર્ણ મસ્તીમાં દેહભાન ભૂલીને પૂ. મા બંને હાથ-થી અભિવ્યક્તિ કરતાં જણાય છે. દ્રષ્ટા દૃશ્ય બને છે, ભગવાન ભક્ત બને છે અને અંતરના એ તારને ઝણઝણાવી જાય છે. સૌને શિબિરની સાર્થકતા સમજાય છે. સૌ ધન્ય બને છે. કૃતકૃત્ય બને છે. લગભગ દોઢ કલાક સુધી પૂ. માની એકધારી વાણી સાંભળવા મળે છે.

*

### વર્ષાની વાદળી વરસી ગઇ !

## મૌનનો મહાપ્રસાદ

ભારતથી અમેરિકામાં પધાર્યાં ત્યારથી એટલે કે તા. ૬ ઓગસ્ટ ૧૯૯૫ થી પૂ. માનું મૌન છે. ગુરુનું મૌન શિષ્યો માટે સમસ્યા હોય છે, કદીક મૂંઝવણ હોય છે.

પૂ. માનું મૌન ઉપદેશાત્મક છે, જણાવે છે કે, બાળક બે વર્ષનું થતાં બોલતાં શીખી જાય છે. પણ મૌન રહેવું એ મોટી વાત છે. કેટલા માણસો જીંદગીનો અંત આવે ત્યાંસુધી તે શીખી શકતા નથી.

વાણી કરતાં મૌન મહાન છે, મૌન કરતાં પણ વેદના ભરેલું મૌન તો ઘણું મહાન છે, જે વેદના બોલતી નથી એ વેદનાના વજ્જરની તોલે આ દુનિયામાં કોઇ ચીજ આવી શકતી નથી.

પૂ. મા કર્તવ્યની કઠિન કેડી ઉપર ચાલે છે, સાધનાની સઘન ઝાડીમાંથી પસાર થાય છે અને પ્રભુપ્રાપ્તિની પગદંડી પર શ્રીપ્રભુની પ્રેરણાથી પૂ. મા પગલી પાડે છે.

નવરાત્રિ જપયજ્ઞની, ઓઝ્રેના, અમેરિકામાં યોજેલી શિબિરમાં, શિબિરના બીજા દિવસે સૌ સાધકોને મૌનની મહાપ્રસાદી મળે છે. પૂ. માની અમૃતવાણી લગભગ ૪૩૦ દિવસ પછી સાંભળવા મળે છે. એ ધન્ય દિવસ હતો. ૧૪–૧૦–'૯૬ ને સોમવાર અને શુભસમય હતો સવારે ૯–૦૫ વાગ્યાનો. સ્થળ હતું ઓઝ્રેના, સદ્‌ભાગી હતા તમામ શિબિરાર્થીઓ.

મૌન જાણે કે મુંઝાઇ ગયું, મુરઝાઇ ગયું, હારી ગયું, થાકી ગયું. અને પૂ. માને છોડીને ચાલ્યું ગયું.
પરમશક્તિની અધિષ્ઠાત્રીને મૌન ના હરાવી શક્યું,
અનંતના એ યાત્રીથી મૌન જાણે રિસાઇ ગયું.
પ્રેમની પાળ તૂટી ગઇ અને
હૈયાનું હેત ઊભરાઇ ગયું,
આત્માના તેજ વિસ્તરી ગયાં અને
મનનો મોરલો ટહૂકી ઊઠયો.

"ૐ યોગેશ્વરાય નમઃ"

"ૐ ગુરુદેવાય નમઃ"

કેટલું બધું ઉપદેશાત્મક, કેવા સુંદર ઉદ્‌ગારો, કેવી અદ્‌ભુત પ્રાર્થના અને ગુરુ પ્રત્યેનો કેવો વંદનીય મનોભાવ. જેને સર્વસમર્પણ કર્યું, જેનાથી સર્વ કાંઇ પ્રાપ્ત થયું અને જે દ્વારા આ જીવન ચાલી રહ્યું છે તેમને કેવી સુંદર હૃદયાંજલિ !

ભાવવિભોર પૂ. માના વ્યાસપીઠ ઉપર દર્શન કરવાં એ જીવનનો અમૂલ્ય અવસર બની ગયો. સાધકો ધન્ય બન્યા એ દર્શનથી. સૌનાં હૈયાં ભાવવિભોર થઇ ગયાં અને શિસ્ત, મર્યાદા અને કહેવાતી આમન્યા છોડીને સૌએ આ પ્રસંગને નાચી, કૂદી, ગાઇને વધાવી લીધો.

પૂ. મા મસ્તીમાં હતાં, પ્રભુનાં ભેખધારી હતાં, પ્રભુના ચરણોમાં સંતુષ્ટ હતાં અને ભાવવિભોર હતાં.

આ રહ્યો એ અલૌકિક ઉદ્‌ગારોનો સારઃ–

* મહાપુરુષો વિશેષ કાર્ય લઇને પ્રકટ થાય છે.
* પોતાના પાત્રોને શોધીને સંભાળે છે.
* ધારેલાં કાર્યો કરાવે છે. કરવાની શક્તિ અને પ્રેરણા પૂરાં પાડે છે.
* અવતારી કાર્યો કરાવે છે.
* પૃથ્વી, પાણી, વાયુ, આકાશ અને તેજ. સૌ-માંથી માણસો પાત્રતા પ્રમાણે અમૃત ઝીલે છે.
* ૧૩ વર્ષથી પૂ. શ્રી આ પાત્રને પોતાની ઇચ્છા પ્રમાણે જીવાડે છે.
* સ્વરૂપને જાણી શકાય છે. પામી શકાય છે.
* દિવ્યવાણીને ઝીલી શકાય છે.
* અલૌકિક વ્યક્તિત્વને અનુભવી શકાય છે.

* બધાં લૌકિક દ્વાર જે બંધ કરે છે, તેની અંદર પ્રભુ પધારે છે.

* પ્રભુપ્રાપ્તિની પગદંડી ઉપર પ્રેરકબળ, શ્રદ્ધા અને સદ્‌ગુરુ (આપણી) સાથે ને પાસે હોય છે, તે છે.

* જીવનો પુરુષાર્થ અને ઈશ્વરકૃપાનો પ્રસાદ એટલે ઇચ્છિત ધ્યેયની પ્રાપ્તિ.

* દૃશ્યજગત શાંત થઇ જાય–અંતરનું અદૃશ્ય જગત જોવા વાણી વિરામ માગે, આંખ પણ વિરામ માગે.

પૂ. માની સાધનાની વિશેષતા એ છે કે, સાધનાના કામ દરમ્યાન પૂ. માને થાક નથી લાગ્યો, અશ્રદ્ધા નથી જાગી, પગદંડી છોડવાની ઇચ્છા નથી થઇ, આગળના અલૌકિક પ્રદેશમાં વિચરણ ચાલ્યાં જ કરે છે.

બે કલાક પૂ. માએ વાણીનો લાભ આપ્યો. પાછું મૌન.

વર્ષાની વાદળી વરસી, જમીન ભીની થાય ના થાય ત્યાં તો અદૃશ્ય થઇ ગઇ! આકાશમાં થતી વિજળી ઝબકીને જાણે વિલીન થઇ ગઇ!

મૌનની એ મહાપ્રસાદીરૂપ વાણી માટે મહિમાવંતા માનો આભાર. અમૃતવાણીની વર્ષાનો અભાવ ક્યારેય ના થાય તેવી પ્રભુને પ્રાર્થના.

"યોગેશ્વર પ્રભુ શત પ્રણામ હો, મા સર્વેશ્વરી શત વંદન હો."


**સાચી શાંતિ અને આનંદની પ્રાપ્તિના ઉપાય**

માણસે જીવનમાં સાચી શાંતિ અને સાચો આનંદ પ્રાપ્ત કરવા માટે પરમાત્માના પ્રેમી થવાની ને તેનો પ્રત્યક્ષ અનુભવ કરવાની જરૂર છે. તે વિના આત્માનું રહસ્ય નહિ સમજાય ને શાન્તિ પણ નહિ મળે.

યોગેશ્વર

ઓ. : ૨૨૩૫૯૮
૨૩૪૦૧૬

ફે. : ૩૬૨૪૩૭
ઘ. : ૪૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન

**"સત્યવાન" તથા "ચંદન"**

૬, ૮ તથા ૧૦ હો. પા.

–: બનાવનાર :–

# કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ

ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨

# શિબિર અને એનું મહત્ત્વ શું?

સુરેશ ભક્ત-એલ. એ., અમેરિકા.

[નોંધ : ફક્ત છ ધોરણ સુધી નારગોલમાં ભણ્યા પછી વિદેશ વસતા યુવાન સુરેશભાઇ ભક્ત પોતાના ભાવ આ રીતે ગુજરાતીમાં વ્યક્ત કરે છે. શિબિરમાં પ્રથમવાર આવ્યા.]

**એક ચિંતન**

**૧**

શરીર અને મનને શિસ્ત અને નિયમન શિખવનારું, આપણી ચેતનાને એકત્રિત કરનારું, સમૂહ જીવન જીવતાં શિખવનારું સેવા કર્મ કેવી રીતે કરવું તે બતાવનારું, ત્યાં પોતાપણાનું ભાન ભૂલીને, ત્યાં તો સર્વ પ્રકારે ઓગળી જવાનું રહે છે. પોતા સિવાય નથી કોઇને જ્ઞાન કે સલાહની જરૂર. અલબત્ત તે જ્ઞાનને અંગત જીવનમાં ઉતારવું રહે છે, આધ્યાત્મિક પંથે કોઇ આગળ તો કોઇ પાછળ. ત્યાં નથી આગળ ધપેલાનું વધુ મહત્ત્વ, કે નથી પાછળ રહેલાનું પછાતપણું. ફક્ત રહ્યા છે સર્વ બાળકો સત્યની યાત્રાના. શિબિર તો છે એક પાઠશાળા, જે બતાવે છે જીવન જીવવાની કળા.

**૨**

જે સમજ્યા શિખ્યા શિબિર શાળામાં
તેને લાવી સંસારી વ્યક્તિગત જીવનમાં,
મથામણ અને અભ્યાસથી તે વિદ્યાને
પ્રગટાવો અને ફેરવો જીવનની દિશાને;
આમ એક દિવસ મળશે સત્યનું બારણું,
મળી જશે આ જીવનને તરવાનું માધ્યમ,
પ્રભુ બનશે તેનો સાચો સાથી,
આનંદ થાશે મા સર્વેશ્વરી તેમ જ યાત્રીને,
સફળ તેમ જ સાર્થક બનશે શિબિરનો પ્રયોગ.
તો જ શિબિરનું સાચું મહત્ત્વ સાર્થક બન્યું લેખાશે.

**૩**

નથી મહત્ત્વ શિબિરના એક એક કર્મનું,
કારણ, એ તો થઇ ગયું ભૂતકાળનું.
હવે કરવાનું છે શું?

ભૂતકાળને વાગોળ્યે નહિ ચાલે, વર્તમાનમાં જ જીવતાં શીખવાનું છે, એ છે શિબિરની શીખ.

શિબિરમાં પ્રકટેલા ભાવો ફરી પાછા જલ્દી નથી પ્રગટી શકતા,

પણ બિચારું મન બીજું શું કરી શકે? એને તો જે ઘરેડમાં ઘડાયું છે તે ને તે જ તે કરશે.

પણ પુરુષાર્થ અને સમજને સહારે તેને બદલવું જ રહ્યું, તો જ સફળ થશે શિબિરનો હેતુ.

**૪**

શિબિરમાં હાજર જ્ઞાની, ભક્ત સાચે ઘણા,
વિવિધ પ્રકારનાં મન ધરાવનાર માનવીઓ,
એમાં હું એક ઠોઠ બાળક તારો, હે મા,
નથી કોઇ ઈર્ષા જાગી પૂજનીયોને જોઇ,
મેં તો કરી કોશિશ સાંભળવાની બધાને,
જેટલું લાગુ પડે શિબિરમાંથી મને
કર્યા પ્રયત્નો પકડવાને તે.

બાકી શિબિર ગંગામાં વહેતું બધું જ્ઞાન વારિ,
કેમ પી શકું? મારું ગજું કેટલું?
હે મા, મારે બીજા જ્ઞાનની આવશ્યકતાય શી છે?
જો એક 'મા' જ યાદ રહી જાય
અને બધું જ એને સમર્પિત થઇ જાય!
તો તો મારું મોટું કામ થઇ જાય. બેડો પાર થઇ જાય,
ત્યાં પછી નથી મહત્ત્વ માળા, જપ, ધ્યાન
કે કોઇ ક્રિયાઓનું.
જે મને ના પહોંચાડી શકે મારી 'મા' સુધી.

૫

જીવંત મૂર્તિ છે મા સર્વેશ્વરી–પરમ પરમેશ્વરની,
અરે, એ તો હાલતી ચાલતી શાસ્ત્રોની જીવંત ચોપડી,
એને જોયા પછી ક્યાં જવું કોઇ મંદિરે?
એ તો પ્રત્યક્ષ પ્રકટી છે–સર્વે દેવોની દેવી.
લૂંટી લો એ મા સર્વેશ્વરીને
જેટલું લૂંટાય એટલું.
લૂંટાવા જ આવી છે એ સર્વે સંપત્તિઓ લઇ,
પરંતુ
એની પાસે કોણ આવે?
સર્વ સમર્પણની વાત સૂણી સૌ પાછા ભાગે.
અને જે આવ્યા છે તે ઊભા છે
મૌન ધરી,
પોતાનું સર્વસ્વ લૂંટાવીને જ જે આવ્યા છે
તેમને શી જરૂર છે કાંઇ લૂંટવાની?
આ છે એક નટખટ બાળની અવળી વાણી.

O

Statement about the ownership and other particulars about magazine **'ADHYATMA'** monthly to be published in the issue every year after the last day of February.

**Form–IV ( See Rule–8 )**

| | |
|---|---|
| 1. Place of Publication : | 'PARAMDHAM.', Plot No. 1688 B, Sardarnagar, Bhavnagar–1 |
| 2. Periodicity of its publication : | Monthly. |
| 3. Printer's name, Nationality and address : | Narayan H. Jani, Indian. Plot No. 1688–B, Sardarnagar, Bhavnagar–1. |
| 4. Publisher's name, Nationality and address : | Same as above. |
| 5. Editor's name, Nationality and address : | Same as above. |
| 6. Name and addresses of individual Partners, share–holders holding more than one percent of the total capital. | The Magazine is owned by pujya Shri Yogeshwarjee, Sarva Mangal Charitable Trust, Naranpura, Ahmedabad–13 |

I, Shri Narayan H. Jani, hereby declare that the particulars given above are true to the best of my Knowledge and belief.

Dated. 17 th, March 1997

Narayan H. Jani
Publisher.

# પૂ. મા એટલે શું?

આશા ભક્ત

॥શ્રી મા॥

મા એટલે મા = મા
મા એટલે મા = પ્રેમ
મા એટલે મા = બળ
મા એટલે મા = કરુણા
મા એટલે મા = વિવેક
મા એટલે મા = નમ્રતા
મા એટલે મા = સંભાળ
મા એટલે મા = ઋજુતા
મા એટલે મા = સ્વસ્થતા
મા એટલે મા = દીનતા
મા એટલે મા = ક્ષમા
મા એટલે મા = ચૈતન્ય
મા એટલે મા = નાવિન્ય
મા એટલે મા = અગમ્યતા
મા એટલે મા = સુલેહ
મા એટલે મા = ગહનતા
મા એટલે મા = વિશાળતા
મા એટલે મા = શાલિનતા
મા એટલે મા = મક્કમતા
મા એટલે મા = ભક્તિ
મા એટલે મા = અનુકૂળતા
મા એટલે મા = ઉદારતા
મા એટલે મા = અલૌકિકતા
મા એટલે મા = દિવ્યતા
મા એટલે મા = અદ્‌ભુતતા
મા એટલે મા = મા = મા = મા

**મા**

ખૂબ સમય પછી પૃથ્વી ઉપર અમને જે અતિસ્નેહથી ચાહે છે તે શ્રીમુખનાં દર્શન કરીને હૃદય પ્રેમનો એક સુંદર અનુભવ કરવા માંડયું. એવું લાગવા માંડયું કે અહીં આ આંખોમાં જે પ્રેમ છે, જે શાંતિ છે તે અન્ય ક્યાંય કોઇ પાસે નથી. ઈશ્વરની અતિશય કૃપાથી મને શ્રી માની નજીક આવવાનું મળે છે, કે સ્વયં શ્રી માની જ અનન્ય કૃપા છે તે હું જાણતી નથી, પણ અંતરથી હું અને વિકાસ બંને સતત માનાં આત્યંતિક પ્રેમનાં ઋણી છીએ.

શ્રી મા પાસેથી બહાર જવું એટલે જાણે સતત કોલાહલમાં વસવું, ચિંતા અને જીવનના પ્રશ્નોની અંદર જ વસ્યા કરવું અને શ્રી મા પાસે આવવાથી આપોઆપ જ મનને એક સુંદર સ્વસ્થ દશા પ્રાપ્ત થાય છે. એ સ્નેહમયી આનંદમયી રૂપ અમને પણ એ પરમ પાવન આનંદ પ્રદેશમાં વિહરવા જાણે લઇ ચાલે છે. શ્રી માનું હૃદય સાંગોપાંગ પ્રેમનું પ્રતીક જ છે. આંખો હવે અતિ પ્રેમાળ પણ મનની આરપાર જોઇ લે એવી પારદર્શક બની ગઇ છે.

શ્રી ચરણોમાં વંદન માત્રથી મને એટલું બધું ગમે છે કે એ વ્યક્ત કરવા શબ્દો સમર્થ નથી. હે પ્રિય, હું તમને સદૈવ ચાહી શકું એવું સુંદર મન મને દાનમાં આપજો. તમારા સ્નેહને તેમ જ તપને અમે સમજી શકીએ એવી દૃષ્ટિ આપજો.

**નાની આંખ, અનંત અમાપ સ્વરૂપ**

અખંડ અનુરાગનું જીવંત મંદિર એટલે "શ્રી મા." એમના પરમસાંનિધ્યે જે ક્ષણો માણવા મળે તે પળો હૃદયમાં શાશ્વત થઇ જાય છે.

પૃથ્વી ઉપર સંતમહાત્માઓનું નિત્ય વિચરણ રહ્યા કરે છે, એ પરમાત્માના પરમ અનુગ્રહનું



પ્રભાતે બાગમાં આસનોનું એક દૃશ્ય



પ્રભાતે બાગમાં સમુહ કસરત પૂ. મા સાથે બાળ પાર્થ



દરરોજ સવારે કસરત પછી પ્રસાદ વિતરણ




સંજીવ-ગીતા-મુનશી મંડળી, હેમંત તથા પાર્થ તબલાવાદક



ભારતીય પ્રણાલિકાના દર્શન કરાવતું ભોજનનું એક દૃશ્ય




પૂ. માની અમૃતવાણીનો પ્રસાદ જેમને લીધે મળ્યો તે
શ્રી નારાયણભાઈ પટેલ-નાઈજીરીયા



ગરબાનું એક દૃશ્ય



કેલીફોર્નીયા ગ્રુપ-ભાઈઓનું

વરદાન છે માનવજાતને. એકમાત્ર કરુણાને વશ થઇને મહાપુરુષો પોતાના અણમોલ જીવનને પ્રાણીમાત્રની સહાય માટે ખર્ચી નાંખે છે, એવા સાચા સંતોનાં દર્શન દુર્લભ છે. પરમાત્માની કૃપા હોય તો જ એમને પામી શકાય.

હું ભારતથી U. S. A. આવી ત્યારે મનમાં એક ભાર હતો. હૃદયમાં સતત ઉચાટ હતો. અંતરમાં પીડા હતી, દ્વિધા હતી, કારણ અમારા સૌની ચાહતનાં કેન્દ્રબિંદુ સમાં મા મૌન હતાં. મૌન ઘણું લાંબું ચાલ્યું, અને લંબાતુ જ જતું હતું. શ્રી માને કોઇ મળી શકતું નહતું. શ્રી માને પત્રો પણ લખવાના ન હતા. હા, શ્રી માના ક્ષેમકુશળ મળી શકતા હતા, પણ જેઓનો એકમાત્ર સહારો શ્રી મા હોય વળી એ મૌન હોય ત્યારે ચિત્ત ચિંતનની સાથે સાથે ચિંતિત રહે. એક પ્રકારની ઉદાસીનતા રહે. અમે સૌ એકસરખાં વ્યથિત હતાં. પણ હૃદયમાં એક દૃઢ વિશ્વાસ હતો કે અમે અમારા સદ્‌ગુરુદેવને "શ્રી મા" કહી સંબોધીએ છીએ, તો એ મા બાળકથી આટલું દૂર ના રહી શકે, બાળકને એના પાલવથી અળગું ક્યારેય ન કરે અને ક્યારેક રીસાઇ તો થોડીવારમાં અનંત હેતથી અમને હૈયાસરસાં ચાંપી દે, અને સાચે જ હું શ્રી માનાં દર્શન પામી શકી.

પૂરા ૧ વર્ષ અને ૨ મહિના પછી મને શ્રી માના દર્શનનો લ્હાવો મળ્યો. આપણાં મનને જે ચિરપરિચિત સ્વરૂપ છે તેવું જ વ્હાલભર્યું મુખારવિંદ, એવી જ પ્રસન્નતા. એમની અમીભરેલી એવી જ આંખો—જાણે આપણા માટે જ.

શ્રી માને મૌન છે પણ એમની મૂક વાણી વ્હાલ બનીને આપણા ભીતરની આરપાર ઉતરી જાય છે. એક પણ શબ્દ બોલ્યા વિના મા આપણાં મન—અંતરમાં ઉતરી જઇને ધાર્યું કરાવી લે છે, જપ, તપ, પ્રાર્થના, ચિત્તશુદ્ધિ જેને જે જે જરૂરી છે તે કરવાની પ્રેરણા અંતરમાં આવીને કરાવી દે છે, મનના દ્વારે એનો કડક ચોકીપહેરો છે. પ્રેમાળ આંખોની ચોકીમાંથી જે એનાં છે તે છટકી શકતાં નથી.

આપણને લાગે કે શ્રી માને મૌન છે પણ એમની શ્રી વાણી આપણા દરેકના અંતરમાં એક ગાન બનીને ગુંજતી રહે છે. એમણે આ પંદર મહિનાના લાંબા મૌનદ્વારા આપણને એક સ્નેહનો, તપનો, આપણી જાતને ઓળખવાનો, એક અણુલ્ય માર્ગ જાણે બતાવી દીધો અને કહ્યું કે આવો, નિર્ભયતાપૂર્વક ચાલો, આ પાવન પ્રેમપ્રદેશ ભલે દૂર હોય, કઠણ હોય, મુશ્કેલ હોય, પણ હું તમારી આગળ—પાછળ, ઉપર—નીચે સાથે ને સાથે છું, મહેસૂસ કરો, અનુભવો, તપો, મહેનત કરો અને પામો.

શ્રી માના વ્યક્તિત્વમાં સતત એક શક્તિનો ધોધ વહેતો જોવા મળે છે, એમનું જીવન અમારા માટે હંમેશાં પ્રેરણાના મંદિર સમું રહ્યું છે. શ્રી માનો આધ્યાત્મિક ઊંચાઇનો ઇતિહાસ અમારી આંખો વચ્ચે જ સર્જાયો છે. નાનું બાળક જેમ ઘરમાં એની માતાને કામ કરતાં નિહાળે તેમ અમે ઘણાં બધાએ શ્રી માનો આ પ્રેમતપસ્યાનો જે અલગ ઇતિહાસ છે તે નિહાળ્યો છે. અમારા સૌની વચ્ચે રહી પોતાના અનુપમ આત્મબળવડે શ્રી મા સિદ્ધિનાં શિખરે જાણે સડસડાટ પ્હોંચી ગયાં! અને હવે જાણે શ્રી માનું એક અનુપ અપૂર્વરૂપ જોવા મળે છે. સંપૂર્ણપણે વિતરાગી અવસ્થા. શ્રી મા સાથે મારે ઘણુંખરું રહેવાનું આવ્યું છે ખૂબ જ નજીકથી. શ્રી માના બધા મનોભાવો જોવા મળે છે. એમની દૈનિક રોજીંદી ક્રિયાઓની દિવસ—રાતની સાક્ષી બનવાનું સદ્‌ભાગ્ય મળ્યા કરે છે ત્યારે એમની અવસ્થાને શ્રીમદ્‌ રાજચંદ્રજીની આ લીટી બરાબર બંધબેસતી આવે છે.

"દેહ છતાં જેની દશા, વરતે દેહાતીત.
તે જ્ઞાનીના ચરણમાં વંદન હો અગણિત."
પડી પડી તુજ પદપંકજે, ફરી ફરી માંગુ એ જ
સદ્‌ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દૃઢતા કરી દે."

શ્રી મા દેહભાવથી સંપૂર્ણપણે ઉપર ઊઠેલાં દેખાઈ આવે છે. ભૂખ–તરસ જાણે ક્યાંય અદૃશ્ય થઈ ગઈ છે. જેઓ સાથે હોય તેમણે યાદ કરાવવું પડે. ચિત્તની અવસ્થા નાના બાળક જેવી–નિર્દોષ દેખાયા કરે છે. એમની ચારે બાજુ આનંદનું બઝાર ભરાયેલું રહ્યા કરે છે. શ્રી માની અંદર જ જાણે એક અનોખો મધુર પ્રેમાળ સાગર ઘૂઘવ્યા કરે છે, જેની મીઠી લહરનો અહેસાસ આજુબાજુ જે વસે છે તેને અનુભવવા મળે છે. એઓ ગુરુભક્તિનું મૂર્તિમંત સ્વરૂપ છે. તપસ્યાનાં મહામાર્ગ ઉપર હજીય અવિરત ચાલ્યાં જ કરે છે, છતાંય એનો કોઈ ભાર નથી. સાવ સહજતાથી સરળતાથી શ્રી મા કઠિનમાં કઠિન તપને જાણે ચપટી વગાડતાં સર કરી દે છે અને અમારી આ નાની આંખો એમના એ પરાક્રમને વિસ્મયતાથી જોતી રહી જાય છે, એટલે જ અમે કોઈ પણ કારણ વગર શ્રી માના અંતરમાંથી નિરંતર વહેતા વ્હાલનાં બંધાણી બની ગયાં છીએ. એ બે આંખોમાં અને એ બે કૃશ હાથોમાં જાદુ છે. એકવાર એનાં દર્શન પામીને એના શ્રી ચરણોમાં જે મસ્તક નમાવી લે પછી લાખ કોશિશ કરે એ આંખનાં અમી ભૂલાય તેવાં હોતાં નથી એ હાથ આપણું આત્યંતિક કલ્યાણ ના થાય ત્યાં સુધી આપણને કદીએ એકલા પડવા દેતા નથી. એ નાનકડા શરીરની અંદર પરમાત્માની જે વિરાટ શક્તિ બિરાજમાન છે, તેનું દર્શન સમયે સમયે સૌને થયા જ કરે છે. એ બધા અમૂલ્ય પ્રસંગોનું ગાન તો શ્રી કલ્યાણની કલમ સુપેરે કર્યા જ કરે છે.

શ્રી મા સાથે મને જ્યારે પણ સમય મળે ત્યારે મારા મનમાં જે કાંઈ આવી જાય એવા સવાલો હું પૂછ્યા કરું છું. શ્રી મા મને લખીને એના જવાબો આપે. શ્રી માની જે અવસ્થા અત્યારે છે તેનું પૂર્ણપણે આલેખન મારાથી ન કરી શકાય, કારણ મન અનુભવે, આંખો જોઈ શકે, પણ વાણી બોલી ન શકે. કલમ બિચારી વામણી બની જાય. એટલે જે અનુભવાય તેનું શબ્દશઃ વર્ણન સંભવી ન શકે.

શ્રી મા પાસે અનુભૂતિઓનો એક અલગ ઇતિહાસ છે. એમને થયેલાં અનેક રૂપોનાં દર્શનનું આલેખન શ્રી માની અનુભૂતિનો ઇતિહાસ આપણને ક્યારેક એમની જ કલમે વાંચવા મળશે ત્યારે આપણને એમની એ અનોખી અવસ્થાની માહિતી મળશે. એક પ્રશ્નનાં જવાબમાં મને શ્રી માએ ખૂબ સુંદર લખ્યું કે–"દેવ બનીએ પણ માનવ ન મટીએ" અને શ્રી માની અંદર એવું એક કોમળ પ્રેમાળ પુષ્પ જેવું પ્રફુલ્લ મમતાનું શીતળ રૂપ વસે છે એની કોણ ના પાડી શકે? કરમાયેલા, મુરઝાયેલા, હારેલા હૈયાની મા રખેવાળ છે અને એ ખંડેરમાંથી શ્રી માએ કેટલાંયનાં જીવન હરિયાળાં કરી દીધાં છે. એમની પાસે સર્જનની અનોખી આવડત છે જેનાથી નિત્ય નાવિન્યની પ્રાપ્તિ કરી અમે સૌ ઝગમગ્યા કરીએ છીએ. સતત કાર્યરત રહેવું એમનો સ્વભાવ છે. અમે શ્રી મા પાસે આવીને બંધીયાર નથી થઈ ગયાં. અમને સતત નવીન જાણવાનું શીખવાનું મળ્યા કરે છે. શ્રી મા પોતે નિર્મળ વહેતા ઝરણાં જેવાં છે. સ્વચ્છતા, નિયમિતતા, વ્યવસ્થિતતા, સુંદરતા અમે એમની પાઠશાળામાં રહીને પામી શકીએ છીએ.

સતત વિચારોની આપ લે અહીં ચાલ્યા કરે છે. જે ગુણો પુસ્તકોમાં વાંચવા મળે તે બધા શ્રી માની અંદર જોઈ શકાય છે. શ્રી મા પ્રેમ અને શક્તિનું અદ્‌ભુત સાકાર સ્વરૂપ છે. એમના સાંનિધ્યે નિત્ય આનંદ–ઉલ્લાસ રહ્યા કરે છે. આપણા પણ રાગદ્વેષ જાણે શાંત બની જાય છે. એ મહાશક્તિની સમીપ રહેવાથી બીજાની વાત હું જાણતી નથી પણ મને જીવન સુંદર રીતે જીવવા માટેની અમાપ શક્તિ ત્યાંથી જ મળે છે. પૂર્વગ્રહ વગરનું સુંદર જીવન જીવવાની પ્રેરણા મને એમની અંદરથી જ મળે છે. એ પાવન શ્રી ચરણોમાં વંદન કરવા હું ઝૂકું ત્યારે એમનાં બે સ્નેહાળ હાથ મને ગળે વળગાડી દે એ માટે હું હંમેશા પવિત્ર–સુંદર–નિર્મળ એમને ગમી

જાઉં એવી રહેવા પ્રયત્ન કર્યા કરું છું. એ માટે એમણે કહેલા ઉત્તમ માર્ગનું અનુકરણ કરવા પ્રયત્નશીલ રહું છું. એમની ઇચ્છામાં જ મારી ઇચ્છા ભેળવી દેવાનું શીખી રહી છું. અને અનુભવીએ છીએ આપણે સૌ કૃપાના દ્વાર ખોલવામાં શ્રી મા પણ વિલંબ કરતાં નથી. કારણ એ આપણી પ્રિય માતા છે.

એક વાત કહું. શ્રી મા અત્યારે ધરતી ઉપરનાં કલ્પવૃક્ષ સમાન છે. ભક્તિનું અપાર અમૃત પીને જેમની વાણી હવે વરસવા ઇચ્છે છે તો એ વરસાદને ઝીલવા માટેનાં હૈયાં આપણી પાસે હોય તો? એમની પાસેનાં દિવ્યગાનને સાંભળી શકીએ એવા કાન આપણી પાસે હોય તો? પોતાના બંને હાથોએ મા સતત આપવા માંગે છે. જ્ઞાન અને સત્કર્મોની એ કેડીએ જો આપણે ચાલી શકીએ તો?

શ્રી મા આ શિબિરના દિવસોમાં પણ સતત કાર્યરત રહ્યાં. ફક્ત એક કે બે કલાક માત્ર આરામના મળતા હતા. છતાંયે એ જ પ્રસન્નતા. ચારેબાજુ માનવસમુદાય વચ્ચે પણ શ્રી માની અંતરંગ અવસ્થાની પ્રસન્નતામાં ક્યાંયે ખલેલ ન દીઠી. શ્રી માને મારી આંખોએ સતત આત્મસ્થ જોયાં. પોતાના સ્વ સ્વરૂપમાં લીન. પરમાત્માના મૂળ સ્વરૂપમાં સતત આસિન જોયાં. એક સાંજે શ્રી માને મેં પૂછ્યું કે, "મા આપને ગઇકાલે નિર્જળા હતા અત્યારે રાત્રિના ૮॥ થયા. હું સતત સાથે છું. આપે પાણી પણ નથી લીધું તો કશું થતું નથી? તો શ્રી માએ મને લખી આપ્યું, "સાચું કહું, દેહ છે એવું યાદ જ નથી આવતું. મન ત્યાં રહેતું જ નથી, એકમાત્ર પરમાત્માના સ્વરૂપનું દર્શન યાદ રહે એટલે આનંદ... આનંદ...

**મૃત્યુની અનિશ્ચિતતા**

મૃત્યુ દરેક માણસ માટે એક નિશ્ચિત સમયે આવે છે જ. કયી પળે એને શરીર છોડી જવું પડશે તે કોણ કહી શકે તેમ છે? માટે મૃત્યુની માનસિક તૈયારી સાથે જીવો.

યોગેશ્વરજી

સૌજન્યથી :

**YOGA & TOTAL HEALTH CENTRE**

ડો. હિમાંશુ પાઠક,

શ્રી હેમીના પાઠક.

"નિરાંત"

૩૨, દિવાળીબાગ સોસાયટી, સૂર્યપુર સોસાયટી પાછળ,

રાંદેર રોડ, સુરત-૩૯૫૦૦૯

ફોન : (૦૨૬૧) ૬૮૫૨૮૩

# શ્રી કલ્યાણનો પત્ર

કલ્યાણ

તા. ૧૩ ઓક્ટો. ૧૯૯૬, નવરાત્રિ દિવસ—૧ ઓરેગોના, યુ. એસ. એ.

પૂ. માના ચારુ ચરણકમળોમાં પ્રેમપૂર્વક પ્રણામ કરી આ પવિત્ર નવરાત્રિના દિવસોમાં પૂ. માના નિર્મળ યશનું ગાન કરવાનો પ્રારંભ કરીએ. પૂ. માનું યશોગાન એ આપણા સૌનો જીવનમંત્ર છે. એ જીવનમંત્રનું સતત રટણ એ આપણી સાધના છે.

પરદેશની ધરતી પર સૌ પ્રથમ નવરાત્રિ જપ-યજ્ઞ શિબિરનું આયોજન પૂ. માના પરમ સાન્નિધ્ય-માં થયું તે ખરેખર આનંદવિભોર કરનારી બાબત છે. જે પરમશક્તિનું પાવન નામસ્મરણ કરીએ તે પ્રકટ સ્વરૂપે આપણી નજર સામે જ બિરાજતાં હોય એ યોગાનુયોગ આપણા જીવનના પરમ-આનંદની પરમસીમા ગણાય! એ કલ્પના જ આનંદવિભોર કરનારી છે કે આપણાં વ્હાલસોયાં પૂ. માના વાત્સલ્ય વારિધિમાં આપણે નવ નવ દિવસ સુધી ડૂબવાના છીએ! આવો સુવર્ણયોગ પૂ. માની પરમકૃપા અને પરમપ્રેમ વિના પ્રાપ્ત ન થાય!

પૂ. માના પરમ પ્રકટ સ્વરૂપના પાવન દર્શનનો નવ નવ દિવસ સુધી લાભ આપનાર શિબિરના આયોજન માટે શ્રી શારદાબેન અને નયનાબેનને અભિનંદનની વર્ષાય ઓછી પડે તેમ છે! હા, ખરેખર સાચી વાત છે! આ ઘોર કળીકાળમાં પર-માત્માના દર્શન કોણ કરાવે? અને પૂ. મા તો પરમાત્માની પરાત્પર શક્તિ છે. એ તો જેઓ પૂ. માના પરમપ્રેમને પામ્યા છે, એ પ્રેમપારાવારમાં જેઓ ડૂબ્યા છે તે જ જાણી ને માણી શકે! પૂ. માનો પરમપ્રેમ વર્ણનાતીત છે!

શ્રી શારદાબેનના હૃદયમાં પૂ. મા પ્રત્યે ઉમટતી પ્રેમભક્તિનું આ દર્શન છે! તેઓ ભક્ત પરિવારમાં જન્મીને બીજાઓની જેમ બેસી નથી રહ્યાં! ભક્તકૂળની ઈકોતેર પેઢીને ફક્ત જન્મ લેવાથી તારનાર એવાં પૂ. માના થઇ શક્યાં તે જ તેમની આગળ વધતી જીવનસાધનાનું ઉજ્જવળ પાસુ છે! શ્રી શારદાબેન આપણું લક્ષ્ય સમજાવતાં જાણે આપણને કહે છે કે આપણે સંસારી માતા–પિતાના સંતાનો ખરાં, પરંતુ આપણે બાળકો થવાનું છે આપણાં પરમ માતાપિતા પૂ. શ્રી મા અને પૂ. શ્રી પ્રભુ! આ આપણી જીવનસાધના છે અને તે શ્રી શારદાબેને પૂ. માના બાળક થઇને સિદ્ધ કરી બતાવી છે! આ નવરાત્રિ શિબિરનું આયોજન તેમના હૈયામાં ઉમટતી માતૃભક્તિનું દર્શન છે. શ્રી શારદાબેનના પુણ્યકર્મથી અનેક જીવોની પૂ. માના શ્રી ચરણકમળમાં શ્રદ્ધાભક્તિ વધશે અને પરમપંથે પ્રયાણ કરશે. શ્રી શારદાબેનનું પુણ્યસ્મરણ કરી તેમને ભાવપૂર્વક પ્રણામ કરીને મારા હૃદયના ભાવોનો અર્ધ્ય આ શબ્દાંજલિદ્વારા અર્પણ કરું છું.

આ બધું જ પૂ. માની પરમકૃપાનું પરિણામ છે. સત્કર્મની પ્રેરણા પણ પૂ. મા જ આપે છે અને તેમના પરમકલ્યાણ માટે પુણ્યભાથુ પણ પૂ. મા જ બંધાવી આપે છે. જે પૂ. માનાં થઇ જાય છે તેની ચિંતા પૂ. મા જ કરે છે.

નવરાત્રિના આ પાવન દિવસોમાં માતૃદર્શનનો મહોત્સવ માણવા સૌ પૂ. માના બાળકો પૂ. માના પરમ સાન્નિધ્યમાં અંતરમાં અનુરાગ ભરીને શ્રી શ્રી માતૃચરણોમાં વિરામ પામ્યા હશો. પૂ. માની

કૃપાછાયામાં બેસી જઇએ પછી શું ભવભીતિ રહે! પૂ. માએ જ આપણને શીખવ્યું છે.

ચિંતા એના ચરણે સોંપી, ચિંતન કરી લે પ્યારે!

તો આ નવ દિવસ આપણા સંસારની ચિંતા પૂ. માને સોંપી પૂ. માના પાવન સ્મરણમાં ડૂબી જઇએ. જીવનમાં આવા પાવન માતૃસ્મરણના દિવસો ભાગ્યે જ આવતા હોય છે. ખરેખર, આ દર્શન-લ્હાવો જ ભવપાર કરાવનારો છે! શ્રી શુકદેવજીને તો પરીક્ષિતના મોક્ષ માટે સાત દિવસ સુધી ભાગવત કથા કરવી પડી! જ્યારે શ્રદ્ધા પ્રકટી જાય તો પૂ. માનું માત્ર દર્શન જ મોક્ષદાયી બની જાય!

આવી પરમશ્રદ્ધા શ્રી મંગળાબેનના પતિ શ્રી દ્વારિકાદાસભાઇ પબારીને પ્રકટી ગઇ હતી! એ પરમભક્તે સુરતની શિબિરમાં શ્રી પ્રભુને પ્રશ્ન પૂછેલો કે, પ્રભુ! જેને ભગવાનના દર્શન થઇ ગયાં હોય તેને હવે શું કરવાનું? શ્રી પ્રભુએ કહ્યું કે, તમને ભગવાનનાં દર્શન થઇ ગયાં છે? કોણ છે તમારા ભગવાન? શ્રી હનુમાનજીની જેમ પરમ શ્રદ્ધાનો હુંકાર કરતાં શ્રી પબારીભાઇએ કહ્યું કે તમે જ મારા ભગવાન અને આપનાં દર્શન એ જ પરમાત્માના દર્શન! શ્રી પ્રભુએ તેમની પરમ શ્રદ્ધા સ્વીકારી અને તેમને મુક્તિ બક્ષી!

માતૃદર્શનમાં આવી પરમશ્રદ્ધા પ્રકટી જાય તો આપણો બેડો પાર થઇ જાય. ખરેખર, પૂ. માની પરમલીલા અલૌકિક છે. જેઓ પૂ. માની પરમલીલાના સાક્ષી બન્યા છે તેઓ આવી પરમશ્રદ્ધાનું સૌભાગ્ય પામ્યા છે. પૂ. માની આવી અલૌકિક પરમલીલાનાં દર્શન પછી આપણે જાગી જવું જોઇએ.

શ્રી પ્રભુએ આપણને અનેક વખત જગાડયા છે, ઢંઢોળ્યા છે, અરે, પોકારો પાડીને વારંવાર કહ્યું છે કે મા સર્વેશ્વરીના સ્વરૂપમાં પ્રત્યક્ષ પરમશક્તિનો સાક્ષાત્ વિહાર છે!

એક વખત યાત્રા વખતે ઋષિકેશમાં શ્રી પ્રભુએ ગંગાસ્નાન કરતાં ભક્તોને દૂર સ્નાન કરતાં પૂ. મા તરફ આંગળી ચીંધીને કહ્યું "ગંગાજળ એ સામાન્ય જળ નથી પણ અલૌકિક છે, વ્રજની રેતી એ સામાન્ય રેતી નથી પણ અલૌકિક છે, અને ત્રીજું જગન્નાથજીનો પ્રસાદ એ સામાન્ય પ્રસાદ નહિ પણ અલૌકિક છે," પછી પૂ. શ્રીએ પૂ. મા તરફ આંગળી ચીંધતાં કહ્યું, "હું તમને એક ચોથી અલૌકિક દિવ્ય વિભૂતિ બતાવું છું કે પૂ. મા એ કોઇ સાધારણ સ્ત્રી નથી, પરંતુ માતૃસ્વરૂપમાં પરમશક્તિ સ્વયં પ્રકટ છે."

મોરબી ધ્યાનકેન્દ્રના સંચાલક શ્રી હરિએ નડિયાદમાં શ્રી પ્રભુના ચરણોમાં પ્રણામ કરી જવાની આજ્ઞા માગી ત્યારે શ્રી પ્રભુએ કહ્યું કે ક્યાં જવું છે? ત્યારે શ્રી હરિએ કહ્યું કે અંબાજી અંબામાતાના દર્શને જવું છે. શ્રી પ્રભુએ તુરત જ કહ્યું કે ગોખમાં બેઠેલાં, ન બોલતાં કે ન ચાલતાં અંબાજીના દર્શન કરવાં છે કે હાલતાં, ચાલતાં, બોલતાં અંબાજીનાં દર્શન કરવાં છે? જો પરમશક્તિ અંબાજીનાં પ્રકટ સ્વરૂપનાં દર્શન કરવાં હોય તો સુરત કોટયર્કનગરમાં જાઓ અને મા સર્વેશ્વરીનાં દર્શન કરી પછી અંબાજી જજો. શ્રી હરિએ સુરત જઇને પૂ. માનાં દર્શન કર્યાં ત્યારે એ જીવનું જગદંબાએ જે સ્વાગત કર્યું તે શ્રી હરિ આજે પણ ભૂલ્યા નથી. તે દિવસથી શ્રી હરિ પરમનારાયણ શ્રી હરિ પૂ. માના પરમભક્ત થઇ ગયા!

શ્રી પ્રભુએ અનેકવાર પૂ. માની ઓળખ વ્યક્તિગત જ નહિ પણ જાહેરમાં પણ આપી છે. શ્રી પ્રભુ માનવ સ્વભાવની નબળાઇ જાણતા હતા કે જીવ આ બધું જ ભૂલી જશે. એટલે પોતાના હસ્તાક્ષરમાં 'સર્વેશ્વરી એક પરિચય' લખતા ગયા.

શ્રી પ્રભુ તો આપણા પરમાત્મા હતા અને છે. તેમની પરમસિદ્ધિ પાસે સૃષ્ટિનું કોઇ રહસ્ય છાનું

રહી શક્યું નથી! તેમના પરમવચનોમાં આપણને તો અનૂટ શ્રદ્ધાવિશ્વાસ છે, છતાં તેઓ પૂ. મા વિષે જે બોલ્યા છે તે તેમણે જીવનમાં આચરી બતાવ્યું છે! શ્રી પ્રભુ પૂ. માને પરમશક્તિ માનતા હતા, તો પરસ્પરના વ્યવહારમાં તેઓ પૂ. માનું ગૌરવ જાળવતા! શ્રી પ્રભુએ કહ્યું છે કે અમે જીવનમાં અમારાં માતા પૂ. જ્યોતિર્મયી માતા અને મા સર્વેશ્વરીના ચરણોમાં જ મસ્તક મૂકીને પ્રણામ કર્યાં છે!

આપણે શ્રી પ્રભુ અને પૂ. માના પરમસ્વરૂપને સાચા અર્થમાં સમજવું જોઈએ. બંને એક જ સિક્કાની બે બાજુઓ જેવાં છે. એક જ પરમશક્તિનાં બે સ્વરૂપો છે. અવતાર ધારણ કરીને પરમલીલા કરવા માટે બે જુદા જુદા લીલાતનુ ધારણ કરેલાં છે. અનાદિકાળથી પરમાત્મા પુરુષ અને પ્રકૃતિ સ્વરૂપે લીલાતનુ ધારણ કરીને પોતાનું યુગકાર્ય કરતા રહ્યા છે. આ રીતે શ્રી પ્રભુ અને પૂ. માએ આ પૃથ્વી પર અનેકવાર અવતારો ધારણ કર્યાં છે. આ અવતારમાં પણ વ્યવહારધર્મમાં પરસ્પર એકબીજાનું પૂર્ણ ગૌરવ જાળવતાં રહ્યા છે. 'અર્ઘ્ય' ભજન સંગ્રહમાં પૂ. માએ શ્રી પ્રભુની પરમાત્મપદે પૂર્ણ પ્રતિષ્ઠા કરી છે. 'અર્ઘ્ય'માં કોઈ ભજન એવું નથી જેમાં શ્રી પ્રભુના પરમપદનું ગૌરવગાન પૂ. માએ ન કર્યું હોય! પૂ. મા લખે છે...

(૧)

દિવ્યલોકથી આવી ઊભા, પ્રભુ યોગેશ્વર રૂપમાં,
રામકૃષ્ણ છો સાચે મારા જીવનના ધન રંકના,
પ્રેમે પધારો પાવન કરવા, કરું હજારો વંદના.

(૨)

આજ અહીં આવ્યો રે, મોહન ગિરિધારી,
કૈંક વરસોથી રાહ હું જોતી,
પળપળની મારી પ્રાર્થના પહોંચી,
હાં રે..એ તો આવ્યો ગોકુલને છોડી..આજ અહીં..

(૩)

મોહન મેં દીઠો રે, મધથી મીઠો!
સંત સ્વરૂપે એક શ્યામ મેં દીઠો,
અમૃતથી યે અદકો
યોગેશ્વર નામ ધરતો...મોહન મેં...

(૪)

રામ તમે ઘનશ્યામ તમે છો,
શાંતિ પ્રદાયક બુદ્ધ છો,
યોગેશ્વર જ્ઞાનેશ્વર રૂપે
દીનબંધુ દીનાનાથ છો.

પૂ. મા લખે છે કે મારો સ્વજન બનીને શામળિયો પ્રભુ પોતે જ મને દિવ્યસુખ ધરવા આવ્યો છે. મારી પ્રાર્થના સાંભળીને મુરારિ પોતે મારી જીવનવાટે આવીને ઊભા છે. પૂ. માનું પોતાના શ્રી પ્રભુ માટેનું આ ગૌરવગાન છે. આજે પણ પૂ. મા પોતાના શ્રી પ્રભુનું સ્વરૂપ સાથે જ લઈને વિચરે છે. શ્રી પ્રભુના ચરણે દરરોજ દંડવત પ્રણામોનો અર્ઘ્ય ભાવપૂર્વક ધરે છે. વળી ષોડ્શોપચાર પૂજનવિધિથી શ્રી પ્રભુની વંદના કરતાં રહે છે.

એ રીતે શ્રી પ્રભુ પણ પૂ. માનું ગૌરવગાન ગાતા થાકતા નથી. 'સર્વેશ્વરી એક પરિચય'માં શ્રી પ્રભુ લખે છે કે પૂ. માના શ્રી વિગ્રહમાં, અગંપ્રત્યંગમાં, આણુપરમાણુઓમાં પ્રાણના સ્પંદનોમાં પરમધામ પ્રકટ્યાં છે.'

પૂ. મા અને શ્રી પ્રભુની દૃષ્ટિ અલૌકિક છે. ભેદથી પર અભેદ સ્થિતિને વર્યા છે. તેમની દિવ્ય દૃષ્ટિ પાસે અનેક અવતારોના પરમલીલા રહસ્યો ખુલ્યા છે. શ્રી પ્રભુ અને પૂ. મા એક જ શિવપરમાત્માના અર્ધનટેશ્વર અર્ધનારીશ્વરના બે પરમસ્વરૂપો છે. તેમાં ક્યાંય નાના મોટાનો ભેદ નથી.

એટલે પૂ. શ્રીએ પૂ. માને પ્રણામ કર્યા છે. તે સત્યસ્વરૂપ પરમાત્માને અંતરની અંજલિ છે. આમ પરસ્પરના દિવ્ય સ્વરૂપોના યશોગાન એટલે ભગવંત–ભગવતીના ભાગવતી તનુનું સ્વરૂપ દર્શન!

પ્રભુમય પરમજીવનને આદર આપવામાં નાના-મોટાનો ઉંમરભેદ રહેતો નથી. પરમજીવનનું ગૌરવ જાળવવાનો એક માત્ર હેતુ હોય છે. પરમભક્ત એકનાથજીને ત્યાં પ્રભુ શ્રીખંડિયા નામે નોકર સ્વરૂપે વરસો સુધી રહ્યા. ભગવાનને પોતાના ભક્ત માટે હમેશાં ગૌરવ રહ્યું છે. ભક્તથી વિશેષ તેમને માટે કશું જ નથી. ભક્તની સેવા કરવામાં પણ ગૌરવ અનુભવે છે. એટલે શ્રી પ્રભુ પૂ. મા માટે પરમ-આદર ધરાવે છે તો શ્રી મા શ્રી પ્રભુનું ગૌરવગાન ગાય છે. એમાં વ્યવહારધર્મની પ્રતિષ્ઠા છે!

આપણે પૂ. માના બાળકો બીજે ક્યાંય પૂ. મા અને શ્રી પ્રભુનો પરિચય આપવો હોય ત્યાં 'મા–પ્રભુ' શબ્દનો પ્રયોગ કરીએ તે બરાબર પરંતુ પર-સ્પરના વ્યવહારમાં 'પૂ. મા' જ્યારે પણ આપણે બોલીએ છીએ ત્યારે 'પૂ. મા'માં પ્રભુ પ્રતિષ્ઠિત થયેલા હોય છે! શ્રી પ્રભુ વિનાના પૂ. મા ન હોઇ શકે અને પૂ. મા વિનાના શ્રી પ્રભુ ના હોઇ શકે! એટલે આ પત્રમાં જ્યાં જ્યાં પૂ. મા લખાયેલું હોય તેમાં પ્રભુ પ્રતિષ્ઠિત સમજવા! પૂ. મા અત્યારે પ્રકટ સ્વરૂપે પ્રત્યક્ષ વિચરે છે એટલે પૂ. માનું સંબોધન સહજ બની જાય છે!

તો આ પત્ર પત્ર નથી પરંતુ આપણા પરમ આરાધ્યા પૂ. માનું પરમ યશોગાન છે. અહીં આપણે પૂ. માના સત્ય સ્વરૂપનું દર્શન કરવાનો પ્રયત્ન કરીએ છીએ!

'પ્રકાશના પંથે'માં શ્રી પ્રભુને તેમના પૂર્વ-જન્મની માહિતી વિવિધ રીતે પ્રામ થઇ હતી. પોતાની સ્વાનુભૂતિથી, પરમધામની સિદ્ધપુરુષોની સભામાં કરાયેલા સન્માનથી અને ઊડીયાબાબા અને કુલાનંદ જેવા હયાત સિદ્ધપુરુષોની પરમ-સિદ્ધિદ્ધારા શ્રી પ્રભુના મહાન પૂર્વાવતારોની ઓળખ થઇ હતી, તેમ પૂ. મા પરમશક્તિ છે તેની ઓળખ પણ વિવિધ સ્વરૂપે થઇ છે. એક તો આપણા શ્રી પ્રભુએ પૂ. માના પરમસ્વરૂપને ઓળખાવ્યું. બીજું જે તે મંદિરના અધિષ્ઠાતા દેવતાઓએ પ્રકટ થઇને સૌની વચ્ચે આવીને આંગળી ચીંધીને પૂ. માની પરમ ઓળખ આપી ગયા! સ્ત્રી સ્વરૂપે પ્રકટ થઇને પોતાના વરદહસ્તના લટકા કરતા કહ્યું કે "ઉપર બેઠી છે તે જ આ છે, તે જ ઉપર બેઠી છે." પૂ. મા સામે અને પછી સમશૃંગીમાતાના મંદિર સામે આંગળીથી ચીંધી પોતના વરદહસ્તનો જે અભિનય કર્યો હતો તે આજે પણ એવો જ યાદ છે. એવી રીતે જ વિરૂપાક્ષી ગુફામાં, સોમનાથના મંદિરમાં અને સાંઇનાથપ્રભુના પવિત્ર સ્થાનમાં, જે તે સ્થાનના અધિષ્ઠાતા દેવતાઓએ પૂજારીઓને પ્રેરણા કરી પૂ. માનું સન્માન કરી, પૂ. માના પરમશક્તિના સ્વરૂપ-ની ઓળખાણ કરાવી હતી. એવી રીતે પ્રકૃતિના તત્ત્વોએ પણ પૂ. માના આદેશને માન આપી પૂ. માનો પરમ પરિચય આપ્યો. જગન્નાથજીના સમુદ્રે પૂ. માના સંકલ્પને માન આપીને, હરિદ્વારમાં શ્રી ગંગાજીએ પ્રાર્થના સાંભળીને અને પરદેશમાં બાળકોને પૂ. મા સાથે ફરવા જવું હતું ત્યારે વરસાદે પોતાની ગતિ થંભાવીને પૂ. માની દિવ્ય શક્તિનો પરિચય આપ્યો હતો. ભક્તોના વ્યક્તિગત સ્વાનુ-ભૂતિના પ્રસંગો આલેખવા બેસીએ તો એક પુસ્તક-માં પણ ન સમાય! શ્રદ્ધા સંપન્ન દરેક ભક્તને પૂ. માએ દિવ્ય અનુભૂતિઓ આપી છે.

આ છે પૂ. માના સત્ય પરમસ્વરૂપનું પરમ-દર્શન! પૂ. મા આપણું સર્વસ્વ છે. એમના જીવનના લીલામય પ્રસંગોનું દર્શન અને અધ્યયન આપણું 'શ્રી સર્વેશ્વરી ભાગવત' છે! એટલે હું શ્રી સુરેશ-ભાઇપર અભિનંદનોની વર્ષા વરસાવ્યા વગર રહી શકતો નથી! જુલાઇ '૯૬ના અધ્યાત્મના અંકમાં શ્રી સુરેશભાઇએ પૂ. માના પરમદર્શનના જે ભાવ-ચિત્રો દોર્યાં છે તેથી અમારી લાંબા સમયની પરમ માતૃદર્શનની પ્યાસ તૃપ્ત થઇ છે!

દર મહિને 'અધ્યાત્મ' હાથમાં આવે એટલે અમારી દશા શ્રી હનુમાનજી જેવી થઇ જાય! શ્રી હનુમાનજીની પરમસેવા બદલ શ્રી સીતામાતાએ તેમને રત્નોની માળા ભેટ આપી. શ્રી હનુમાનજીએ માળાને ચારે તરફથી જોઇને પાછી આપી. શ્રી સીતામાતાએ પૂછ્યું એટલે કહ્યું, આમાં મારા રામ ક્યાં છે? શ્રી રામ વિના મારે કોઇ વસ્તુ ના જોઇએ! એમ અધ્યાત્મ હાથમાં આવે એટલે પહેલેથી છેલ્લે સુધી જોઇ લઇએ કે આમાં ક્યાંય 'મા' છે? શાસ્ત્રોની વાતો, પ્રસંગો અને ઉપદેશોની સરસ વાતો તેમાં લખેલી હોય છે, પણ તેથી શું? પૂ. માના બાળકો માટે શું? પૂ. મા જ જેઓનું પ્રકટ શાસ્ત્ર હોય તેમના સ્વરૂપ દર્શનની બે વાતો ખરી? જે બાળકોની રગેરગમાં પૂ. મા પ્રસરી ગયાં હોય તેમના સ્પંદનોનો ધબકાર ક્યાંય સંભળાય છે ખરો? માતૃદર્શનની એકાદ ઝલક ઝીલવા જેમની આંખો તલસી રહી છે તેની તૃપ્તિનું શું? અરે! પૂ. માના બાળકોને તો પૂ. માની સાડીના પાલવના દર્શન પાસે પણ બધા જ ઉપદેશ પુરાણો ફીક્કા લાગે છે! બાલમુકુંદના દર્શન માટે નંદભવન દોડી જતી ગોપીઓને કોઇ શાસ્ત્રી કથા, પુરાણની વાતો કરે તો ગોપીઓ સાંભળવા ઊભી રહે ખરી? અરે! કથાકારને પણ હાથ પકડીને ઢસડી જતાં શ્રી બાલમુકુંદનું દર્શન કરાવતાં કહે, "આ રહ્યો તમારી કથાનો સાર!" આપણા માટે પણ સર્વ શાસ્ત્રકથાનો સાર પૂ. માનું પરમદર્શન છે. કારણ કે આપણને પરમપ્રેમની સંજીવની ધરનાર પૂ. મા છે.

આપણું શાસ્ત્રશ્રવણ એ પાલવદર્શનમાં પ્રકટી જાય અને વેદાંતસાર પણ પાલવદર્શનની એક ઝલકમાં આવી જાય! કારણ કે માતૃદર્શન એ આપણું પરમાત્મદર્શન છે. આપણું જીવનધ્યેય, પરમપદ બધું જ માતૃદર્શનમાં સમાઇ જાય છે! દૃષ્ટિ હોય તો બધું જ માતૃદર્શનમાં નિહિત છે. એટલે જ શ્રી સુરેશભાઇના માતૃદર્શનના ભાવચિત્રોનું દર્શન કરતાં અંતર પ્રસન્ન પ્રસન્ન થઇ ઊઠયું!

નવરાત્રિના દિવસોમાં અંતરમાં આ ભાવ ભરીને માતૃદર્શન કરતાં કરતાં માતૃસ્મરણ કરીશું તો પ્રકટસ્વરૂપનો પરમાનંદ પામીશું!

શ્રી સુરેશભાઇને આદ્રભાવે નમ્ર વિનંતિ કે આ નવેય દિવસના માતૃદર્શનના ભાવચિત્રો દોરી ભારતના બાળકોને પણ માતૃદર્શનનો લ્હાવો આપજો. શ્રી સુરેશભાઇએ સરસ વાત કરી કે આ માતૃદર્શન આપણા માટે યુનિવર્સલ વેલ્થ—સનાતન સંપત્તિ છે—જે કદિ ખૂટે નહીં, છૂટે નહીં!

અનંતકાળ સુધી અહર્નિશ બસ માતૃદર્શન જ આપણી સનાતન સંપત્તિ બની જાય!

શ્રી શ્રી પાવન માતૃચરણે એ જ પ્રાર્થના કે—

સદા દર્શન સ્પર્શનથી આનંદ આપે અમને,
બની પાગલ ધન્ય બને કોઇ એ પામી તમને!

**અંબાજીમાં ક્યાં ઉતરશો?**

"સ્વર્ગારોહણ"

**માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ**

"સ્વર્ગારોહણ", દાંતા રોડ, અંબાજી. (ઉ. ગુ.) ૩૮૫૧૧૦

એસ. ટી. ડી. ૦૨૭૪૯/ ટે. નં. ૬૨૨૬૯

# જગતની સર્વોત્તમ શિબિર

પરમાર્થી

આખી દુનિયામાં એક ભારતીય સમાજે જ નારીસ્વરૂપને શક્તિદેવીનું સ્વરૂપ આપ્યું અને તેને પૂજાર્હ ગણી તેનું ગૌરવગાન કર્યું. બીજા કોઈ દેવને માટે કે ભગવાનને માટે પૂરા નવ દિવસના ઉત્સવની ફાળવણી ભારતીય સમાજે કરી નથી. માત્ર એક શક્તિદેવીનો ઉત્સવ નવ નવ દિવસ સુધી ઉજવાય અને તે એક વાર નહીં, પણ વર્ષમાં બબ્બેવાર. મહાશિવરાત્રી, રામનવમી, શ્રી કૃષ્ણાષ્ટમી, હનુમાનજયંતિ કે ગણેશચતુર્થી એ ખૂબ પ્રચલિત તહેવારો જરૂર છે, પરંતુ તેની ઉજવણી કદી એક દિવસ તો કદી બે દિવસ સુધી થાય છે. નવ દિવસ સુધી બીજો કોઈ તહેવાર ઉજવાતો નથી. ભારતીય લોકોના હૃદયમાં મા ભગવતી માટે આવો અનેરો આદરભાવ અહોરાત છલકાયાં કરે છે. એ એની સાબિતી ગણાય. આ નવ દિવસોમાં મા જગદંબાએ જુદાં જુદાં નવ સ્વરૂપો ધારણ કરીને નવ અસુરોને હણ્યા હતા એવી એની પાછળ કથા છે. મધુ, કૈટભ, મહિષાસુર, ધૂમ્રલોચન, ચંડ, મુંડ, રક્તબીજ, શુંભ અને નિશુંભ એ નવ અસુરોએ દેવોને હરાવી આ સૃષ્ટિમાં હાહાકાર મચાવ્યો હતો તેથી તેઓના સંહાર માટે ભગવાને પોતાના શરીરમાંથી શક્તિનાં જુદાં જુદાં સ્વરૂપો ઉત્પન્ન કર્યાં હતાં અને મા ભગવતીને પોતાની શક્તિથી વિભૂષિત પણ કર્યાં હતાં. તે નવ સ્વરૂપોનાં નામોનું કીર્તન આ પ્રમાણે ગાવામાં આવે છે :

ભગવતી જગદંબા જનની!
સ્મરણ કરું નવ નામો તારાં,
સહુ સંકટને નિત હરનારાં,
શરણાગત ઉદ્ધારિણી!
હે ભગવતી, જગદંબા જનની!
શૈલપુત્રી, મા બ્રહ્મસ્વરૂપા,
ચંદ્રમુખી, ત્રિતાપહરણી,
કાલરાત્રી, મહાગૌરી, દુર્ગા,
સ્કંદમાત હે કાત્યાયની!
હે ભગવતી જગદમ્બા જનની!

અમેરિકાના ઓગ્રેના ગામમાં આ નવે સ્વરૂપો મા સર્વેશ્વરીનાં માત્ર એક જ સ્વરૂપમાં, વાદળોમાં છૂપાયેલા સૂર્ય પોતાના તેજથી ડોકિયાં કરે તેમ ડોકિયાં કરતાં સર્વે ભાવનાશાળી શિબિરાર્થીઓએ દીઠાં, તે જાહેર કરતાં આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું. અમેરિકામાં નવ દિવસની શિબિર એટલે એક નવીનતા ગણાય. તેથી એ વિશેષ-શિબિરાર્થી પાસેથી એક પણ ડોલરની ફી લીધા વિના નવ દિવસની શિબિરનું આયોજન ખરેખર એક મોટું સાહસ ગણાય. રહેવા અને જમવાની જરા પણ તકલીફ નહિ પડે તેવી સુંદર વ્યવસ્થા આશ્ચર્ય પમાડે છે. પૂ. મા સર્વેશ્વરી છેલ્લા પંદર માસથી મૌનમાં હતાં, તે છતાં દૂર દૂરથી ઘણી મોટી સંખ્યામાં ભાઈબહેનો શિબિરનો લાભ લેવા આકર્ષાયાં તેની પાછળ કોણ કામ કરી ગયું? વળી નેવુ ટકા શિબિરાર્થીઓ ઘરબારને ભૂલી ગયાં; કોઈને કાંઈ યાદ આવ્યું જ નહિ; અરે, વ્યસનોને પણ ભૂલી ગયાં! ચ્હા, કોફી, તમાકુ, સિગારેટ સહજ રીતે છૂટી ગયાં. નથી કોઈને છીંક આવી કે નથી કોઈનું માથું દુઃખ્યું. નવે નવ દિવસ સૌ કોઈનું શારીરિક ને માનસિક સ્વાસ્થ્ય એકધારું જળવાય રહ્યું તે માટે પણ કોણ જવાબદાર? એ બધા જ દિવસો દરમ્યાન સર્વ કોઈ સાત્ત્વિકતાની ભરતીમાં અનુપમ આનંદ અને કિલ્લોલથી અવગાહન કરતું રહ્યું અને નિજી મર્યાદાઓને અતિક્રમી

જવા ખૂબ જ ઉત્સાહથી પ્રચંડ પુરુષાર્થ કરતું રહ્યું, તેની પાછળ પણ કોની શક્તિ કામ કરી રહી હતી? એક દિવસ સવારથી સાંજ સુધી મૌનમાં રહેવાનો સર્વ શિબિરાર્થીઓનો નિર્ણય ને પ્રયોગ; તેમ જ તેમાં સફળતા મળતાં દરરોજ રસોડામાં મૌનના નિયમને ચરિતાર્થ કરી શિબિરના સાત્ત્વિક વાતાવરણની શોભા વધારી તેની પાછળ પણ કોની પ્રેરણા હતી? આખાયે દિવસના નિયત કાર્યક્રમમાં દરેકનું મન કોઇ પણ જાતના કંટાળા વિના સહેજે નિમગ્ન બની જતું હતું તેને માટે પણ કોણ જવાબદાર? ખરેખર આ નવ દિવસની શિબિર જીવનમાં યાદ રહી જાય તેવી હતી. આ રીતે વિચાર કરવામાં આવે તો શિબિર દરમ્યાન મા સર્વેશ્વરીના એક જ સ્વરૂપમાં જગદંબાનાં જુદાં જુદાં સ્વરૂપોનું દર્શન વારંવાર થઇ જતું હતું, તે હકીકત એકદમ સાચી લાગે. ઓઝ્રેના તે ઓઝ્રના રહ્યું ન હતું પણ ભારતનું જાણે કે અંબાજી પ્રગટયું હતું! માણસના હૃદયમાં રહેતી પ્રેમભાવના સર્વ પ્રકારની સંકુચિતતાને ઓગાળી શકે છે. તેનો એ દાખલો હતો.

ઉત્સવો દ્વારા માનવ હૃદયની પ્રેમભાવના માત્ર વ્યક્ત થતી નથી. પણ તે પ્રેમભાવના પ્રત્યેક જીવને નરમાંથી નારાયણ અને નારીમાંથી નારાયણી બનવાની પ્રેરણા પણ પ્રદાન કરે છે. તેથી ઉત્સવો આનંદ મંગલ કરવા માટે નિર્માણ થયા છે. એવું કહેવામાં આવે છે. આનંદ અને મંગલ એ બે તત્ત્વો ઉત્સવોમાં ન જળવાય તો આયોજકોની ખામી ગણાય. ચતુર આયોજકો આનંદ તત્ત્વને જાળવવા ગાયન તથા નર્તનને ઉત્સવમાં ગૂંથી લેવાનું કદી ચૂકતા નથી. તે આનંદઉત્સવના મંગલ તત્ત્વને હાની ન કરે તેવો હોવો જરૂરી છે. મનોરંજનના કાર્યક્રમો દ્વારા વાતાવરણમાં સાત્ત્વિકતા ન જળવાય તો તે ન ચાલે. કારણ કે મંગલની ભાવના તો સાત્ત્વિક વાતાવરણમાં જ પુષ્ટિ ને વૃદ્ધિ પામે છે. મંગલની ભાવના એટલે આત્મિક કલ્યાણ ભાવના. આત્મકલ્યાણ દ્વારા જ આધ્યાત્મિકતાની ટોચ પર માણસ પહોંચી શકે અને નરમાંથી નારાયણ કે નારીમાંથી નારાયણી બની શકે. એનો અર્થ એ થયો કે મનોરંજનની સાથે સાથે જીવની આધ્યાત્મિકતાની ભૂખ પણ સંતોષાવી જોઇએ. માત્ર આનંદતત્ત્વને જ મહત્ત્વ આપવામાં આવે તો મનોરંજનના બહાને હલકા તત્ત્વોનો સહેજે પ્રવેશ થઇ જાય અને પછી તેના પર કોઇનો અંકુશ રહેતો જ નથી એવો સર્વનો અનુભવ છે. હલકા પ્રકારના મનોરંજનની મર્યાદા પણ કોણ નક્કી કરી શકે તે સમસ્યા મૂંઝવનારી થઇ પડે છે. તેથી નવરાત્રી મહોત્સવમાં આજકાલ માત્ર આનંદના તત્ત્વને મહત્ત્વ આપવામાં આવે છે. તે યોગ્ય ન ગણાય. સંગીત, ગાયન અને નર્તન ઉત્સવોમાં અનિવાર્ય તો ગણાય છે. પરંતુ તે દ્વારા કલ્યાણ પણ સધાતું હોય તો જ તે શોભાસ્પદ ગણાય. કાન અને મગજ ફાટી જાય તેવા ઘોંઘાટિયા સંગીત આજકાલ બહુ સંભળાય છે. અહીં ઓઝ્રનાની શિબિરમાં તેવાં તત્ત્વો ન હતાં. અહીં તો એકદમ શાંત, સ્વસ્થ ને સાત્ત્વિક વાતાવરણ લાગતું હતું. અહીં આનંદ ને મંગલ બંને તત્ત્વો સપ્રમાણ હતાં.

સંગીતમય ભજનોનો કાર્યક્રમ આ શિબિરનું આગવું લક્ષણ હતું. સંગીતની તરજોમાં જે શુદ્ધતા હતી ને નજાકત હતી તે સાંભળનારને ખૂબ ગમતી હતી. ક્યારેક ધૂનથી તો ક્યારેક ભજનથી સભાગૃહ ગૂંજી ઊઠતું અને અહીં તહીં રહી ગયેલી છૂપી ગંદકીનું પણ આપોઆપ નિવારણ થઇ જતું હતું. શ્રી મુનશીજી અને તેમનાં ધર્મપત્ની ગીતાબહેનના મધુર કંઠનો લ્હાવો માણી મારા જેવા તો ખરેખર પાગલ બની જતા હતા.

વ્હેલી સવારની પ્રથમ બેઠકમાં પૂ. મા સર્વેશ્વરીની અસાધરણતાનો પરિચય સૌ કોઇને થઇ જતો હતો. એકસો પચ્ચીસ પ્રણામ અને ત્યાર પછી

પ્રભાતફેરીની કસરત સૌ કોઇનું ધ્યાન ખેંચતાં હતાં. પૂ. માની ચાલવાની ઝડપ આશ્ચર્ય પમાડે તેવી હતી. તેમની સાથે સૌ કોઇએ દોડવું પડતું હતું. વળી આસનો કરી બતાવતાં ત્યારે તો માથું નમી પડતું હતું. તેર વર્ષથી ઉપવાસી શરીર આ બધી સફળતા કેવી રીતે પ્રાપ્ત કરી ચૂક્યું, તેની અજાયબી લાગતી હતી. શક્તિદેવીનો એ પરચો જોઇ સૌ કોઇ અચંબો પામતું હતું. પૂ. માની સુકલડી કાયામાં શક્તિદેવીનાં વિભિન્ન સ્વરૂપોનું દર્શન કરી જીવ ધન્યતા અનુભવતો હતો!

શ્રી કલ્યાણના પત્રોનું વાચન આશાબેન દ્વારા દરરોજ થતું ત્યારે મારું હૃદય ભાવસમાધિ અનુભવતું. પત્રમાં રજૂ થયેલા ઋજુ ઋજુ કોમળ લલિત ભાવો હૃદયને સ્પર્શી જતા અને અનેરો આનંદ આપી જતા. ઉષ્મા ભરેલી સચોટ ને સરસ શૈલીથી પૂ. મા સર્વેશ્વરીનાં મહિમાનું થતું ગાન સાંભળી પ્રથમવાર પૂ. માનાં દર્શન કરનારને પણ ગાઢ પરિચય ને પ્રેમ થઇ જતો હતો. પરિચિત હૃદયની તો વાત જ શી કરવી! તે તો પ્રેમમાં પાગલ થઇ નાચી ઊઠતું હતું. શ્રી કલ્યાણના પત્રો શિબિરની સર્વોત્તમ પ્રસાદી ગણાય.

એક દિવસ અણધારી રીતે પૂ. માએ મૌન તોડયું ત્યારે તો આનંદનો પાર ન રહ્યો! સૌનાં હૈયે ઉમંગનો ઉછાળ અને સૌનાં મોઢે પૂ. માનું ગુણ-કીર્તન! તે દિવસે આનંદના મહાસાગરમાં સૌ કોઇ તણાયું ને ડૂબ્યું! મૌન વૈખરીમાં એવી રીતે મુખરિત થયું કે દૈવી વાતાવરણ સભાગૃહમાં સરજાયું અને કોઇને પણ સમયનું ભાન રહ્યું નહિ. સતત પોણા બે કલાક સુધી શ્રી વાણીના પ્રવાહમાં સૌ કોઇ ગળાબૂડ રહ્યું! અરે, છેલ્લે દિવસે તો બરાબર બે કલાક સરવાણી ફૂટી નીકળી અને આત્મિક કલ્યાણના ફુવારાઓ ઊડયા. શિબિરાર્થીઓ મંત્રમુગ્ધ બની ગયા હતા. શિબિરનો છેલ્લો સંદેશો આત્માનું કલ્યાણ કરી શકે તેવો સમર્થ હતો. જેના હૃદયમાં તે ઠર્યો હશે તેનો તો ઉદ્ધાર જ થયો સમજવો!

પૂ. માનો પ્રેમાળ, કરુણામય, ઉદાર ને ઉદાત્ત સ્વભાવ વારંવાર વરસાદની માફક મન મૂકીને વરસી પડતો અને સકલ શ્રોતાજનના હૃદયની ભૂમિને ભીંજવી જતો! જુદા જુદા પ્રકારની પ્રસાદીઓની રસલ્હાણ છેલ્લે દિવસે થઇ ત્યારે તો પૂ. મા અપૂર્વ ને અનુપમ તેજથી દીપતાં હતાં. ખરેખર તેમનાં દૈવી સાંનિધ્યમાં ફરીવાર ક્યારે આવો લ્હાવો પ્રાપ્ત થશે એવું અંતર પ્રાર્થના કરતું રહ્યું!

પૂ. માની ઘણી શિબિરો ભારતમાં થઇ છે, પણ તે સૌ બે કે ત્રણ દિવસ પૂરતી જ. નવ દિવસની શિબિર ભારતમાં તો નવરાત્રિમાં થઇ છે. અમેરિકામાં તો આ પ્રથમ શિબિર કહેવાય. છેલ્લા પચાસ વર્ષમાં આવી શિબિર અમેરિકામાં કોઇએ જોઇ નથી! તેમાં પણ નવરાત્રિની શિબિર તો થઇ જ નથી. આવી રીતે નવરાત્રિની ઉજવણી કોઇએ કરી નથી. આ એક અનુકરણીય સર્વોત્તમ સાત્ત્વિક રીતનો શિરસ્તો પૂ. માએ પાડયો છે અને નવરાત્રિના ઉત્સવમાં પ્રવેશેલું પ્રદૂષણ દૂર કરવા પૂ. માએ સાવધાનીપૂર્વકનો સંનિષ્ઠ પ્રયોગ કરી બતાવ્યો છે. તેથી આ શિબિર સમસ્ત જગતની આગવી અજોડ સર્વોત્તમ શિબિર છે. એવું જાહેર કરવા મારું હૃદય ગૌરવની લાગણી અનુભવે છે.

કઠણમાં કઠણ કામ પણ ઉત્સાહ, સાવધાનતા ને આગ્રહથી કરવામાં આવે તો તે થઇ શકે છે એમ હવે તમને સમજાયું હશે. ભવસાગરનો પાર પણ એમ જ વર્તવાથી પમાશે, માટે તેમ વર્તવા શુદ્ધબુદ્ધિથી દૃઢ પ્રયત્ન રાખશો. **શ્રીનાથભગવાન્**

# ભાવાંજલિ

ધીરજબેન નાણાવટી, અમેરિકા.

પરમપાવન ગંગાસ્વરૂપીણી મા સર્વેશ્વરીના ચરણોમાં સાદર પ્રણામ સાથે આ શબ્દપુષ્પોની ભાવાંજલિ અર્પણ કરતાં મને અત્યંત આનંદ થાય છે. હું આવી હતી મા જગદંબાનું દર્શન કરવા અને થઇ ગયું મધુર, શીતલ, કોમલ ગંગામાતાનું દર્શન! પૂ. માએ અમને એ દર્શન કરવાનું સદ્‌ભાગ્ય આપ્યું તે બદલ બીજું તો શું આપી શકીએ? માત્ર વિચારો ને ભાવની શ્રદ્ધાંજલિ જ આપી શકાય.

પૂ. માએ જ્યારે ગંગાદર્શનનું ચિત્ર તેમની અમૃતવાણીમાં વર્ણવ્યું. ત્યારે હૃદયના તાર ઝણઝણી ઊઠયા, ઊર્મિનાં સ્પંદનો ચારે બાજુ ફેલાવા માંડયાં, હૈયામાં તોફાન કરતી બાલિકાના રૂપમાં શ્રી ગંગાજીના દર્શન થયાં, જેમ શંકર સિવાય ગંગાને કોઇ ઝીલી ન શકે તેમ મારી વાણી પણ તેને ઝીલવાને માટે અશક્ય બની ગઇ છે! પણ પૂ. શ્રી માની કૃપાથી લખવાની પ્રેરણા થઇ ને જે કંઇ લખાવે તે લખવાની હિંમત કરી બેઠી! ક્ષતિઓ માટે ક્ષમા માગું છું.

ભગીરથે ખૂબ કઠિન તપ કરીને ગંગાનું અવતરણ ધરતી પર કરાવ્યું. તે રીતે પૂ. શ્રી યોગેશ્વરજીએ પણ જીવતી જાગતી ગંગાસ્વરૂપીણી 'મા'નું અવતરણ કરાવ્યું! એમણે આ ભગીરથ કાર્ય ન કર્યું હોત તો આપણે માતૃપ્રેમથી કદાચ વંચિત રહી જાત. શ્રી ગંગાજીએ ભારતની ભૂમિને પાવન કરી પણ અમારી ગંગામૈયાએ તો આખા જગતની ધરતીને પાવન કરી! પરદેશમાં વસતા ભારતીયો માટે તો ઘેર બેઠાં ગંગા આવી! આનાથી રૂડો અવસર જીંદગીમાં ક્યાં મળવાનો હતો? અહીંની શિબિરમાં આ પ્રેમગંગાને વહાવીને સૌને સ્નાન કરાવ્યું. આવું સદ્‌ભાગ્ય કોને સાંપડે?

પૂ. શ્રી માને ગંગા કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી. ગંગાજીનાં નીર જેવાં નિર્મળ, પારદર્શક, દિવ્ય, શિતળ, પાવન, જેટલું કહીએ તેટલું ઓછું પડે! એમનું જીવન સરળ, સાદુ, પવિત્ર, દિવ્ય ગુણોથી ભરેલું છે. એ તો એમના સાંનિધ્યમાં રહીએ તો જ અનુભવી શકાય. ઈશ્વરકૃપાથી શિબિર યોજાઇ ને તેમનો પરિચય, તેમનો મહિમા, તેમનો પ્રેમ પામી શક્યાં છીએ. શ્રીગંગાજી તો વહ્યા જ કરે છે. તેમને કિનારે સાધુ, સંત, ઋષિ–મુનિઓ, સામાન્ય જનતા, કોઇ પણ જઇ શકે, જલપાન કરીને તૃપ્ત થાય, આનંદ પામે. કોઇ પણ જાતના ભેદભાવ નહીં, હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી કોઇ પણ જાતના લોકો, પશુ, પક્ષીઓ, જીવજંતુઓ આવીને તેમાં સ્નાન કરવાની, બધી જ છૂટ! ગંગા બધાંનો જ મેલ સાફ કરે, બધાને આવકારે, મૃત્યુ પછી પણ શબનો ઉદ્ધાર કરે. આવું કાર્ય તો કોઇ દેવ–દેવીઓ પણ ન કરી શકે! શિવજી પણ કાશીમાં સમાધિ લગાવીને બેસી ગયા છે, ગંગાજીને ક્યાં છોડે છે!? તો પછી આપણે પણ ઘેર આવેલી ગંગાને કેમ છોડીએ? કેટલી ઊંચાઇથી, નદી, નાળા, ખડકો, પથ્થરો પર પછડાતી, વાંકી–ચૂંકી પર્વતોની કંદરાઓ પાર કરતી ધીમે ધીમે મધુર ગાન કરતી, સૌના ભલા માટે નીચે ઊતરી આવી. તે જ રીતે આપણાં પૂ. શ્રી મા પણ કઠિન તપશ્ચર્યા કરી, કષ્ટો વેઠીને આપણને આનંદની લહેરમાં તરબોળવા ઊંચી ભૂમિકા પરથી ઊતરીને નીચે આવ્યાં. માત્ર આપવા માટે જ, કંઇ પણ લેવા નહીં! આપણે પામર મનુષ્યો આપી આપીને શું આપીએ? માત્ર એમ જ કહેવાય કે 'તેરા તુજકો અર્પણ...' આવી 'જનનીની

જોડ સખી નહીં જડે રે લોલ!' હૃદયમાં ઉમંગની એટલી બધી છોળો ઉછળે છે કે શું લખવું ને શું ન લખવું તે પણ સમજાતું નથી. અત્યાર સુધીમાં જે કંઇ થોડું ઘણું વાંચ્યું તેમાં 'સૌંદર્ય લહરી' ને 'આનંદ લહરી'માં 'મા શ્રી ત્રિપુરાસુંદરી'નાં જે જે વર્ણનો વાંચ્યાં, ઉપમાઓ વાંચી તેનો અર્થ હવે ધીરે ધીરે ઉકેલાતો જાય છે. પૂ. શ્રી માને 'જગદંબા' સ્વરૂપે સિંહ પર વિરાજેલાં, હથિયારો ધારણ કરેલાં ભીષણ સ્વરૂપે જોવાની જે ઇચ્છા હતી તે શાંત થઇ ગઇ છે. કારણ કે આ 'મા' તો સંહાર કરવાને બદલે સર્જન કરે છે, પાળે, પોષે છે! શાંત, મધુર, શીતલ સ્વરૂપ વધુ આહ્લાદક લાગે છે! એ માતૃપ્રેમમાં રમવાની જે મઝા આવે છે તે બીજે ક્યાંય ન મળે. આ માનું નિખાલસ હાસ્ય, મધુર વાણી, ઝગમગતું તેજ બીજે ક્યાં જોવા મળે? જેમ સૂર્યનાં હજારો કિરણો છે તેમ આદ્યશક્તિનાં પણ હજારો સ્વરૂપો છે. જુદે જુદે સમયે, જુદા જુદા સ્થળે, જુદી જુદી રીતે મા પોતાની શક્તિનો આવિર્ભાવ કરે છે. એ શક્તિ આપણી અંદર પણ છે. તેને જાગૃત કરવાનું ભગીરથ કાર્ય પૂ. શ્રી મા–ગંગાસ્વરૂપે, પ્રેમની સુધા પીવડાવીને કરી રહ્યાં છે!' 'જ્યોત સે જ્યોત જલાતે ચલો, પ્રેમ કી ગંગા બહાતે ચલો'નો સંદેશો આપતાં રહ્યાં છે! બાકી પૂ. માના ગુણગાન તો જેટલા કરીએ તેટલા ઓછા છે.

માતૃપ્રેમનો અનુભવ તો આ શિબિર પહેલાં પણ થઇ ચૂક્યો છે. બહુ જ થોડા પરિચયમાં પૂ. માએ અમને એટલાં નજદીક લાવી દીધા છે કે અમે બંને (પતિ–પત્ની) કેટલીકવાર તો ભાવવિભોર બની જઇએ છીએ. 'પહેલી નજરે પ્રીત બંધાઇ ગઇ' એવું કહીએ તો ખોટું નથી! અમારી ખૂબ જ સંભાળ રાખે, અમારા સુખ–દુઃખમાં સાથે ઊભાં રહી હિંમત આપે, માર્ગદર્શન આપે! બોલો, આ સાચો માતૃપ્રેમ નહીં તો બીજું શું? એમને મન બધાં જ તેમનાં બાળકો, બધાની સંભાળ રાખે. ન્યુજર્સીમાં રામાયણનું પારાયણ કર્યું ત્યારે અમે તો નવા નિશાળીયા–કેટલા પ્રેમથી આગ્રહ કરીને, સમજાવીને પારાયણનો લાભ અમને આપ્યો. આવા આવા તો અનેક પ્રસંગો બન્યા છે. સાચા દિલથી કરેલા સંકલ્પો ને ઇચ્છાઓની પૂર્તિ એક યા બીજી રીતે પૂ. મા કરતાં આવ્યાં છે. કંઇ નહીં તો સ્વપ્નદર્શન દ્વારા પણ ઇચ્છાપૂર્તિ કરે! હવે તો આ ગંગા વહેતી વહેતી ક્યારે અમારે ઘર આંગણે પધારે તેની રાહ જોવાય છે. એમની કૃપા, એમના આશીર્વાદથી અમારા જીવનમાં નવું પ્રભાત ઊઘડે અને અમે આજ જન્મમાં મુક્તિ મેળવીએ એ જ પ્રાર્થના. અમે બંને પૂ. માના જન્મોજન્મના ઋણી છીએ. એ ઋણ ફેડવાની ધન્ય ઘડી ક્યારે મળશે તે તો ઈશ્વર જ જાણે. બાકી તો 'સબસે ઊંચી પ્રેમ સગાઇ'ની વાત બરાબર સમજાઇ ગઇ છે! તેથી જ એ સગાઇના દાવે જ હક્કથી પૂ. માની પાસે માગણી કરી શકીએ છીએ. જય હો ગંગા મૈયાની!

O

જેની ઇંદ્રિયો વશ નથી તે દુઃખી છે. જેની ઇંદ્રિયો વશ છે તે જ્યાં જાય ત્યાં સુખ પામે છે. જેવી રીતે ઉજ્જડ અરણ્યમાં કોઇ મુસાફર જતો હોય તેની આસપાસ દશ લૂંટારા ફરી વળે તો તે જેમ ખેદને વશ થાય છે તેમ આ દશ ઇંદ્રિયો જીવને પોતપોતાના વિષયોભણી ખેંચે છે, ને તેથી જીવાત્મા બહુ ગભરાઇ જાય છે. ઇંદ્રિયોને વશ ન રાખવી તે આપત્તિનો માર્ગ છે, ને તેનો જય કરવો તે કલ્યાણનો માર્ગ છે.

**શ્રીનાથભગવાન્**

# વૃક્ષમાં બીજ તું

દશરથયાત્રી રાજુ

શાસ્ત્રોમાં લખ્યા પ્રમાણે ઈશ્વરને હજાર હાથ અને હજાર મુખ છે એવાં રેખાચિત્રો પણ આપણે આપણા ઘરોમાં દિવાલો પર મૂકીએ છીએ અને ઘરમંદિરોમાં તેવા ઈશ્વરના સ્વરૂપની પૂજા પણ ઘણે ઠેકાણે જોવા મળે છે. આ સ્વરૂપની યથાર્થતા એટલે અમેરિકાના ટેક્સાસ રાજ્યમાં આવેલા ઓઝોના ગામની નવરાત્રિ જપ–યજ્ઞ શિબિર! તા. ૧૩ ઓક્ટોબર થી ૨૧ ઓક્ટોબર ૧૯૯૬ સુધીના એ નવરાત્રિના પાવન પર્વને રંગે ચંગે ઉજવવા માટે 'કમ્ફર્ટ ઈન'નામની મોટેલને મંદિરમાં ફેરવી નાંખવામાં હજાર હાથે ઈશ્વરની શક્તિએ કાર્ય કર્યું તે ત્યાં ગયેલા એક એક શિબિરાર્થીએ અનુભવ્યું!

માંડ ત્રણ હજારની વસતી ધરાવતા ઓઝોનામાં વસેલા અને પૂ. શ્રી યોગેશ્વરજી અને પૂ. શ્રી મા સર્વેશ્વરીમાં અનન્ય શ્રદ્ધા–ભક્તિ ધરાવતા એક નાનકડા પરિવારે પોતાના દ્વારા પૂ. માની શક્તિને કાર્ય કરવા માટે કહો કે આહ્‌વાન કર્યું! તે પરિવાર એટલે શ્રી રમેશચંદ્ર, શ્રી શારદાબેન, શ્રી જગદીપભાઈ, શ્રી નયનાબેન, પાર્થ અને પૂજા! નવ દિવસમાં તો આ નાનકડો પરિવાર અમેરિકા, કેનેડા, પનામા, ગ્બી, ભારતથી આવેલા કેટલાયે ભક્તોના અનેકવિધ આશીર્વાદનો અધિકારી બની ગયો!

શ્રી રમેશચંદ્ર અને શ્રી શારદાબેન એ આમ તો પૂ. શ્રી માની સાથે લોહીની સગાઈથી જોડાયેલાં છે (પૂ. માના મોટાં બહેન તરીકે). પરંતુ એમની અંદર પૂ. મા–પ્રભુ માટે રહેલા પૂજ્યભાવ અને ભગવદ્‌ભાવને ખરેખર વંદન કરવા પડે તેવા છે. પૂ. શ્રી મા જ્યારે પૂ. શ્રી યોગેશ્વરજી સાથે નહોતાં રહેતાં ત્યારે પણ કપૂરામાં શ્રી રમેશચંદ્ર તથા શારદાબેનના ઘરમાં રહીને સાધન–ભજન કરતાં. આમ પૂ. માના સાધનાત્મક સમયથી જ પૂ. માને અનુકૂળ વાતાવરણ આપતાં આવ્યાં છે. જ્યારે પૂ. શ્રી યોગેશ્વરજી પ્રથમવાર કપૂરા અને સૂરત જીલ્લાના ધર્મપ્રવાસમાં નીકળ્યા ત્યારે પૂ. શ્રીએ પણ પોતાના ઉતારા માટે કપૂરાના તેમના જ નિવાસસ્થાન પર પસંદગી ઉતારી હતી! એમનો ભક્તિભાવ પણ એવો કે આખું યે ઘર પૂ. શ્રી અને પૂ. માને સોંપી અને પોતે બાજુની ઓરડી જેવા મકાનમાં રહેવા જતા રહ્યા! આમ પ્રથમ પરિચયથી જ પ્રભુના થઈ જવાનું જેને સૌભાગ્ય સાંપડયું છે, તે જ પરિવાર આ વખતની ઐતિહાસિક શિબિરના યજમાન બન્યા તે નવાઈ પમાડે તેવું તો નથી જ! શ્રી યોગેશ્વરજીને પોતાના માર્ગદર્શક, મિત્ર, ગુરુ અને ઈષ્ટ ગણીને પોતાના દરેક કાર્યમાં શ્રી પ્રભુને સાથે રાખતા અને ઈશ્વર તો ભાવનો જ ભૂખ્યો છે! તેથી પૂ. શ્રી પણ પ્રેમથી તેમને સલાહ–માર્ગદર્શન અને સહાય કરતા. શ્રી જગદીપભાઈના લગ્ન અંગે પણ પૂ. શ્રીને પૂછવામાં આવતાં પૂ. શ્રીએ કહ્યું હતું કે, "નયના જ જગદીપ માટે યોગ્ય પાત્ર છે, આપણા કુટુંબને માટે પણ તે જ યોગ્ય છે." પૂ. શ્રીના શબ્દો સત્ય ઠર્યા. ઓઝોનાની એ શિબિરમાં શ્રી નયનાબેને પણ કપૂરામાં પૂ. શ્રીના એ શબ્દોને સાચા પાડયા! શ્રી રમેશચંદ્ર અને શ્રી શારદાબેનની સમજ અને એમના ભક્તિભાવનો અમે તો કપૂરામાં ઘણીવાર અનુભવ કર્યો છે. પૂ. શ્રી મા કરતાં ઉંમરમાં ઘણાં મોટાં તો પણ તેમનામાં જે નમ્રતા અને પૂજ્યભાવ દેખાય છે તે ખરેખર સામાન્યજન માટે આશ્ચર્યકારક બને. અહીં જ ઈશ્વરના તે હજાર હાથ અને

હજાર મુખવાળા સ્વરૂપના દર્શન થાય છે! ઓઝ્રે-નાના આ છ જણના પરિવારમાં પ્રભુનાં છ મુખ અને બાર હાથનાં તો દર્શન થઇ ગયા ઉપરાંત તેમની સહાયમાં ઊભા રહેલા કેટલાય નામી–અનામી ભક્તો–સ્વજનોએ રાતદિવસ પ્રભુના હાથ બનીને ઉત્સવને મહોત્સવ બનાવી દીધો અને લોકો મોમાં આંગળા નાંખીને જોઇ રહ્યા!

પૂ. મા–પ્રભુની કૃપા અને કરુણા થકી શ્રી રમેશચંદ્ર અને શ્રી શારદાબેનના પુત્ર શ્રી જગ-દીપભાઇ અને તેમનાં પત્ની શ્રી નયનાબેને પોતાની વિશાળ 'કમ્ફર્ટ ઇન' મોટેલને મંદિરના સાજ સજાવવામાં પાછું વાળીને જોયું નહીં! પૂ. શ્રી માની દરેક સૂચનાનો આજ્ઞાંકિત બની અમલ કરી પૂ. માને જીતી લીધાં! પોતાના માતાપિતાના સંસ્કારોને જીવનમાં જાણે ઉતાર્યા એટલું જ નહીં પણ પચાવ્યા અને તેનો અમલ કરીને જગતને ઈશ્વરીય શક્તિનો પરિચય કરાવવામાં નિમિત્ત બન્યા. જેમ જેમ વૃક્ષને ફળ આવે અને તે નમતું જાય તેવી જ રીતે શ્રી જગદીપભાઇ અને નયનાબેને સૌ ભક્તો–સાધકો–સ્વજનો સાથે અતિનમ્ર બનીને વ્યવહાર કરીને પૂ. શ્રી માની સાથે પૂ. શ્રી માના ભક્તોને પણ જીતી લીધા! શ્રી જગદીપભાઇએ અમેરિકા આવીને એન્જીનીયર પદવી લીધી છે. આજે મોટેલના વ્યવસાયમાં પોતે પરોવાયેલા છે. આ દેશમાં અતિ વ્યસ્ત રહેતા આ વ્યવસાયમાંથી દસ દિવસ કાઢવા એ ઘણી મોટી વાત છે. આમ તો તેમની મોટેલમાં મોટાભાગનું કામ કર્મચારીઓ જ કરે છે છતાં પણ અનેકવિધ કામગીરી રહેતી હોય છે. છતાં પણ 'સગપણ શ્રીવરનું સાચું રે, બીજું બધું દુનિયાનું કાચું રે...' એ રીત અપનાવીને નવરાત્રિ શિબિરમાં જ વ્યસ્ત રહ્યા.

નવરાત્રિ શિબિરના વિશાળ વટવૃક્ષની છાયા માણી તો જરા એ વટવૃક્ષના બીજનું પણ દર્શન કરી લઇએ. બીજ જ સર્વ સફળતાનું મૂળ છે!

ઓઝ્રેના શિબિરના યજમાન શ્રી જગદીપ-ભાઇના ઉછેરમાં જે બીજ રોપાયેલા છે તેનું જ વૃક્ષ થયું ને તેના જ ફળ આજે આપણે ચાખ્યા છે. એ યજમાન જગદીપકુમારનું બીજ તો જુઓ. પૂ. શ્રી મા સર્વેશ્વરીના પિતાજી શ્રી કાલીદાસભાઇના ઘરમાં (મોસાળમાં) નાનકડા જગદીપનું બાળપણ વીત્યું. આંખ ઊઘાડી ત્યારથી જ ગાંધીવાદી વાતાવરણ! કાલીદાસદાદાના નિયમિત પ્રાર્થનાના સંસ્કારો તથા કાલીદાસદાદા સમાજના આગેવાન તથા અનેકવિધ સેવાભાવી સંસ્થાઓ સાથે સંકળાયેલા હોવાથી સતત અતિથિઓની અવરજવર આ બાળ જગદીપને જોવા મળી, માણવા મળી! સ્કૂલ–કોલેજનું શિક્ષણ પણ અહીં દાદાની છત્રછાયામાં જ જગદીપે મેળવ્યું. બીજી બાજુ જગદીપના પ્રપિતામહ એટલે રમેશ-ચંદ્રના દાદા શ્રી ધીરજરામ પણ ભક્ત સમાજના આગેવાન. શ્રી ધીરજરામની ઉદારતા, સેવા ને સમાજના સર્વ સ્તરો સાથેની મિત્રતા બાળ જગ-દીપે અહીં પણ માણી. અહીં પણ સતત અતિથિ-ઓની અવરજવર જોવા મળી. એટલે તો ભરૂચ જિલ્લામાં જ્યારે નાનકડો બાળ જગદીપ ૭–૮ વર્ષ-નો પાંચસીમમાં માતાપિતા સાથે રહ્યો તો ત્યારે કોઇ પણ બળદગાડુ મહેમાન સાથે આવે તો ખૂબ ખુશ થઇ ઊઠતો પણ મહેમાન જ્યારે વિદાય થાય ત્યારે રડી ઊઠતો! કે કેમ જતા રહ્યા! મહેમાનને અહીં જ રાખો! એટલે બાળ જગદીપ બાળપણથી જ અતિથિઓનો ભૂખ્યો!

બંને પક્ષે દાદાઓનો ધર્મવારસો ગળથૂથીમાંથી જ પ્રાપ્ત થયો તે જગદીપ જ વિદેશની ધરતી ઉપર ભારતની "અતિથિદેવો ભવ"ની ધર્મભાવાને સાકાર કરી શકે ને તેથી જ શ્રી જગદીપભાઇની પસંદગી એ રીતે એમનામાં પડેલા બીજને જોતાં ઉત્તમ જ હતી તે સૌ કોઇએ અનુભવ્યું! તેમના વડીલોને શ્રી રવિશંકર મહારાજ સાથે ખૂબ જૂનો સંબંધ. એક

વખતે ભરૂચ જીલ્લામાં નવી વસાહતના ઉદ્‌ઘાટન માટે શ્રી રવિશંકર મહારાજ પધારેલા. ત્યારે દસ વર્ષના શ્રી જગદીપભાઈ ઓટોગ્રાફ (સહી કરાવવા) માટેની ડાયરી લઈને શ્રી મહારજ પાસે પહોંચી ગયા. તો શ્રી રવિશંકર મહારાજે કહ્યું કે, "ભાઈ ! હું એમ સહી ના કરું ! તું પહેલા કંઈક નિયમ લે અને તે લખે તો પછી હું નીચે સહી કરું !!" અને શ્રી જગદીપભાઈએ 'આજીવન નિર્વ્યસની' રહેવાનો નિયમ લીધો પછી શ્રી મહારાજે સહી કરી ! બસ તે નિયમ મહારાજશ્રીની કૃપાઆશિષથી આજસુધી કડક રીતે પળાતો આવ્યો. અરે ! અહીં વિદ્યાર્થી અવસ્થામાં ૧૯૭૫ માં અમેરિકા આવ્યા પછી કેટ-લોક સમય તેમને અભ્યાસ માટે એક અમેરિકન-બેનના ઘરમાં (પેઈંગ ગેસ્ટ તરીકે) કેલીફોર્નીઆના મરસીડ નામના શહેરમાં રહેવું પડયું. તો એ બેન એમનાથી એટલાં પ્રભાવિત થયાં અને શ્રી રમેશચંદ્ર તથા શ્રી શારદાબેનને ભારત પત્ર લખીને જણાવ્યું કે, 'મેં મારી જીંદગીમાં પહેલીવાર આવો યુવાન જોયો કે જે નિર્વ્યસની રહે છે અને આ દેશના બીજા અનેક દોષોથી પણ દૂર રહે છે. ધન્ય છે તમને કે તમે આવા બાળકના માતાપિતા છો.' આમ એક પરદેશીને પણ પોતાના સુસંસ્કારોથી પ્રભાવિત કરીને શ્રી જગદીપભાઈ પોતાનામાં પડેલા બીજને સતત પોષણ આપતા રહ્યા છે. ભારતીય સંસ્કારોનું દર્શન આ પરિવારમાં ભારતીય પહેરવેશ સાથે આજે પણ થાય છે.

ઓક્ઝ્રેનામાં આવીને મોટેલના વ્યવસાયમાં ઝંપલાવ્યા પછી છેલ્લાં કેટલાંક વરસો 'ડેઝ સ્ટોપ' મોટેલમાં રહ્યા. અને છ માસ પહેલાં જ નવી બનાવેલી 'કમ્ફર્ટ ઈન'માં જ્યારે રહેવા આવ્યા ત્યારે ૩૦૦ માણસોને આમંત્રણ આપી ને પોતાને આંગણે ભજન મંડળીને બોલાવીને સમૂહ ભજન-નો ને ભોજનનો કાર્યક્રમ રાખ્યો અને ત્યાર પછી જ તેમાં નિવાસ કર્યો !

પૂ. માના અનેક હાથમાંના એક હાથ બનીને શ્રી જગદીપભાઈએ ખરેખર અનેકવિધ રીતે શિબિરને દીપાવી દીધી. પોતાની મોટેલના મોટાભાગના રૂમ શિબિરાર્થીઓને ફાળવી આપ્યા. મોટેલમાં આવેલો એક મોટો હોલ અને બીજો નાનો હોલ શિબિરના હોલ તરીકે ફેરવી નાંખીને તેની કાયાપલટ કરી નાંખી. શિબિરના હોલની બાજુમાં જ આવેલા વિશાળ રસોડા તથા ભોજનાલયનો ઉપયોગ પણ શિબિરાર્થીઓના રસોડા અને ભોજનગૃહ માટે કરવામાં આવ્યો.

જ્યારે રસોડાની વાત આવી તો એ વાત પણ જાણવી જરૂરી છે કે આટલા મોટા બે હોલ એક સાથે કેવી રીતે મળી શકે ? અહીં મોટી મોટી મોટેલ-માં રેસ્ટોરન્ટ હોય છે પણ જગદીપકુમારે એક નિયમ રાખ્યો છે કે મારી મોટેલમાં રેન્ટોરન્ટ ના જોઈએ. ભલે તે રેસ્ટોરન્ટથી ખૂબ કમાણી થાય. એ સિદ્ધાંતને લીધે 'કમ્ફર્ટ ઈન'માં રેસ્ટોરન્ટ માટેની જે વિશાળ જગ્યા તેનો ઉપયોગ ધર્મના કાર્ય માટે જ મીટીંગ હોલ કે ભજનના હોલ તરીકે જ અનામત રાખ્યો ! એ રીતે નાનું મોટું કોઈ પણ વ્યસન વિનાનું પવિત્ર જીવન જીવનાર શ્રી જગદીપકુમારે પોતાની મોટલમાં પણ એ દૂષણ પ્રવેશવા દીધું નથી ! કેટલી જાગૃતિ ! તે જ જાગૃતિના ફળરૂપે રેસ્ટોરન્ટના બે હોલ શિબિરના હોલ તરીકે કાયા-પલટ પામ્યા ! સાથે સાથે ભક્તોના ધસારાને ધ્યાન-માં રાખીને પોતાની બીજી બે મોટેલોમાં પણ શિબિ-રાર્થીઓના ઉતારાની વ્યવસ્થા તેમણે કરી. તેમ જ તે મોટેલમાંથી શિબિરાર્થીઓને લાવવા લઈ જવાની વ્યવસ્થા પણ કરી. એ તો ઠીક પણ ઓક્ઝ્રેના એ 'સાન એન્ટોનીયો' શહેરના એરપોર્ટથી લગભગ ૨૫૦ માઈલ જેટલું દૂર છે, અને ત્યાંથી ઓક્ઝ્રેના આવતા લગભગ મોટરમાર્ગે પાંચ કલાક થાય તો બધા જ શિબિરાર્થીઓ માટે એરપોર્ટથી બસની વ્યવસ્થા વિના મૂલ્યે કરી અને ત્યારબાદ વચ્ચે

વચ્ચેના દિવસોમાં પણ કેટલાક શિબિરાર્થીઓ આવતા જતા હોય તેમના માટેની વ્યવસ્થા પણ કરતા. દરેક દિવસે કોણ આવવાનું છે અને કોણ જવાનું છે તેનું કમ્પ્યુટર પર માહિતી રાખતા, તેમાં દરેકનું નામ, ગામ અને ફ્લાઇટ નંબર, ફ્લાઇટનો સમય વિગેરે લખેલું રહેતું. તે ઉપરાંત ઓઝ્રેના ગામ એટલું નાનું કે ત્યાં કોઇ વસ્તુ જથ્થાબંધ મળવી મુશ્કેલ છે. દૂધ, દહીં, ઘી વિગેરે રોજના વપરાશની વસ્તુઓ સિવાયની છેક સાન એન્ટોનીયો જઇને લાવવી પડતી. તેથી તેનું પણ યોગ્ય આયોજન કરવાનું રહેતું. ઉપરાંત કાંઇ પણ ખૂટે કે જરૂર પડે તે વસ્તુની પૂર્તિ કરવા માટે પણ દોડવું પડતું. એક વાત સાચી કે શ્રી રામકબીર ભક્તસમાજ અને પૂ. મા–પ્રભુના ભક્તોએ શ્રી જગદીપભાઇની પડખે ઊભા રહીને પૂ. મા–પ્રભુના આ પાવનકાર્યમાં પોતાનો અમૂલ્ય ફાળો નોંધાવ્યો. પણ મૂળ જ જો મજબૂત ના હોય તો ડાળખીઓ કેટલું ટકી શકે? શિબિરાર્થીઓના ભોજન માટે પૂ. શ્રી માનો આગ્રહ હતો કે સાદુ ભોજન જ આપવું. પરંતુ શ્રી શારદાબેન તથા શ્રી નયનાબેનના પ્રેમાગ્રહ આગળ પૂ. શ્રી માએ નમતુ જોખી અને મિષ્ટાન્ન ભોજનની તેમની વાત મંજૂર રાખી! 'સબસે ઊંચી પ્રેમ સગાઇ!!' તો પૂ. શ્રી મા જ્યાં હોય અને આતિથ્યભાવનાના બીજ જ્યાં જન્મથી જ રોપાયેલાં હોય ત્યાં ભોજનની વાનગીઓ પણ કેટલી હોય તેની કલ્પના કરી શકાય! એ જગતજનનીને પોતે તો કશું જ ખાવાનું નહીં અને જોવાનું પણ નહીં! પણ તેના બાળકોને ક્યારેય પણ ઓછું કે સાદુ ભોજન જમાડયું હોય તેવું મને યાદ નથી!

શ્રી શારદાબેન તથા શ્રી નયનાબેને સૌના સહયોગથી તેનું પણ આયોજન તારીખ–વાર સહિત, કયા દિવસે કયું ભોજન, કયા સમયે આપવું તે નક્કી કરેલું અને તે વિગત પ્રમાણે જ સાધકોને જાણ પણ કરવામાં આવતી! તો તે બાબતોમાં પણ શ્રી જગદીપભાઇ તથા શ્રી નયનાબેને પૂ. શ્રી માને પૂરેપૂરો સહકાર આપીને સાધકોને સર્વોત્તમ ભોજન પણ પીરસ્યું!

પૂ. શ્રી માની આયોજનશક્તિ અને વ્યવસ્થાશક્તિને બરોબર ઓળખીને પોતાના કોઇ પણ અંગત અભિપ્રાયનો આગ્રહ રાખ્યા વગર આ ભગીરથ કાર્ય પૂર્ણ કરવામાં શ્રી જગદીપભાઇએ જે સમજદારી બતાવી છે તે કોઇ પણ ભક્તને માટે શીખવા જેવી વાત છે. ઘણી બધી શિબિરોમાં અમે જોયું છે કે આપણે જ્યારે ને ત્યારે પૂ. શ્રીમાને સલાહ આપતા હોઇએ છીએ અને આપણને એમ લાગે છે કે પૂ. શ્રી માને આ બાબતમાં કશી ખબર ના હોય! એ ઉપરાંત પોતાની વાત પૂ. શ્રી મા માને તે માટેનો આગ્રહ પણ રાખતા હોઇએ છીએ. પૂ. શ્રી માની ઉપરામતાનું કારણ આ પણ એક છે. તે ઉપરાંત અનેક શિબિરોમાં (ભારતમાં) સમયની ચોક્સાઇ રાખવાનો હઠાગ્રહ રાખવામાં કાર્યક્રમોમાં રસ રહેતો નથી, જ્યારે ઓઝ્રેનાની શિબિરમાં દરેક કાર્યક્રમ તેના સમયે જ ચાલુ થતો અને સમયે જ પૂરો પણ થઇ જતો. છતાં દરેક કાર્યક્રમમાં ખૂબ જ આનંદ આવતો. ઉપરાંત પૂ. શ્રી માની દરેક સૂચનાનો કડક અમલ એ આ શિબિરનું ઉત્તમ પાસુ છે. ખૂબ આજ્ઞાંકિતતા સાથે પૂ. શ્રી માની નાનામાં નાની સૂચનાનો અમલ કરવાથી જ શિબિર પ્રાણવાન બની શકે તેનું દર્શન સાધકો–ભક્તોનો અનેરો સહયોગ, વ્યવસ્થાશક્તિનો અદ્ભુત પરિચય, અને એકબીજાને સહયોગી થવાની ભાવના એ આ શિબિરનાં ઉત્તમ લક્ષણ હતાં.

અગત્યની વાત તો એ છે કે આ સમગ્ર શિબિર દરમ્યાન ભોજન–નિવાસ તેમ જ પરિવહનનો જે પણ ખર્ચ થયો તેનો ભાર માત્ર એ યુવાન આયોજક શ્રી જગદીપભાઇએ જ ઉપાડયો. અનેકની આગ્રહ-

ભરી વિનંતી છતાં શિબિર અંગેનો એક પણ પૈસાનો ખર્ચ કોઇની પણ પાસેથી લીધો નહીં! અને આશ્ચર્ય તો ત્યારે થયું કે શિબિરના અંતિમ દિવસે તેમણે જાહેર વિનંતી કરી કે, એમના બાળકો પાર્થ અને પૂજાને, કોઇ પણ ભક્ત–શિબિરાર્થી ભેટ સોગાદના રૂપમાં પણ કોઇ વસ્તુ કે પૈસા આપે નહિ! વિચાર કરો કે શ્રી જગદીપભાઇના હૃદયમાં કેવી ભદ્રભાવના હશે! માત્ર પ્રભુ પ્રીત્યર્થેના પ્રેમથી પ્રેરાઇને જ આ શિબિરના બધા જ કાર્યક્રમોનું આયોજન કર્યું!

જેમ મોરના ઇંડાને ચીતરવા ના પડે તેમ જ શ્રી જગદીપભાઇના પુત્ર પાર્થે પણ પોતાની યથાશક્તિ આ શિબિરમાં ભાગ ભજવ્યો. માત્ર નવ વર્ષની નાની ઉંમરમાં તબલા પર એટલી સરસ હથોટી જમાવી છે કે જાણે કોઇ નિષ્ણાત ના વગાડતા હોય! શિબિરના અનેક કાર્યક્રમોમાં ભજન–ધૂન–સંકીર્તિન–ગરબા વિગેરે કાર્યક્રમોમાં તબલા પર સંગત આપતો નજરે પડે. પરદેશમાં જન્મી, પરદેશમાં રહી ને ભારતીય સંગીત માટે આટલી નાની ઉંમરમાં આવી લગન એ આ નાના બાળકની અંદર પણ પેલા વરસો પહેલાનો બાળ જગદીપ જાણે નવી આવૃત્તિ સાથે બાળપાર્થના સ્વરૂપે દર્શન કરાવી રહ્યો! સૌ શિબિરાર્થીઓ બાળ પાર્થની આ કલાને બિરદાવતા રહ્યા, ધન્યવાદ ધરતા રહ્યા ને આશીર્વાદ વરસાવતા રહ્યા! પૂ. મા સાથે પાર્કમાં કસરત કરતો બાળ પાર્થ, વળી રોજ રાતે ભારતીય પોષાકમાં ગરબામાં ઘૂમતો તથા દાંડીયા રાસ રમતો બાળ પાર્થ જાણે સૌના આકર્ષણનું કેન્દ્ર બની રહ્યો.

અને છેલ્લે... શિબિરમાં આવેલા ૩૦૦ શિબિરાર્થીઓમાંથી કેટલાક શિબિરાર્થીઓએ શિબિર અંગેના પોતાના મનોભાવો વ્યક્ત કરતા પત્રો લખ્યા છે. દરેક પત્રમાં યજમાન પરિવાર માટેના અભિપ્રાયો પણ જાણવા જેવા છે. આ રહ્યા કેટલાંક અભિપ્રાયો:–

* દરરોજના બસો કે અઢીસો માણસની નવ–દસ દિવસની બધી જ સગવડ કરવી એ કડી મહેનત છે. અને એનું વ્યવસ્થિત રીતે સંચાલન કરવું ખૂબ જ કપરું કામ છે. એ પરિવારનો ખૂબ આભાર માનું છું.–**ગીતાબેન નરેન્દ્રભાઇ.**

* શ્રી જગદીપભાઇ–નયનાબેનની આગતા–સ્વાગતા એવી કે આપણે કોઇની જાનમાં આવ્યા હોઇએ તેવી સરભરા! ક્યારેય ન ભૂલી શકાય તેવી તેમની મહેમાનગીરી રહી.–**બાબુભાઇ એન. પટેલ.**

* યજમાનનો આભાર તો કેવી રીતે ભૂલીએ? એમનું ઋણ તો ક્યારે ચુકવીશું તે તો મા આપ જ જાણે.–**લક્ષ્મીબેન અમૃતલાલ પટેલ.**

* યજમાન પરિવારની ગુરુભક્તિ, પ્રભુપ્રેમ અને સાધકોની સુવિધા માટેની અદ્‌ભુત વ્યવસ્થા-શક્તિથી સૌ કોઇ પ્રભાવિત થયા છે. "વસુધૈવ કુટુંબકમ્"ની ભાવના આ પરિવારમાં ચરિતાર્થ થયેલી જોવા મળી છે.–**ઈશ્વરભાઇ સી. ભક્ત.**

* જગદીપભાઇ તથા નયનાબેનની મહેમાન-ગીરી અને સ્વાગત પણ ભવ્ય. પૂ. માના દરબારમાં શેની ખામી હોય. મન પવિત્ર રહે, સતત પ્રભુ સાથે જોડાણ રહે તે હેતુથી એક વખત પણ જમવું નહોતું. એકાદ ફળ લઇશ એવું વિચાર્યું પણ અહીં તો રોજે રોજ નવા ફળો નયનાબેને ધર્યા.–**શોભના સી. પટેલ.**

* શ્રી રમેશભાઇ–સૌ. શારદાબેનના આવકાર અને સ્વાગત માટે શબ્દો નથી.–**સીતાબેન.**

* શ્રીજગદીપભાઇના નાનપણથી સંસ્કાર સારા છે. તેની વ્યવસ્થા જોઇ ખૂબ આનંદ થયો.–**ગંગાબેન.**

* સૌ. શારદાબેન–શ્રી રમેશભાઇ, જગદીપ–નયના તો આકાશના તારલા છે. ગળથૂથીમાંથી એમનો ઉદાર, મીઠો સ્વભાવ વડીલો તરફથી વારસામાં મળ્યો છે. વંદન કરવાયોગ્ય છે. આખી

શિબિરનું આયોજન વ્યવસ્થા કરવી એ કંઇ સહેલું નથી. મા–પ્રભુ એમનાં હૃદયમાં સદા રહેજો એવી પ્રાર્થના.–**મંજુબેન મોહનભાઇ.**

* નાના સરખા ગામમાં એક જ ઘર હોવા છતાં શ્રી રમેશભાઇ અને શ્રી જગદીપભાઇના પરિવારે જે વ્યવસ્થા કરી તે વખાણવા જેવી છે. ખૂબ ખૂબ આભાર.–**મનુબેન ઉત્તમભાઇ ભક્ત.**

* શ્રી રમેશભાઇ, શ્રી શારદાબેન, શ્રી જગદીપભાઇ તથા શ્રી નયનાબેને તો શ્રી ધીરજદાદાનો દરબાર દીપાવી દીધો.

* જગદીપે દીપ પ્રગટાવ્યો અને નયનાએ સહુના નયનો આંજી દીધા–ઠારી દીધા!!–**મંજુબેન.**

* અહીંનો અતિથિ–સત્કાર ખૂબ જ પ્રસંશનીય છે. જીવનમાં 'અતિથિ દેવો ભવ'નો અનુભવ માણવા મળ્યો!

* શ્રી જગુભાઇ, શ્રી રમેશભાઇ, શ્રી શારદાબેન તથા શ્રી નયનાબેને અમને રાજાશાહી–બાદશાહી રીતે રાખ્યા! તેઓનો ઘણો આભાર.

* આ ઉત્સવ કરાવનાર પરિવારે 'યજ્ઞ' કર્યો છે. એઓ તો તરી ગયા એમ જ સમજો!–**લલિતાબેન.**

* આ શિબિર તો રાજા–મહારાજાની હોય તેવી થઇ છે!–**લક્ષ્મીબેન.**

* શ્રી જગદીપભાઇએ નાની ઉંમરમાં પૈસાનો સદઉપયોગ કરી ખૂબ પુણ્યનું કાર્ય કર્યું છે.–**નીરુબેન.**

* અહીંની સેવા અને સગવડ અદ્‌ભુત છે.–**શારદાબેન શાહ.**


**બધી વાતો બુદ્ધિથી ના પણ સમજાય**

બુદ્ધિમાં પ્રથમ નજરે ન ઉતરે તેવી વાતોને ઊડાવી દેવાને બદલે સહાનુભૂતથી વારંવાર સમજવાની ને સમજાવવાનો પ્રયાસ કરવાની જરૂર છે. **યોગેશ્વરજી**

*** પરફેક્ટ એન્ટરપ્રાઇઝ ***

**મરચન્ટ, એક્ષપોર્ટ્સ, ઇમ્પોર્ટર્સ**

**એન્ડ જનરલ A to Z સપ્લાયર્સ**

૪૨, જય શ્રી ખોડિયાર કો–ઓપરેટીવ શોપિંગ સેન્ટર

રજપૂતપરા મેઇન રોડ, રાજકોટ.

**ફોન નં. ઓ. : ૨૨૫૪૭૮ ઘર : ૪૫૫૫૧૪**

# REFLECTIONS OF SOME SADHAKAS ABOUT THIS SHIBIR

## HITESH LAD, CANADA

I BOW DOWN TO YOU MAA, DIVINE MOTHER OF THE UNIVERSE! THIS LETTER IS DIVIDED INTO FOUR SECTIONS AS FOLLWOS :

A. What I Have Learned At This Shibir
B. What I Experienced Physically
C. What I Gained As A Result Of The Physical Discomfort
D. What I Observed At The Shibir

### [A] WHAT I HAVE LEARNED AT THIS SHIBIR

1) The highest yoga is "Bear insult, Bear injury".

2 )Love your enemies. Pray for those who ill treat you. Bless those that curse you.

3) Don't complain about anything. Keep your mouth shut at all times.

4) Control anger at all costs, Never lose your temper.

5) Always keep smiling and always make a point to praise others.

6) Keep your motel room clean and ready at all times. You never know when Maa will check on You.

7) Quietly do Karmayoga without any funfare or noise.

8) Bless every person you meet. Silently and mentally wish them happiness and success in this life and in this Shibir, everyday.

9) Yoga practice is a matter of life and death. Always practice Yoga for your, very health depends on it. Make haste and look after your body by practicing Yoga.

10) Give thanks to God for all of His infinite blessings, everyday.

### [B] WHAT I EXPERIENCED PHYSICALLY

1) Intense pain in the Leg joints.

2) Muscle spasms.

3) Cracked bones and ribs.

4) Sore back.

5) Total lack of sleep.

6) Extreme fatigue.

### [C] WHAT I GAINED AS A RESULT OF THE PHYSICAL DISCOMFORT

1) Discipline.

2) Control of Sleep.

3) Concentration or "Dharana".

4) Lubrication of all the hand and leg joints.

5) Increased Flexibility of the spine.

6) Loosening of the ham-string muscles.

### [D] WHAT I OBSERVED AT THIS SHIBIR

1) This entire Shibir was a result of Maa's doing. She physically completed practically every task single handedly.

2) Maa is physically watching us like a hawk, 24 hourss a day, non-stop!

3) We are not the only ones witnessing this Shibir. There are also hundreds of

beings present here, in their astral bodies. We cannot see them with our own eyes, we need clairvoyant powers for that. But they are here.

4) Maa is secretly planting seeds of divinity in each of us. Slowly watch how each seed will develop into a giant spiritual tree! The speed at which these seeds will grow will depend on how we nurture them, (i.e.) by continuing spiritual disciplines learned here.

5) This Shibir is a historical moment in time. We are experiencing history in the making.

6) All positive Karma and all negetive Karma created by any participant in this Shibir, will have to be shared equally by all members. The theory and law of "Group Karma" applies here.

Maa, thanks for inviting me to this beautiful shibir which you organised so wonderfully. I had such a fun time and I made some new friends. Oh Divine Mother! Thank you for all your blessings! Oh Divine Mother may......

Everyone experience happiness and success!
May everyone experience perfect health!
May everyone experience peace, bliss and harmony!
May everyone's desires all be fulfilled!
May everyone achieve success in Sadhana!
May everyone be kind to one another!
May everyone's problems and dificulties disappear!
May everyone experience true wealth, and abundance!
May prosperity prevail everywhere!
May all become God-intoxicated!
May all cultivate love for the divine!
May everyone speak kind words about each other!
May hatred cease to exist in this world!
May divine love prevail everywhere!
May everyone obtain Moksha in this life!
May the world become saturated with prosperity and abundance!

Victory unto you mother, The fountain spring of all power!
Victory, Victory, Victory,
Unto You MOTHER!

Your Son
**Hitesh Lad**

*

## PREMAL SHAH

Age. 15 yrs.

I believe I'm extremely fortunate to be the youngest member from Canada to attend the Shibir, here in Ozona, Texas. I am here today, because of my faith in Sareveshwari Maa. Maa has insisted all members of the Yogeshwar Dhyan Kendra who have attended this Shibir to write about our thoughts on this Navratri Shibir. I will be writing about the following 2 points.

1. My experience on the Navratri Shibir.

2. What I learned and realized from the Shibir.

### 1. My Experience on the Navratri Shibir

Fairly difficult waking up at 4:00 am, especially the first, considering we only had 2 hours to sleep.

Coping with the new/unknown people in our rooms.

We had to keep the room clean and organized at all times, just incase if Maa decided to check our rooms.

Doing 125 Pranams everyday first thing in the morning. The first day was very difficult, because it had been a while since we last did them. The next day, there was severe pain in my ham-strings. I got used to it as days passed.

Sitting down for 2 to 3 hours straight was a killer on my back. Having these lower back pain made it extremely difficult to sit in one position.

Sitting down for Mauna (30min.) was a challenge for me. Usually I sit for Maun for 10 min. and that is big a change. It was fairly difficult staying awake at this time.

My greatest experience was hearing Maa's voice. Almost everyday, she would sing "Aum Bhargo Devasya Dhimahi....." (shorten form of Gayatri Mantra).

As the days past, the items above became a part of my routine. The pain started going away and waking up wasn't as hard as it was before. In fact. I Kept a possitive attitude and I kept on reminding myself, "It's good fo you, and if it weren't Maa wouldn't make us do what we did."

## 2. What I learned and realized from the Shibir.

**Timing**–I realized that timing is very important. You have to be punctual for yourself, and for others as well. In order for a program to run successfully, timing is very important. If you aren't particular about time, the entire program can drastically change, which can affect other things as well. Coming punctually to this Shibir has now made a difference in my life. The reason why I say this is because I was never punctual. I have now realized the true value of time!

**Discipline**–I believe that I have gained a fair amount of disipline in this Shibir. On weekdays, I usually come home from school, turn on the television, and then sit down with a light snack. I have to be honest that I did miss that routine in the bigining, but I got used to it. I realized that if you put your mind to something, and you're determined, anything can be possible.

**Faith**–Coming to this Shibir has influenced my faith towards God. I always had faith in God, but ever since Maa gave me the book "Footprints on the path", I believe that I have gained more faith. May be it is because the book states that God is always with you and he will help you-whenever necessary, only if you let him. Don't shut God out from your daily routine. Let God work in and through you.

In conclusion, I would like to thank you Maa for all that you have done for me. I consider you as my mother and as my God. You made sure that I had the greatest experience here in Ozona, Texas. It is all because of my faith in you that allowed me to attend this Shibir. You made me learn and realize valuable things, as usual. I truely look forward to attending another Shibir/Yatra in the near future! Your son will try his hardest to attend it!

Jai Krupalu Maa. Your Son

**Premal Shah**

*

## SURES B. BHAKTA

**Maa,** Commerce, CA. 90040

1. Even before coming here, about two or three months ago when the Shibir idea was still in its primary stages, I had a thought to sit in seclusion in Maa's presence. That idea also came because in

1990 I had the privilage to journey to India with Maa. She reserved a room for one week at Pujya Mota's Maun Mandir Ashram in Surat. But due to my prearranged plans I was not able to experience that type of schedule life.

I had to change my plans again because Maa had made some rules for all who were interested in attending the Shibir. She specifically mentioned that all have to take part in all the events of the Shibir. On the 15th or 16th of September 1996, Maa was in L.A. Just a few days ago before Maa departed for Ozona we agreed to come up with some type of personalized badges with Maa's picture for all Sadhakas. I volunteered to take the responsibility and do the necessary work. This whole task was new to me. I had no idea of what to do but I had faith and confidence that if I tried my best and took one step at a time all would work out. A conscious effort was put in the smallest detail.

Somehow this job was finished by the 9th of October. Normally, this work requires a lot of time. All the effort I made in this task was dedicating my time and utmost best ability in doing the work. I have found this whole task's completion was Maa's blessing and method of pulling me closer to her! Before I began this job I wanted to put myself at Maa's service. And in this service I was most interested and focused on my inner growth.

Before coming to this shibir I prepared my mind to be ready to do any kind of work Maa gave Me. And it was this work which was the core of my Sadhana in this Shibir.

The work I Got in the kitchen was where I tried keeping my mind silent because this is where I need Maa's most help right now. By God's grace my endeavour has been enlightening.

A prayer :

Your worshippers come in many forms,
The Jnani, the bhakta, the yogi
And many more to which there seems no end.
To the intellectual you give informative knowledge
To the Jnani you give inner visions
To the Bhakta you give devotional love
To the Yogi you give powers
In each creating and preparing the capacity to receive
So that each can fulfill his wishes according to his needs.
But divine mother,
Even though I may ask for everything else
Give me only this.....Separate yourself not from me.
Donot satisfy me with Yogic powers or worldly jewels
Only
Make me your flute!
And play according to your wish.
Give me nothing else!

Your Son
**Suresh B. Bhakta**

*

## BHAVNA BHAKTA, CA. U.S.A.

The lessons of this Shibir are so many that it is difficult to find a starting point! The human body is a shrine. Not only is purity necessary externally but Optimum Physical Health is mandatory if purity of the mind (pure thoughts to do good deeds, to pray, etc.) is to manifest in our daily lives. Just as love, Maa's love for us

makes us want to act in such a way as to please Maa; thus, as Maa illustrated in her journey to Dashrathachal. She prayed with love to her own feet to please co-operate and help her successfully complete that yatra. Love must not only be given to others by this body but it must also be given love to its own self as Maa has so simply but clearly shown us.

Love is crucial. Not the love of the world which is constantly changing how much we love and whom we love. Rather, giving and receiving love from the Divine, Love means seeing the best in people. Love means speaking of only the good qualities in others. Love means helping all those we come into contact with, of course, according to our means. Love means working without care or concern of the fruit. These are the menifestations of Love in our daily life, but this love is only a fraction of what we receive from Maa!

Faith–Learning to have faith that what God does is in our best interest. This Shibir has been a great lesson in faith. It is easy for the mind to question and compain about Maa's rigorous discipline and schedule throughout this Shibir. But quietly acting according to her plans without question or complains about our discomforts is very difficult in all honesty. I myself have not been able to follow this lesson because physical discomfort is stronger than (obaying Guru's word) ગુરુ આજ્ઞા !

Prayer. Maa is a living embodiment of the power of prayer. With prayer everything is possible no doubt. But our prayer must be focused. In this Shibir Maa has given us the tools to help us become focused. (Bhajans, meditation, Mala, Mantra–japa, Pranam etc.) But how are we to see or experience the power of prayer without practice? We must ask in order to receive. Pranam is our effort and grace is ever–flowing. The two most important lessons of this Shibir–with our effort and God's ever–flowing grace, we too can experience the Divine!

(માને મળવાથી જે આપણે નથી પામી શકતા તે માના વચનનોને પાળવાથી પામી શકાય.)

Your daughter,
**Bhavna Bhakta**


શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્કસ**

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમજ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫૦૦૭

ફોન : ૬૬૮૨૩૧

# વિદેશના નાના ગામડામાં ઉત્સવ ઉજવવાનું સાહસ

અતિથિ

## ધન્ય એ ગૃહસ્થાશ્રમ

પોતાના પ્રથમ સંતાનની પહેલી વર્ષગાંઠ ભારતમાં ઉજવાય એવો શુભવિચાર જગદીપ–નયનાને ૧૯૮૮ માં જાગ્યો. તે દિવસોમાં બારડોલીમાં શિબિર હતી. ત્યાં નાનકડો ૧ વર્ષનો પાર્થ પણ રોજ હાજર રહેતો! નયનાબેનની એ પહેલી શિબિર હતી. શિબિરના દરેક કાર્યક્રમો અંતરને સ્પર્શી ગયા, ને આનંદના અતિરેકમાં પૂ. માને આગ્રહભર્યું આમંત્રણ આપતાં કહ્યું કે, 'મા તમે ઓગ્રેના આવો ને ત્યાં આવી શિબિર કરો!'

આ વાતને તો આઠ આઠ વરસ વીતી ગયાં. ઘણીવાર જગદીપ–નયના શિબિરની વાત યાદ કરાવતાં રહ્યાં પણ છેક આ વરસે ૧૯૯૬ માં પૂ. શ્રી ગુરુદેવ પ્રભુની ઇચ્છા હશે માટે એ અંગે માના મનમાં પણ વિચાર જાગ્યો. શ્રી ભગવાનજીભાઈએ એવી શિબિર માટે પૂરી તૈયારી બતાવી, પણ પ્રભુની યોજના જુદી જ હશે.

જગદીપ–નયના લોસ એન્જલીસ માના દર્શન માટે આવ્યાં. સહજવાતમાં માએ પૂછ્યું નવરાત્રિમાં શિબિર કરવી છે? અને બંને બોલી ઊઠયાં, "હા, મા! જરૂર પધારો!"

બંને બાળકોને કોઈ અનુભવ તો ન હતો! જાણે પ્રભુએ જ હા પડાવી!

જે હા પડાવે છે તેની જવાબદારી થઈ જાય! સમર્થ સદ્‌ગુરુદેવ શ્રી યોગેશ્વરજીએ જાણે આખી યોજના હાથમાં લીધી. ઇચ્છા હતી, કૃપા હતી, આશીર્વાદ હતા તો મંગલ મહોત્સવ આ જંગલના નાનકડા ગામડામાં સર્વોત્તમ રીતે સફળ થયો!

એ ઉત્સવ પ્રભુનો હતો. એ યોજના પરમશક્તિની હતી. રમકડાં બનીને સૌએ રમત સફળ બનાવી!

તેથી કદાચ જગદીપ–નયના નવયુવાન દંપતિ હળવાં જ રહ્યાં. ના કોઈ ચિંતા એમને સતાવી, ના કોઈ પ્રશ્ન ઊઠયા, ના કોઈ મૂંઝવણ થઈ. જ્યાં જ્યાં જે જે પ્રેરણા મળે તે તે સર્વોત્તમ રીતે વધાવી. શિબિરની પૂર્વસંધ્યાથી પૂર્ણાહૂતિ ને પછી પણ એમની પ્રસન્નતા અખંડ જ રહી! આગળ–પાછળ, ઉપર–નીચે સર્વત્ર પ્રસન્નતા કોણે ધરી? જેની યોજના હતી તે સમર્થ સદ્‌ગુરુદેવે જ.

ગુરુદેવની એ યોજનામાં પધારનાર સૌ સાધકો પ્રથમવાર જ મળ્યા છતાં નયનાબેનનો મધુર સ્મિત સાથેનો પ્રેમાળ, મિત્રતાભર્યો, સૌજન્યયુક્ત વ્યવહાર સૌના અંતરે વસી ગયો! પોતાના ભર્યા ભંડારોને જનસેવા અર્થે ઊઘાડી દીધા. નયનાબેનની એ ઉદારતા સાચે જ વંદન કરવા જેવી છે.

વિદેશની ધરતી ઉપર આ નાનકડા ગામડામાં એક જ નાનો ભારતીય પરિવાર, આવડો મોટો ઉત્સવ ઉજવવાનું સાહસ કરી બેઠો. પરંતુ સાહસના પગલે પગલે સહયોગ ને સફળતા વસતી હોય છે. એનું દર્શન અહીં પણ થયું. નયનાબેનના સખીમંડળમાં ભાનુબેન, ચંદનબેન એ બંને બેનોએ સતત પડખે ઊભા રહીને વિવિધ વાનગીઓ મહિના પહેલાં તૈયાર કરી દીધી! વળી લક્ષ્મીબેન, હંસાબેને પણ સખી તરીકેની ઉત્તમ ફરજ બજાવી, વાનગીઓ કોલ્ડ સ્ટોરેજમાં મૂકવામાં આવી. આંગણે આવનાર અતિથિઓને અંતરથી સત્કારવાનો ઉત્સાહ અદ્‌ભુત હતો. જ્યાં શિબિરનો મંગલ મહોત્સવ

ઉજવાયો તે પરિવારમાં વરસોથી અતિ નિયમિત રીતે સાંજે સમૂહ પ્રાર્થના થાય છે. ઘરમાં ભગવાનનું સુંદર મંદિર છે. તેમાં બાળકો સાથે નિયમિત સાંજે પ્રાર્થના કરવાનો પ્રેરક નિયમ પણ આ પરિવારની વિશેષતા છે.

પતિના દરેક ધર્મકાર્યોમાં છાયાની જેમ ઊભા રહેનારાં નયનાબેનનો પૂર્ણ સહયોગ હતો.

## ધન્ય એ માતાપિતાને

પૂ. માને પ્રારંભથી જ આધ્યાત્મિક રીતે સમજવામાં શ્રી શારદાબેને–શ્રી રમેશભાઈએ પરિવારના સભ્ય તરીકે સરસ ફરજ બજાવી. જેમ જેમ વરસો વીતતાં ગયાં તેમ તેમ શ્રદ્ધાભક્તિ પણ વધતી જ ગઈ!

પૂ. શ્રી યોગેશ્વરજીને પણ પોતાના આંગણે ઉતારી ધન્ય બન્યા ને તે જ ક્ષણથી અખંડ શ્રદ્ધાને તાંતણે બંધાઈ ગયા.

વિદેશમાં વસતા પોતાના સંતાનને પણ પત્ર દ્વારા ને અહીં આવે ત્યારે પૂ. શ્રીના જીવનની વાતો કરતાં કરતાં ધર્મસંસ્કારો તથા આતિથ્ય સત્કારનો સંસ્કારવારસો જગદીપના જીવનમાં પણ ઉત્તમરૂપે ઉપસાવી શક્યાં.

તો આ મંગલ મહોત્સવ પ્રસંગે પૂ. શ્રી યોગેશ્વરજીએ પણ દશે દિશાએથી પ્રસંશાનાં પુષ્પો વેરીને પરિવાર સાથે સૌને ધન્ય કરી દીધા.

## વિશેષતાને વંદન!

નવરાત્રિના નિત્ય મંગલ પ્રભાતે શ્રી સુશીલાબેનના સુમધુર કંઠે દેવભાષા સંસ્કૃતમાં વિવિધ સ્તુતિઓ ને નિત્ય પ્રભાતે સંસ્કૃતમાં આરતીનું શ્રવણ જાણે શિબિરાર્થીઓનો સર્વોત્તમ પ્રસાદ હતો. નવરાત્રિમાં અંબિકા, સરસ્વતી, લક્ષ્મીજી, શ્રી કૃષ્ણ, શ્રી રામ, શ્રી મહાદેવ, શ્રી ગુરુદેવની, વિવિધ દેવી–દેવતાઓની સ્તુતિ જાણે ઋષિમુનિઓના આશ્રમના મંગલ પ્રભાતનું સ્મરણ કરાવનારી હતી. વળી દરરોજ વિવિધ દેવીઓની કથા પણ રસપ્રદ રહી. શ્રી સુશીલાબેનની આ બંને પ્રવૃત્તિ આકર્ષક રહી તે માટે જેટલા પણ અભિનંદન આપીએ એટલા ઓછા છે!

શ્રી સાવિત્રીબેન તથા શ્રી નારાયણભાઈ ફક્ત એક–બે દિવસ માટે જ શિબિરમાં નાઈજીરીયાથી પધાર્યાં. વિદાયવેળાએ રોકાઈ જવાનો આગ્રહ થયો, સહજ વાતમાં એક નાનકડી શરત મુકાઈ ગઈ ને... 'સબસે ઊંચી પ્રેમ સગાઈ'ના નિયમે પ્રભુએ પોતાની યોજનાને નવો વળાંક આપ્યો. એ બંનેને નિમિત્ત બનાવી શિબિરાર્થીઓને અચાનક પૂ. માની મહાવાણીનો પ્રસાદ મળી ગયો! આ બંને ના આવ્યાં હોત તો?!? તેથી જ વિશેષ અભિનંદન.

શિબિરના આ મંગલ મહોત્સવનાં મંત્રી બનીને જેમણે સઘળી યોજનામાં રસ લઈને કાર્યભાર ઉપાડયો, અરે! પરિવારના સભ્ય બનીને પડદા પાછળ રહીને જેમણે સર્વોત્તમ સેવા કરી તે શ્રી સરોજબેનને કેમ ભૂલાય? ન્યુજરસીથી ઘણા દિવસો પહેલાં દોડી આવ્યાં! એમની સ્મરણશક્તિ પણ અદ્‌ભુત. સૌનાં નામ, ગામ, રૂમ નંબરોની ગોઠવણી એ બધું જ એમને મોઢે થઈ ગયું! કાગળ કે કોમ્પ્યુટર પણ જરૂરી ના બને એટલી બધી માહિતી એમની પાસેથી ક્ષણમાં મળી જતી. ધન્યવાદ, આશીર્વાદ ને અભિનંદનનાં અધિકારી બની ગયાં.

શિબિરના સાત દિવસ પહેલાં શ્રી ભગવાનજી, શ્રી મહેન્દ્રભાઈ, શ્રી ગોકુળભાઈ આવી ગયા. હોલ ને મંચ તથા સુશોભનના કાર્યમાં જોડાઈ ગયા. કલાકો સુધી કામ કરતા રહ્યા ને સર્વોત્તમ હોલ બનાવવાના કાર્યમાં સફળ થયા.

શ્રી કંચનબેન, શ્રી સીતાબેન, શ્રી લીલાવતીબેને પણ સેવા શોધી લીધી. લીલાવતીબેન, સરસ્વતીબેન,

શકુબેન, ગુલાબબેને નવ દિવસનું ભોજન બનાવવાની સેવા ઉપાડી લીધી! તો વળી કેનેડાથી ૧૨ મીની રાતે આવેલા શ્રી પ્રભુદાસ, શ્રી અંબુભાઇ, શ્રી નરેન્દ્રભાઇએ ભોજન પીરસવાનું ને સફાઇનું કાર્ય ઉપાડી લીધું! શ્રી સુરેશ ભક્તે મૂક-સેવક બનીને સેવા કરી બતાવી!

શિબિર પહેલાં પૂ. માના સાંનિધ્યમાં રામાયણ પારાયણ કરવાની ઇચ્છા જાગી તો શ્રી હંસાબેન, શ્રી રૂક્ષ્મણીબેન, શ્રી પદ્માબેન કેનેડાથી આવી ગયાં! શિબિરના કાર્યમાં સેવા ને પારાયણ બંને કાર્યોને સફળતાથી પાર કરવામાં પ્રવૃત્ત થયાં. શિબિર પછી પણ પારાયણ પૂર્ણ કરીને જ વિદાય લીધી. ધન્યવાદ એ ત્રણે બેનોને પણ.

શિબિરના ભજન–ધૂનના નિત્યક્રમમાં શ્રી ધીરજબેન, શ્રી હંસાબેન, પ્રેમલ શાહ, રાજુ શાહ, અંજના, દીપીક્ષા, ભારતીબેન જેવા અનેક ભાઇ-બ્હેનોએ શ્રી સુશીલાબેને સહયોગ ધર્યો. સૌએ ભક્તિરસની લ્હાણ ધરી. ધન્યવાદ!

દરરોજ રાતે રાસ–ગરબાની રમઝટ પણ જામી! તેમાં શ્રી બીપીનભાઇ શાહ, શ્રી નીરૂબેન, સુતરીયા, શ્રી મુનશી દંપતિ, શ્રી રાજુ શાહના કંઠનો સૌને લાભ મળ્યો. તો વળી બાળ પાર્થ, હેમંત–શેખરનાં તબલા, શ્રી ભગવાનજીના મંજીરા, તો શ્રી અંબુભાઇના કાંસીજોડાએ રંગ રાખ્યો. સૌને અભિનંદન!

કેનેડાના યુવાન સાધક શ્રી અનિલ લાડ પોતાની ધર્મ–શબ્દવ્યુહ રચનાની અનોખી યોજના લાવ્યા. સૌ શિબિરાર્થીઓને એક નવી ધાર્મિક પ્રવૃત્તિ ધરી દીધી. ધન્યવાદ અનિલભાઇ, તમને પણ!

પૂ. શ્રી ગુરુદેવે જેમને જ્ઞાનીભક્ત કહ્યા છે તે શ્રી પરમાર્થીનાં પ્રવચનો શિબિરની એક વિશેષતા હતી. વળી આશા ભક્તે સરસ વાચન કરીને શ્રી કલ્યાણના પત્રોને ન્યાય આપ્યો. એ બંનેને પણ અભિનંદન!

શિબિરના નિત્ય કાર્યક્રમનું કુશળ સંચાલન કરીને સાધકોને શિસ્તના, નિયમિતતાના, શાંતિના, સહકારના પાઠ જેમણે શીખવ્યા તે શ્રી સુરેશભાઇ શાહને પણ ઘણી મહેનત કરવી પડી છે. તેમને પણ અભિનંદન!

સનોરા, સાન એંજલો, ફોર્થસ્ટોકસ્ટન, સાન એન્ટેનીયો, મીડલેન્ડ જેવા ગામોમાંથી જેમણે જેમણે સેવા આપી તે સૌને અભિનંદન! શિબિર દરમ્યાન પણ એરપોર્ટ પર લેવા જવાની–મૂકવા જવાની સેવા જેમણે આપી તેમને પણ અભિનંદન!

વળી સુશોભન વિભાગમાં માતાજીનું નાનકડું સુંદર કલાત્મક મંદિર બનાવીને હસુભાઇએ પણ પોતાની સેવા ધરી દીધી ને વળી પેલા જવાહરભાઇ પણ એવું માનતા હતા કે આ તો ધર્મનો માંડવો છે. તો રાતદિવસ ખડેપગે સેવા કરવાની એમને હોંશ હતી, જાણે આજ્ઞાંકિત સેવક બનીને યજમાનને પડખે રહ્યા. ને આઇરાન શહેરનાં ઇન્દિરાબેન કે કાર્લસબર્ગના નવનીતભાઇ પણ શિબિર નિમિત્તે કંઇક ને કંઇક સેવા કરતાં રહ્યાં.

નાનામોટા, જાણ્યાઅજાણ્યા, સૌએ ઉત્તમ સહયોગ આપ્યો. આ પ્રસંગે એક જ પ્રાર્થના છે કે સૌનું સર્વ પ્રકારે મંગલ થાઓ.

સૌએ સાથે મળીને ભારતીય સંસ્કૃતિનો આ મંગલ ધર્મોત્સવ પાર ઉતાર્યો!

આ નાનકડી ઓઝ્રાનાની પર્ણકૂટિયામાં જાણે રાજદરબારના હાથીએ પગલાં પાડયાં! જંગલમાં મંગલ મહોત્સવ મંડાયો ને જાણે એક સ્વપ્ન આવીને અદૃશ્ય થઇ ગયું!

### પોલ બ્રન્ટનની ભગવાન રમણ મહર્ષિની

# મુલાકાતની પૂર્વભૂમિકા-(૨)

મૂળ લેખક : પોલ બ્રન્ટન
અનુવાદક : યોગેશ્વરજી

બીજે દિવસે સવારે એમના અણધાર્યા આગમનથી મને આશ્ચર્ય થયું. એમની ગાડી ઝડપથી દરવાજા પાસે આવી પહોંચી કારણ કે એમને ભય હતો કે હું કદાચ બહાર ગયો હોઈશ.

'કાલે રાતે મને મોડેથી સમાચાર મળ્યા કે મારા મહાન આશ્રયદાતા ચીંગલપટમાં એક દિવસ માટે રહેવાના છે.' એ બોલી ઊઠયા.

શ્વાસોશ્વાસને શાંત કરીને એમણે કહેવા માંડયું :

'કુંભકોનમ્‌ના શંકરાચાર્ય દક્ષિણ ભારતના આધ્યાત્મિક વડા ગણાય છે. લાખો લોકો એમને ઈશ્વરના સંદેશવાહક તરીકે માન આપે છે. એમણે મારા જીવનમાં ઘણો રસ બતાવ્યો છે, મારા સાહિત્યલેખનમાં ઉત્સાહ પૂરો પાડયો છે, અને એમની પાસેથી જ મને આધ્યાત્મિક પ્રેરણાની પ્રાપ્તિ થાય છે. કાલે મેં તમને જે વાત નહોતી કહી તે આજે કહી બતાવું છું. અમે એમને ઉચ્ચત્તમ આધ્યાત્મિક અવસ્થા પર પહોંચેલા માનીએ છીએ. પરંતુ એ યોગી નથી. એ દક્ષિણના હિંદુ જગતના મુખ્ય પુરુષ, એક સાચા સંત અને મહાન દાર્શનિક છે. આપણા જમાનાના મોટા ભાગના ધાર્મિક પ્રવાહોથી તથા એમની પોતાની સિદ્ધિપ્રાપ્તિથી માહિતગાર હોવાને લીધે, સાચા યોગીઓ વિષેનું એમનું જ્ઞાન કદાચ ઘણું વિરલ છે. એક ગામથી બીજા ગામમાં તથા એક શહેરથી બીજા શહેરમાં એમનો પ્રવાસ ચાલ્યા જ કરે છે જેથી એવી વાતોથી એ ખાસ વાકેફ રહી શકે. એ જ્યાં જાય છે ત્યાં બધે જ સંતપુરુષો એમને અંજલિ આપવા આવી પહોંચે છે. સંભવ છે કે એ તમને કોઈ ઉપયોગી શિખામણ આપી શકે. એમને મળવાનું તમને પસંદ પડશે ખરું?'

'એને માટે તમારો આભાર માનું છું. હું એમને ખુશીથી મળીશ. ચીંગલપટ અહીંથી કેટલું દૂર છે?'

'શું?'

'એ તમને મળવાની હા પાડશે કે કેમ તેની મને શંકા થાય છે. હું એમને સમજાવવાની બનતી કોશિષ તો કરીશ જ, છતાં...'

'હું અંગ્રેજ છું તેની મને ખબર છે.' મેં વાક્ય પૂરું કર્યું.

'એમના ઈનકારનું જોખમ ખેડવા તૈયાર છો?' એમણે જરા આતુરતાથી પૂછ્યું.

'જરૂર આપણે જઈએ.'

થોડોક નાસ્તો કરીને અમે ચીંગલપટ જવા ચાલી નીકળ્યા. મારે જેમને મળવાનું હતું તેમને વિષે મારા વિદ્વાન સાહિત્યમિત્રને મેં પ્રશ્નો પૂછ્યા. એના ફળરૂપે મને જાણવા મળ્યું કે શંકરાચાર્ય અન્ન અને વસ્ત્રની બાબતમાં એક વિરક્ત પુરુષની પેઠે તદ્દન સાદું જીવન જીવે છે; પરંતુ એમના પદના મોભાને લીધે મુસાફરી કરતી વખતે એમને બાદશાહી પાલખીમાં તથા ઠાઠમાં રહેવું પડે છે. એમની પાછળ એ વખતે હાથી તથા ઊંટપર સવારી કરનારા સેવકો હોય છે, પંડિતો તથા એમના શિષ્યો હોય છે, અને સંદેશવાહકો તથા બીજા અસંખ્ય લોકોનો કાફલો હોય છે. એ જ્યાં જાય છે ત્યાં આજુબાજુના

વિસ્તારોમાંથી દર્શનાર્થીઓનાં ટોળેટોળાં એમની પાસે ખેંચાઇ આવે છે. એ બધાં આધ્યાત્મિક, માનસિક, શારીરિક અને આર્થિક મદદ માટે આવે છે. શ્રીમંતો તરફથી એમને રોજના હજારો રૂપિયા અર્પણ કરવામાં આવે છે, પરંતુ એમણે ગરીબવ્રત લીધું હોવાથી, એ આવક યોગ્ય કામોમાં વાપરી દેવામાં આવે છે. એ ગરીબોને મદદ કરે છે. શિક્ષણમાં સહાયક બને છે, મંદિરોનો જીર્ણોદ્ધાર કરે છે, અને દક્ષિણ ભારતના નદી વિનાના ભાગોમાં અત્યંત ઉપયોગી મનાતા, વરસાદને આધારે ટકતા, પાણીના કૃત્રિમ સંગ્રહોની સુધારણામાં રસ લે છે. એમનું કાર્ય મુખ્યત્વે ધાર્મિક છે. જ્યાં જ્યાં એમને રોકાવાનું થાય છે ત્યાં ત્યાં હિંદુધર્મના વારસાનું વધારે ને વધારે ઊંડું જ્ઞાન મેળવવાની પ્રેરણા પૂરી પાડવાનો તથા લોકોનાં મન અને અંતરને ઉદાત્ત બનાવવાનો એ પ્રયાસ કરે છે. સામાન્ય રીતે એ સ્થાનિક મંદિરમાં પ્રવચન કરે છે, અને પછી એમની પાસે એકઠા થતા જિજ્ઞાસુઓના સમુદાયને જવાબો આપે છે.

મને જાણવા મળ્યું કે આદ્ય શંકરાચાર્યની આ પરંપરામાં આ છાસઠમા શંકરાચાર્ય છે. એમના પદ તથા અધિકારને સારી પેઠે સમજવા માટે એના સ્થાપક વિશે વેંકટરામાનીને મેં કેટલાક પ્રશ્નો પૂછ્યા. મને જણાયું કે આદ્ય શંકરાચાર્ય બે હજાર વરસ પહેલાં થયેલા ઐતિહાસિક બ્રાહ્મણ સંતોમાં સર્વોત્તમ હતા. એમને બુદ્ધિવાદી યોગી અને પ્રથમ પંક્તિના ફિલસૂફ કહી શકાય. એમના જમાનામાં એમણે જોયું કે હિંદુધર્મ અસ્તવ્યસ્ત અને કંગાળ દશામાં જીવી રહ્યો છે, અને એની આત્મિક શક્તિનો હ્રાસ થવા માંડયો છે, એ એક જીવન કાર્ય લઇને જન્મ્યા હતા એવું લાગ્યા વિના નથી રહેતું. અઢાર વરસની ઉંમરથી માર્ગમાં મળતા પ્રત્યેક જિલ્લાના વિદ્વાનો તથા ઉપદેશકોની સાથે ચર્ચા કરતા, એમના સિદ્ધાંતોનો ઉપદેશ આપતા, અને બહોળું શિષ્ય-મંડળ બનાવતા,એ ભારતભરમાં પગપાળા ફરી વળ્યા. એમની બુદ્ધિ એટલી બધી સૂક્ષ્મ હતી કે બીજા એમની બરાબરી ન કરી શકતા. એમના જીવનકાળ દરમિયાન જ એમને પયગંબર તરીકે સ્વીકારવામાં ને સન્માનવામાં આવેલા : એમનું જીવન પૂરું થયું તે પછી નહિ.

એમની પ્રતિભા બહુમુખી હતી. પોતાના દેશના મુખ્ય ધર્મનો પ્રચાર કરવાની સાથે સાથે, એ ધર્મનો સ્વાંગ ધરીને ફાલેલી કેટલીક ભયંકર રૂઢિઓનો એમણે પ્રબળ સામનો કર્યો. એમણે લોકોને સત્ય-કર્મ કરતાં શિખવાડયું, અને કોઇ પણ પ્રકારનો પુરુષાર્થ કર્યા વગર કેવળ ધાર્મિક પૂજાવિધિને આધારે બેસી રહેવાની નિરર્થકતાનું ભાન કરાવ્યું. પોતાની માતાની ઉત્તરક્રિયા કરીને એમણે આશ્રમ-ના નિયમનો ભંગ કરીને ધર્માચાર્યોનો ખોફ વહોરી લીધો. ધર્માચાર્યોએ એટલા માટે એમની સાથેનો સંબંધ તોડી નાંખ્યો. નાતજાતનો વિરોધ કરનારા બુદ્ધિના એ નીડર યુવાન પુરુષ એક સુયોગ્ય ઉત્તરાધિકારી હતા. ધર્માચાર્યોનો વિરોધ કરીને એમણે શીખવ્યું કે જાતિ કે વર્ણના ભેદભાવ વગર પ્રત્યેક મનુષ્ય પરમ સત્યનું જ્ઞાન તથા ઈશ્વરનો અનુગ્રહ મેળવી શકે છે. એમણે કોઇ વિશેષ પંથની સ્થાપના ન કરી, પણ જણાવ્યું કે જો પ્રામાણિકપણે આચરવામાં આવે તો પ્રત્યેક ધર્મ ઈશ્વરની પાસે પહોંચાડી શકે તેમ છે. પોતાનો દૃષ્ટિકોણ સમજાવવા એમણે તત્ત્વજ્ઞાનની સૂક્ષ્મ ને પૂર્ણ પદ્ધતિ કહી બતાવી. એમના વિશાળ સાહિત્યવારસાને દેશના ધર્મજ્ઞાનમાં રસ લેતા પ્રત્યેક શહેરમાં માનની નજરે જોવામાં આવે છે. અર્થની બાબતમાં લડતા—ઝઘડતા ને વાદવિવાદ કરતા હોવા છતાં, પંડિતોએ એમના ધાર્મિક ને તત્ત્વજ્ઞાનના વારસાને સારી પેઠે સાચવી રાખ્યો છે.

શંકરાચાર્યે ભગવો ઝભ્ભો પહેરીને પ્રવાસી-ઓની મંડળી સાથે સમસ્ત ભારતમાં પ્રવાસ કરેલો. પોતાની વ્યૂહરચનાના એક વિભાગરૂપે ભારતના

ચાર ખૂણામાં એમણે ચાર મહાન મઠની સ્થાપના કરી. ઉત્તરમાં બદરીનાથ પાસે, પૂર્વમાં પુરીમા, અને એ પ્રમાણ બીજે. જ્યાંથી પોતે કાર્યનો આરંભ કરેલો ત્યાં દક્ષિણામાં મંદિર તથા મઠની સાથે મધ્યવર્તી કેન્દ્રની સ્થાપના કરી. ત્યારથી આજ સુધી દક્ષિણ હિંદુધર્મના સૌથી પવિત્ર પ્રદેશ તરીકે પંકાતું આવ્યું છે. વરસાદની ઋતુ પૂરી થતાં, એ સંસ્થાઓમાંથી તાલીમ પામેલા સાધુઓની મંડળીઓ બહાર નીકળતી, અને દેશમાં શંકરાચાર્યના સંદેશ ફેલાવવા માટે પર્યટન કરતી. એ મહાપુરુષનું મૃત્યુ બત્રીસ વરસની નાની ઉંમરે થયું, જો કે એક દંતકથા એવી પણ છે કે એ કેવળ અદૃશ્ય જ થઇ ગયા છે.

એ બધી માહિતી એટલા માટે ઉપયોગી હતી કે મારે આજે જેમને મળવાનું હતું તે એમના અનુગામી એ જ કાર્ય કરી રહ્યા હતા અને એ જ સંદેશ આપી રહ્યા હતા. એ સંબંધમાં એક આશ્ચર્ય-કારક કથા ચાલી આવે છે. આદ્ય શંકરાચાર્યે પોતાના શિષ્યોને વચન આપેલું કે આત્મિક રૂપે પોતે એમની સાથે રહીને દોરવણી આપશે, અને એને માટે પોતાના અનુગામીઓમાં વાસ કરશે. તિબેટના વડા લામાની બાબતમાં પણ લગભગ એવી જ વાત વહેતી આવે છે. પુરોગામી લામા પોતાના મૃત્યુની છેવટની પળોમાં, પોતાની પાછળના યોગ્ય લામાને પસંદ કરે છે. એ પસંદગી પામેલ પુરુષ નાની ઉંમરનો બાળક હોય છે. એને ઉત્તમ પ્રકારના શિક્ષકોને સુપરત કરવામાં આવે છે, અને એના હોદ્દાને લાયક જરૂરી તાલીમ પૂરી પાડવામાં આવે છે. એ તાલીમ ફક્ત ધાર્મિક કે બૌદ્ધિક નથી હોતી, પરંતુ ઉત્તમ પ્રકારના યોગની તથા ધ્યાનની પ્રક્રિયા-ઓની હોય છે. એ તાલીમ પછી સેવાની વિશિષ્ટ પ્રવૃત્તિવાળું જીવન શરૂ થાય છે. એ હકીકત ઓછી નોંધપાત્ર નથી કે આટલા બધા સૈકાઓથી એ પરંપરાની સ્થાપના થઇ હોવા છતાં, શંકરાચાર્યનો ખિતાબ ધારણ કરનારા કોઇ પણ પુરુષ ઉત્તમ પ્રકારના નિઃસ્વાર્થ ચારિત્ર્યથી રહિત નથી થયા.

વેંકટરામાનીએ પોતાના વર્ણનને છાસઠમા શંકરાચાર્યની વિશેષ શક્તિઓની વાતો કહી બનાવી-ને રોચક બનાવ્યું. એ વાતોમાં એમના પોતાના ભત્રીજાને અદ્ભુત રીતે સાજો કરવામાં આવ્યો એ વાત પણ આવી ગઇ. એમનો ભત્રીજો સંધિવાથી પીડાઇને વરસો સુધી પથારીવશ હતો. શંકરાચાર્યે એની મુલાકાત લીધી, એના શરીરને સ્પર્શ કર્યો, અને ત્રણેક કલાકમાં તો એ માંદો છોકરો પથારી-માંથી બહાર નીકળ્યો. થોડા વખતમાં તો એ તદ્દન સાજો થઇ ગયો.

વેંકટરામાનીએ વધારામાં જણાવ્યું કે બીજા મનુષ્યોના વિચારોને જાણી લેવાની શક્તિ પણ શંકરાચાર્યમાં છે. એ વાતમાં એમને પૂરેપૂરો વિશ્વાસ હતો.

---

ઇંદ્રિયોને વશ રાખવાથી સુખ પ્રાપ્ત થાય છે, ને તેને વશ થવાથી દુઃખ પ્રાપ્ત થાય છે, માટે જિજ્ઞાસુએ પ્રત્યાહારવડે ઇંદ્રિયોને વશ કરવી, ત્રાટકવડે આંખને વશ કરી શકાય છે, ને બીજી ઇંદ્રિયોને પણ પ્રાણાદિના હૃદયભણીના આકર્ષણથી વશ કરી શકાય છે. ભટકતી ઇંદ્રિયોથી મનુષ્યનું અંતઃકરણ સ્થિર ન રહે, એટલે તે મનુષ્યથી પરમાર્થનાં સાધનો સાધી શકાય નહિ.

શ્રીનાથભગવાન્

# રામકથા

યોગેશ્વરજી

(ગતાંકથી ચાલુ)

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

મંદોદરી વચ્ચે જ બોલી : 'તો શું? તો હું તમને તમારા કુકર્મને માટે શાબાશી આપત એમ? કદાપિ નહિ. એવી ખોટી શાબાશી મારાથી તમને સ્વપ્ને પણ નહિ આપી શકાય. તમારા પરાક્રમની માહિતી મને નથી એવું કેમ કહો છો? એ પરાક્રમની માહિતી મને સૌથી પહેલાં તો ત્યારે મળી કે જ્યારે સીતાના સ્વયંવરમાં ધનુષ્ય વચ્ચે આંગળી દબાઇ જવાથી તમે તેને ઉપાડયા સિવાય જ પાછા ફરેલા; એ પછી વાલીદ્વારા થયેલા તમારા ભયંકર પરાભવની કથા તમે તમારા શ્રીમુખે જ કહી બતાવી ત્યારે એની માહિતી ફરીવાર મળી. એ પછી સીતાનું તમે ચોરીછૂપીથી કરેલું હરણ અને હનુમાને ફેલાવેલું આ તોફાન પણ તમારા પરાક્રમની માહિતી આપી શક્યું. એવા પોકળ પરાક્રમનો ભરોસો રાખશો ને ગર્વ કરશો તો બરબાદ બની જશો અને અમને પણ બરબાદ કરશો.'

રાવણ સહેજ પણ સંકોચ કે શરમમાં પડયા વિના બોલ્યો : 'મારી પ્રિયતમા થઇને તું મને અવારનવાર આવાં વચનો સંભળાવી રહી છે એ શું ઉચિત છે?'

'મને તો એમાં અનુચિત જેવું કશું જ નથી લાગતું.'

'તું મારી પત્ની નથી?'

'છું. એ તો સૌ કોઇ જાણે છે. એમાં કહી બતાવવાનું શું છે?'

'તો પછી તારો ધર્મ શું છે?'

'મારો ધર્મ હું સારી પેઠે સમજું છું અને એનું જ પાલન કરું છું. મારો ધર્મ તમારી ત્રુટિઓ પ્રત્યે આંખમીંચામણાં કરવાનો ને તમારા દોષોને ઢાંકવાનો અથવા ગુણમાં ખપાવવાનો અને વખાણવાનો નથી. તમને અધર્મ, અન્યાય અથવા અનીતિમાં ઉત્સાહિત કરવાનો પણ નથી. ના. કદાપિ નહિ. કોઇ પણ આદર્શ સ્ત્રીનો ધર્મ એવો ન હોઇ શકે. સ્ત્રી પોતાના પતિને સુખ આપનારી છે તેમ એની સાચી સુહૃદ સલાહકારિણી અને સંરક્ષિકા છે. મને તમારે માટે પ્રેમ છે માટે જ તમને આવી વાતો સંભળાવી રહી છું. પ્રેમ છે એનો અર્થ એવો તો નથી જ કે તમને ખાડામાં પડવા જતા જોઉં છું તો પણ પડવા દઉં?'

'હું ખાડામાં પડવા જાઉં છું?'

'જરૂર, મને તો એવું જ લાગે છે, કોઇ તો ખાડાની ખબર ન હોવાથી ભૂલથી ખાડામાં પડે છે, પરંતુ તમે તો જાણી જોઇને ખાડામાં પડી રહ્યા છો. ઈશ્વરે તમને બુદ્ધિ આપી છે ને બળ પૂરું પાડયું છે, પરંતુ તેનો તમે દુરુપયોગ કરી રહ્યા છો એ જોઇને મને દુઃખ થાય છે.'

'તું ચિંતા, આશંકા તથા ભીતિને વશ થઇને, કોઇ પણ જાતના કારણ વગર હાથે કરીને દુઃખી થાય છે એમાં હું શું કરું? સીતાને માટે અનશનની ઉપાધિ વહોરી લઇને પણ તું નાહક દુઃખી જ થઇ. મેં તો તને પહેલેથી જ કહેલું કે, તું અનશન કરીશ કે મરી જઇશ તોપણ કશું નહિ વળે. મારું હૃદય પરિવર્તન

નહિ થઇ શકે. હૃદય પરિવર્તન તો સીતાનું કરવાનું છે.'

મંદોદરીએ કહ્યું : 'એનું હૃદય તો રામને અર્પણ થઇ ચૂકેલું છે. એમાં કોઇ યે પ્રકારનું પરિવર્તન નહિ થઇ શકે.'

'છતાં પણ મને આશા છે.'

'એ આશા કદાપિ નહિ ફળે.'

'તો પછી હું કાંઇ કાયમને માટે બેસી નહિ રહું. નિર્ધારિત સમય પૂરો થતાં સુધીમાં એ નહિ માને તો તલવારથી એના મસ્તકને ઉડાવી દઇશ.'

'એના મસ્તકને ઊડાવી દેતાં પહેલાં તમારે મારા મસ્તકને ઊડાવી દેવું પડશે. હું જીવતી હોઇશ ત્યાં સુધી એને નહિ મરવા દઉં. એને સહેજ પણ ઈજા નહિ થવા દઉં.'

રાવણ બોલ્યો : 'એ તો હજુ એને ઈજા પહોંચાડવાનો વખત આવે ત્યારે ને? મને તો હજુ પણ વિશ્વાસ છે કે એ માની જશે.'

'અને નહિ માને તો?'

'રામનો રણમેદાનમાં મારા હાથે નાશ થશે એટલે તો એ માનશે જ. તને હજુ મારા સામર્થ્યની પૂરી ખબર નથી. મારા પરાભવની એક બે વાતો તે યાદ રાખી છે, બાકી મારા અદ્‌ભુત પરાક્રમની બીજી કેટલી ય કથાઓ ભૂલી ગઇ છે. રામના દૂતના સાધારણ પરાક્રમથી તું અંજાઇ ગઇ છે, પરંતુ મેઘનાદે એને બાંધી દીધો એ વાતને કેમ ભૂલી જાય છે? મેઘનાદ, કુંભકર્ણ તથા બીજા એવા જ મહા-પ્રતાપી યોદ્ધાઓના તથા મારા સંયુક્ત સામર્થ્ય આગળ રામ, લક્ષ્મણ તથા સુગ્રીવનું બળ જરા પણ નહિ ટકી શકે. લંકાના થોડાં ઘણાં મકાનો બળી ગયાં એમાં આટલી બધી ભયભીત બની ગઇ છે એ જોઇને મને નવાઇ લાગે છે. તારી પેઠે હું પણ ભયભીત બની જાઉં તો લંકામાં રહી જ ન શકું.'

મંદોદરી બોલી : 'હું ભયભીત નથી બની પરંતુ આગામી પરિસ્થિતિની કલ્પના કરી રહી છું. હનુમાને લંકાને બાળી એ મને મોટામાં મોટા અપશુકનરૂપ લાગે છે.'

તને તો બધું અપશુકનરૂપ જ લાગવાનું. પરંતુ શાંતિપૂર્વક વિચારીશ તો સમજાશે કે એમાં અપ-શુકનરૂપ કશું જ નથી. મેઘનાદે હનુમાનને બાંધી દીધો એ આપણે માટે અપશુકનરૂપ નથી, પરંતુ એક પ્રકારના શુભ શુકનરૂપ જ છે. મારા મનમાં તો એને લીધે મોટી આશા ઊભી થઇ છે.'

'મને તો લાગે છે કે તમે એ આશામાં જ રહી જવાના અને કાળ કાળનું કામ કર્યે જવાનો. હું તમારા હિત માટે તમને સમજાવવાનો પ્રયાસ કરું છું, પરંતુ અત્યારે તો એવું લાગે છે કે, વિધાતા પોતે આવે તોપણ તમને નહિ સમજાવી શકે. એમનો પ્રયાસ પણ નકામો જશે.'

રાવણ ઊભો થતાં બોલ્યો : 'પરંતુ એવો પ્રયાસ કરવો જ શા માટે જોઇએ? શું મને મારા હિત–અહિતની અથવા યશ–અપયશની ખબર નથી પડતી? હું કાંઇ નાનો બાળક છું?'

'એ જ મુસીબત છે ને? તમે સાચાને ખોટું અને ખોટાને સાચું સમજો છો.'

પરંતુ રાવણ વધારે વિવાદમાં ઉતરવાને બદલે ત્યાંથી ચાલી નીકળ્યો.

બે દિવસ બાદ રાજસભામાં સૌને એકઠા કરીને એણે આખી ય પરિસ્થિતિની વિચારણા કરી ને સૌની સલાહ માગી.

(ક્રમશઃ)



કેલીફોર્નીયા ગ્રુપ-બહેનોનું



ન્યુજરસી ગ્રુપ



કેનેડા ગ્રુપ



U. S. A. માં વસેલું કપૂરાનું ગ્રુપ

સંગીત મંડળી



સાવિત્રીબેન, ભારતીબેન અને સુશીલાબેન

Regd. No. GBV 113



મંચ ઉપર પૂ. મા પાસે તબલા વગાડતો પાર્થ

પ્રાપ્તિસ્થાન : નારાયણ હ. જાની-તંત્રી, પ્લોટ નં. ૧૬૮૮ બી, સરદારનગર, ભાવનગર-૧